gujaratvandan.com



બોલીવૂડમાં પ્રથમ ફિલ્મ ધોવાઇ જવાથી તૂટી ગઇ હતી એક્ટ્રેસ, ટૉલીવુડથી લઇને બોલીવુડમાં છે ઠાઠ

પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

ગુરૂવાર 13 ઓક્ટોબર 2022

આસો વદ 04, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 23 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


સુવિચાર

સંબંધના પારખાં પાનખરમાં થાય બાકી વરસાદમાં તો દરેક પાન લીલુ જ લાગે..

## લંડનની જેલમાં બંધ ભાગેડું નિરવ મોદીની માનસિક હાલત ઠીક નથી : મનોચિકિત્સકનો દાવો

# 13 હજાર કરોડનો ફાંદો કરનાર નિરવની ધમકી તો હું આત્મહત્યા કરી લઇશ..

### ભારતની જેલમાં સજા ભોગવવાથી બચવા ફરારીના એક પછી એક અવનવા પેંતરા-મારૂ મર્ડર પણ થઈ શકે...!

ગુજરાત | વંદન

ગંભીર ગુનો આચર્યા બાદ કોઇ આરોપી એવી ધમકી આપે કે જો તેને જેલમાં ધકેલાશે તો આત્મહત્યા કરી લઇશ. આ પ્રકારની ધમકી આપનાર આરોપી કોઇ સામાન્ય ટપોરી કે અસામાજિક તત્વ નથી પરંતુ ભારત સરકારની તમામ પ્રાઇમ તપાસ એજન્સીઓ જેને વિદેશથી લાવવા માટે મથી રહી છે. તેવા ભાગેડુઓ પૈકીના એક નિરવ મોદીએ એવી ધમકી આપી છે જો તેને ભારતની જેલમાં રખાશે તો કોઇ તેનું મર્ડર કરી નાખશે. અથવા તેઓ પોતે આત્મહત્યા કરી લેશે...! ભારતની પંજાબ નેશનલ બેંક સાથે 13 હજાર કરોડની ઠગાઇ કરનાર મેહુલ ચોક્સ-નિરવ મોદી પૈકીના એક આરોપીની આવી જાહેરત કે નિવેદનના પગલે વિવાદ સર્જાયો છે. લંડનમાં જેલમાં બંધ નિરવ મોદીના મનોચિકિત્સિકોએ એવો દાવો કર્યો છે કે, નિરવ મોદી માનસિક રીતે ઠીક નથી. તે સતત તનાવમાં રહે છે. તેને ઈલાજની જરૂર છે. અને જો તેને ભારત મોકલવામાં આવે તો તેના દર્દીને એવો ડર છે કે જેલમાં કોઇ તેને મારી નાખશે. અથવા તે પોતે આત્મહત્યા કરી લેશે.


આ નિવેદન કે બચાવના પગલે ભારતના કાયદાકીય નિષ્ણાંતોમાં અને સમાજ ક્ષેત્રે એવી ચર્ચા અને સવાલો થઇ રહ્યા છે. કે શું આવા કોઇ કારણોસર વિદેશથી ભારતના આરોપીને લાવવાનું ટાળી શકાય ? નિરવ મોદીએ સુનિયોજિત આયોજન બદ્ધ રીતે પંજાબ બેંક સાથે ખોટા દસ્તાવેજો આપીને ઠગાઇ કરી હતી. તે અને તેનો ભત્રીજો મેહુલ ચોક્સી ત્યારબાદ વિદેશ ભાગી ગયા હતા. ભારત સરકારે તેમને ભાગેડુ જાહેર કર્યા છે. ભારતમાં તેમની માલ મિલકતો પણ જપ્ત કરી છે. પરંતુ નિરવ મોદી બ્રિટનના કાયદામાં રહેલી તમામ છટકબારીઓનો લાભ કે ગેરલાભ લઈને ભારત આવવાનું ટાળી રહ્યો છે. ભારત સરકારે બ્રિટનની કોર્ટમાં તમામ કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરી છે. અને નિરવ મોદીને ભારત મોકલવો જ પડે તેવા તબક્કે મોદીએ આ નવું તરકટ કે ત્રાગુ કર્યું હોવાનું મનાય છે.


ભાગેડુ નિરવ મોદી હવે ભારત પરત આવવા માગે છે. હાલ તે લંડનની જેલમાં બંધ છે. ત્યારે નિરવ મોદીએ મનોચિકિત્સકોને કહ્યું કે, જે તેને પ્રત્યાર્પણ કરવામાં આવશે તો તે માર્યો જશે અથવા આત્મહત્યા કરી લેશે. ભારતમાં કોઈ પણ રીતે જેલમાં મૃત્યુ પામશે. નિરવ મોદીએ બેંક સાથે કરોડો રુપિયાની છેતરપિંડી કરી હતી અને બાદમાં વિદેશ ભાગી ગયો હતો.

51 વર્ષીય નિરવ મોદી હાલ લંડન હાઈકોર્ટમાં તેને ભારત પ્રત્યાર્પણ કરવાના નીચલી કોર્ટના નિર્ણય સામે લડી રહ્યો છે. વેન્ડસવર્થ જેલમાં તેના મનોચિકિત્સક પ્રોફેસર એન્ડ્રુ ફોરેસ્ટરે કોર્ટને જણાવ્યું હતું કે, તેણે સ્વીકાર કર્યો હતો કે મુંબઈની આર્થર રોડ જેલની બેરેક 12માંથી તમામ લિગ્ચર પોઈન્ટ્સ દૂર કરવામાં આવશે. જ્યાં તેને રાખવામાં આવશે. તેને પાસે એવા કેટલાંક કેસ છે કે જ્યાં કેટલાંક લોકો મૃત્યુ પામ્યા હતા. નિરવ મોદીએ તેના મનોચિકિત્સકોને કહ્યું હતુ કે, તે ...અનુસંધાન પેજ નં. 6 પર


### કાલે ઉઠીને માલ્યા- આતંકી દાઉદ પણ આવી જ દલીલ કરે તો...

એવી પણ ચર્ચા છે કે, જો આવા કારણોસર આરોપીઓને રાહત મળે તો પછી કાયદાનો અમલ કઇ રીતે થઇ શકે ? કાલે ઉઠીને મોસ્ટ વોન્ટેડ આતંકી દાઉદ ઈબ્રાહીમ પણ એવો જ બચાવ કરે કે ભારતની જેલમાં તેને મારી નાખવામાં આવશે. તો શું થશે. એટલું જ નહીં 9 હજાર કરોડની ઠગાઇ કરનાર અને બ્રિટિશ નાગરિક છતાં ભારતમાં રાજ્યસભાના સભ્ય બનનાર વિજય માલ્યા પણ મોદીના પગલે ચાલીને આવી જ દલીલ કરશે તો..?





## બજાર અપડેટ



| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 57,625.91 | 17,123.60 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| પાવર ગ્રીડ | 215.20 |
| બજાજ ઓટો | 3634 |
| કોલ ઇન્ડિયા | 232.10 |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| જયકોર્પ | 194.40 |
| અરવિંદ. | 312.00 |
| રિલાયન્સ ઇન્ફ્રા | 1144.70 |



| સોનું | ચાંદી |
|---|---|
| 52,370 | 58,500 |




## ન્યૂઝ બ્રિફ

### ઈન્ટરપોલનો આતંકી પન્નૂન વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરવાનો ઈનકાર

વિદેશમાં બેઠેલા ખાલિસ્તાની અલગાવવાદી ગુરપતવંત સિંહ પન્નુનના મામલામાં ઈન્ટરપોલે ભારતને ફરી એક વખત ઝટકો આપ્યો છે. ઈન્ટરપોલે તેના સ્થાપક અને ખાલિસ્તાન તરફી સમર્થક ગુરપતવંત સિંહ પન્નુન કેનેડા સ્થિત શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) ના કાનૂની સલાહકાર સામે આતંકવાદના આરોપો પર રેડ કોર્નર નોટિસ જાહેર કરવાની ભારતના બીજા અનુરોધને ફગાવી દીધો છે. એવું કહેવામાં આવ્યું હતું કે, ભારતીય સત્તાવાળાઓ ગુરપતવંત સિંહ પન્નુન સાથે સંબંધિત કેસમાં પૂરતી માહિતી આપી શક્યા નથી. જેના કારણે ઈન્ટરપોલે આતંકવાદી પન્નુન વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરવાનો ઈનકાર કરી દીધો હતો. તમને જણાવી દઈએ કે, SFJ એટલે કે શીખ ફોર જસ્ટિસ એક આતંકવાદી સંગઠન છે અને ભારતમાં પ્રતિબંધિત છે.

### WHOની ચેતવણી બાદ હરિયાણાની કંપની ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો

હરિયાણા સરકારે મેઈડન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના કફ સિરપના ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો છે.



ધ ગામ્બિયામાં 66 બાળકોના મૃત્યુ પછી, WHO એ હરિયાણામાં મેડન ફાર્માસ્યુટિકલ્સના ત્રણ કફ સિરપ સામે તબીબી ચેતવણી જારી કરી હતી. હરિયાણાના સ્વાસ્થ્ય મંત્રી અનિલ વિજે કહ્યું કે રાજ્ય સરકારે કંપનીના કફ સિરપના ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો છે. તેમણે કહ્યું કે WHO દ્વારા ઓળખ કરવામાં આવ્યા બાદ સોનીપતની ફાર્માસ્યુટિકલ કંપનીના ત્રણ કફ સિરપના સેમ્પલ કોલકાતાની સેન્ટ્રલ ડ્રગ લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ આવવાનો બાકી છે, ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવશે.

### 5Gમાં અદાણી ભરી શકશે ઉંચી ઉડાન, મળ્યું ફુલ ટેલિકોમ સર્વિસ લાયસન્સ

ટેલિકોમ ક્ષેત્રે ભારત નવી ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યું છે. ગત સપ્તાહે જ દેશમાં 5જી ટેલિકોમ સર્વિસની શરૂઆત થઈ છે અને આ ક્ષેત્રે અંબાણી vs મિત્તલની સીધી લડાઈ જોવા મળવાની અપેક્ષા હતી એટલેકે જિયો vs એરટેલ. દેશના 2જી ટેલિકોમ ક્ષેત્રે એકહથ્થુ શાસન ધરાવતી વોડાફોન આઈડિયાના આ નવી અપગ્રેડેડ સર્વિસિસમાં પૈસાની તંગીને પગલે સુસ્ત છે. જોકે 5જી સ્પેક્ટ્રમ માટે અદાણીએ પણ અરજી કરી હતી પરંતુ હવે મળતી માહિતી પ્રમાણે અદાણી સમૂહની કંપનીને સંપૂર્ણ લાયસન્સ મળ્યું છે.


### અમેરિકાની પહેલી હિન્દુ સાંસદ તુલસી ગબાર્ડે આપ્યું રાજીનામુ

તુલસી ગબાર્ડે કહ્યું કે દેશમાં લોકોની સ્વતંત્રતાને ઓછી કરવામાં આવી રહીં છે. તેણે કહ્યું કે, તે એવી સરકારમાં



વિશ્વાસ કરે છે જે મૂલ્યોની સાથે ઉભી રહે પરંતુ વર્તમાન સમયમાં ડેમોક્રેટિક પાર્ટીઓ મૂલ્યો સાથે ચાલી રહી નથી. તુલસીને સોશિયલ મીડિયા પર વીડિયો શેર કર્યો છે. તેમા પહેલા તો પાર્ટીમાંથી રાજીનામાની વાત કરે છે બાદમાં તે પાર્ટીના નેતાઓને અપીલ કરતા કહે છે કે મારા જેવા વિચાર વાળા લોકોને ડેમોક્રેટિક પાર્ટી છોડી દેવી જોઈએ.

### વાંકી નજરે....




### પાયલોટનો આબાદ બચાવ : તપાસના આદેશ

## ગોવાના સમુદ્ર કિનારે હવાઈ દળનું મિગ-29 વિમાન દુર્ઘટનાગ્રસ્ત

ગુજરાત | વંદન

ભારતીય હવાઈ દળના એક મિગ-29 કે લડાયક વિમાન ગોવાના તટ પર તૂટી પડ્યું હતું. જો કે વિમાનના પાયલોટ સમયસર ઈન્જેક્ટ થઈ ગયા હતા અને તેના કારણે તેમનો બચાવ થયો હતો. આ મિગ-29 વિમાન તેની નિયમિત ઉડાન પર હતું તે સમયે અચાનક જ તે હવામાં ગડથોલીયા ખાવા લાગ્યું હતું. પાયલોટે વિમાનને સંભાળવા કોશિષ કરી હતી પરંતુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થશે તે નિશ્ચિત જણાતા ઈન્જેક્ટ કરી લીધું હતું તે પેરાશૂટ મારફત સલામત રીતે ઉતરી ગયા હતા. બાદમાં મિગ-29 દરિયાઈ તટ પર સળગતી હાલતમાં તૂટી ...અનુસંધાન પેજ નં. 6 પર




### હળવાથી મધ્યમ તેમજ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના

## ઉત્તરાખંડમાં હિમવર્ષા, જોશીમઠમાં હિમસ્ખલનનો ખતરો, એલર્ટ જાહેર

ગુજરાત | વંદન

ઉત્તરાખંડમાં વાતાવરણ હાલ બદલાયેલુ છે. બરફની ચાદર છવાયેલી છે. હેમકુંડના કપાટ શીતકાળ માટે બંધ કરાયા છે. જોશીમઠ જિલ્લા હેઠળના 3,000 મીટરની ઉંચાઈવાળા વિસ્તારોમાં આગામી 24 કલાકમાં હિમપ્રપાતની સંભાવના છે. આ માહિતી આપતાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. અભિષેક ત્રિપાઠીએ તમામ SDMને આવા વિસ્તારોમાં હિલચાલ પર પ્રતિબંધ મૂકવાનો



નિર્દેશ આપ્યો છે. આ પહેલા 4 ઓક્ટોબરે ઉત્તરકાશીમાં 29 પર્વતારોહકો 17 હજાર ફૂટની ઊંચાઈએ આવેલા દ્રૌપદી કા દાંડા II શિખર પર ચડાઈ કરીને પરત ફરતી વખતે હિમપ્રપાતનો ભોગ બન્યા હતા. તેમાંથી 27 પર્વતારોહકોના મૃતદેહ મળી આવ્યા છે.

હવામાન કેન્દ્ર દહેરાદૂન અનુસાર, ઉત્તરાખંડના જિલ્લાઓમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. બીજી તરફ, રાજ્યના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ...અનુસંધાન પેજ નં. 6 પર

## કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ 16મીથી ગુજરાતની મુલાકાતે, ગમે ત્યારે ચૂંટણીઓની જાહેરાત

ગુજરાત | વંદન

ગુજરાતમાં ધારાસભા ચૂંટણીની જાહેરાત હવે નજીક આવી રહી છે. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાજયમાં સતાવાર કાર્યક્રમો પણ હવે અંતિમ તબકકામાં છે તે વચ્ચે તા.16ના રોજ ફરી એક વખત ચૂંટણી પંચની ટીમ તા.16થી ગુજરાતની મુલાકાતે આવશે અને તા.21 સુધી ચૂંટણીપંચની ટીમ રાજયના વિવિધ જીલ્લાઓની મુલાકાત લેશે.

આ ટીમ ચૂંટણીપંચના નવા નિયુક્ત નાયબ ચૂંટણી કમિશ્નર શ્રી અજય ભાદુના નેતૃત્વ હેઠળ આવશે તેવા સંકેત છે. ગુજરાત આઈએએસ કેડરના શ્રી ભાદુની હાલમાં જ નાયબ ચૂંટણી કમિશ્નર તરીકે નિયુક્તિ થઈ છે અને તેઓ આગામી દિવસમાં ગુજરાતની




ચૂંટણી તૈયારીની સમીક્ષા કરીને આખરી રિપોર્ટ ચૂંટણીપંચને આપશે.

ગુજરાતમાં મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ તા.10ના રોજ થઈ ગઈ છે અને હવે વડાપ્રધાન શ્રી મોદી તા.19-20 ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે તથા તે બાદ ચૂંટણીપંચ ગમે તે સમયે ચૂંટણીની જાહેરાત કરશે. તા.22ના રોજ અમદાવાદમાં ...અનુસંધાન પેજ નં. 6 પર

## ધરતીને બચાવવામાં સફળ થયું NASAનું ડાર્ટ મિશન

■ એસ્ટરોઈડને ટક્કર મારી બદલી નાખી દિશા

ગુજરાત | વંદન

અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાએ વધુ એક સફળતા હાંસલ કરી લીધી છે. તેના દ્વારા થોડાક દિવસ પહેલા ડબલ એસ્ટેરોઈડ રીડાયરેક્શન ટેસ્ટ (Double Asteroid Redirection Test - DART) મિશનના સ્પેસક્રાફ્ટને ડિડિમોસ એસ્ટેરોઈડની ચારે તરફ ફરી રહેલા નાના એસ્ટેરોઈડ ડાઈમૉરફોસ (Dimorphos) સાથે ટકરાવવામાં આવ્યું હતું. હવે નાસાએ એક નિવેદનમાં કહ્યું છે



કે, તે ટક્કરના કારણે એસ્ટરોઈડને બીજી દિશામાં ધકેલી દેવામાં આવ્યો છે.

જારી કરાયેલા એક નિવેદનમાં નાસાએ કહ્યું છે કે, ડાર્ટ તરફથી સફળતાપૂર્વક એસ્ટેરોઈડના ટ્રેજેક્ટ્રીને સફળતાપૂર્વક બદલવામાં આવ્યો છે. હવે તે બીજી ભ્રમણકક્ષા તરફ આગળ વધ્યો છે. આ નાસાનું મહત્વાકાંક્ષી મિશન હતું, જેને તેઓ માનવતા માટે એક ઐતિહાસિક ક્ષણ કહી રહ્યા છે. જાણકારી માટે તમને જણાવી દઈએ કે DART મિશન સ્પેસક્રાફ્ટની લંબાઈ 19 મીટર હતી.

એટલે એક સામાન્ય બસ કરતા પાંચ મીટર વધારે. જ્યારે સ્પેસક્રાફ્ટ જે નાના એસ્ટેરોઈડ ડાઈમૉરફોસ (Dimorphos) સાથે ટકરાયું છે, તે સ્ટેચ્યૂ ઑફ લિબર્ટીથી લગભગ બેગણું મોટું છે. સ્ટેચ્યૂ ઑફ લિબર્ટીની લંબાઈ 93 મીટર છે. જ્યારે ડાઈમૉરફોસ 163 મીટર છે. એટલે દોઢ ફુટબૉલ મેદાનની લંબાઈના બરાબર.

અહીંથી એ સમજવું પણ જરૂરી છે કે જે એસ્ટેરૉઈડ વિરૂદ્ધ આ એક્શન લેવામાં આવી, અસલમાં ધરતીને તેનાથી કોઈ જોખમ નહોતું. નાસાને આ વાત ...અનુસંધાન પેજ નં. 6 પર

## અમદાવાદના કલેક્ટર તરીકે ધવલ પટેલ, એમ.થેન્નારસેન એએમસીના કમિશનર

■ ચૂંટણી પહેલા અધિકારીઓની બદલી, ગાંધીનગરના કલેક્ટર તરીકે પ્રવીણા ડિ.કે.ની નિમણૂક

ગુજરાત | વંદન

રાજ્યના 23 જેટલા IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે એમ. થેન્નારેસન મૂકવામાં આવ્યા છે. જ્યારે અમદાવાદ કલેક્ટર તરીકે ધવલ પટેલની નિમણૂક કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનર આર. એ. મેરજાને ભાવનગર કલેકટર તરીકે મુકવામા આવ્યા છે.

રાહુલ ગુપ્તાને જીઆઈડીસીના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટરનો વધારાનો ચાર્જ સોંપાયો છે. ત્યારે ડી.એસ ગઢવીની આણંદના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમજ ધર્મેન્દ્રસિંહ જાડેજાની ડાંગ આહવાના કરલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત જી.ટી પંડ્યાની મોરબીના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. બી.આર દવેની તાપી વ્યારાના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે બી.કે પંડ્યાની મહિસાગર-લુણાવાડાના કેલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. પ્રવીણા ડિ.કે. ગાંધીનગરના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## સ્ટારલિંક થકી જિયો અને એરટેલને આપી શકે છે ટક્કર

■ ઈલોન મસ્કની ભારતના ટેલિકોમ ક્ષેત્રમાં પ્રવેશ કરવાની તૈયારી

ગુજરાત | વંદન

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને પીઢ ઉદ્યોગપતિ ઈલોન મસ્કએ ટૂંક સમયમાં ભારતના ટેલિકોમ ક્ષેત્રમાં પ્રવેશ કરી શકે છે. આ માટે તેમની કંપની સ્ટારલિંક બ્રાન્ડ ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની પરવાનગી માંગી શકે છે. જો કંપનીને આ પરવાનગી મળી જાય તો ભારતના ટેલિકોમ સેક્ટરમાં મોટો બદલાવ આવી શકે છે. એક મીડિયા પ્રકાશિત અહેવાલ મુજબ, સ્ટારલિંક ભારતીય બજારમાં એક્સેસ અને લેન્ડિંગ રાઈટ્સ માટે મંજૂરી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે, કંપની આ મામલે ભારતના ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT)ના સંપર્કમાં છે. જો કે, કંપની અને ટેલિકોમ્યુનિકેશન વિભાગે આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઈલોન




મસ્કની કંપની ગ્લોબલ મોબાઈલ પર્સનલ કોમ્યુનિકેશન્સ બાય સેટેલાઈટ (GMPCS)ના લાઈસન્સ માટે ખૂબ જ જલ્દી અરજી કરી શકે છે. તે જ સમયે, મુકેશ અંબાણીની રિલાયન્સ જિયો અને ભારતી ગ્રૂપની માલિકીની વનવેબની માલિકીની કંપનીઓએ ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ માટે અરજી કરી છે. આવી સ્થિતિમાં જો સ્ટારલિંકને દેશમાં કામ કરવાની પરવાનગી મળે છે, તો સ્ટારલિંક અને રિલાયન્સ જિયો વચ્ચે આકરી સ્પર્ધા થવાની સંભાવના છે. ઈલોન મસ્ક સ્ટારલિંક સ્ટારલિંકની સેવાઓના વેબને વિશ્વભરમાં ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે.

## દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતિ માલીવાલને મળી રહી છે રેપની ધમકી

■ બે અલગ-અલગ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા ધમકી આપવામાં આવી

ગુજરાત | વંદન

દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતિ માલીવાલને ઈન્સ્ટાગ્રામ પર રેપની ધમકી મળી રહી છે. માલીવાલને બે અલગ-અલગ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા ધમકી આપવામાં આવી છે. બંને યુઝર્સે તેમની વિરુદ્ધ અશ્લીલ શબ્દોનો ઉપયોગ કર્યો હતો અને રેપની ધમકી આપી હતી.

આ પછી સ્વાતિ માલીવાલે આ મામલાની ફરિયાદ દિલ્હી પોલીસને કરી છે અને આ મામલામાં સામેલ લોકો વિરુદ્ધ કેસ નોંધવાની માંગ કરી છે.

સ્વાતિ માલીવાલે ખુદ ટ્વીટ કરીને આ ઘટનાની જાણકારી



આપી છે. આટલું જ નહી સ્વાતિ માલીવાલે ટ્વીટ કરીને આ બંને ધમકીભર્યા મેસેજનો સ્ક્રીનશોટ ટ્વીટ કરતાં લખ્યું કે, “જ્યારથી મેં સાજિદખાનને બિગ બોસમાંથી બહાર કરવા માટે I&B મંત્રીને પત્ર લખ્યો છે, ત્યારથી મને Instagram પર રેપની ધમકી આપવામાં આવી રહી છે. દેખીતી રીતે તેઓ અમારું કામ રોકવા માગે છે. હું દિલ્હી પોલીસને આ બાબતે ફરિયાદ કરી રહી છું. આ ઘટનાની FIR નોંધો અને આ કરનાર પાછળ જેનો પણ હાથ છે તેની ધરપકડ કરો.

2022 ગુજરાતElection
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



ડબલ એન્જિનમાંથી એક એન્જિન રહેશે કે ડબલ જ રહેશે..? પ્રિયંકાની સામે પ્રચારમાં સ્મૃતિ અને નિર્મલા મેદાનમાં..?

# ગુજરાત ચૂંટણીની A B C
## આપ બીજેપી કોંગ્રેસ

ક્યાંક એવુ તો નથી ને કે જેમણે દિલ્હીના રામલીલા મેદાનમાં અન્નાને આગળ કરી કોંગ્રેસની યુપીએ સરકારને ઘેરવા દેશભરમાંથી જન સૈલાબ મોકલ્યો એ જ હવે ગુજરાતમાં કેજરીવાલની જન સભામાં જન સૈલાબ ઉતારે છે...?

**અદભૂત..અદભૂત...અનોખી અને અદ્વિતિય...ન ભૂતો ન ભવિષ્યતિ..** ગુજરાતમાં આ વખતે 2022ની વિધાનસભા ચૂંટણીઓમાં અમદાવાદથી એક હજાર કિ.મી. દૂરની પાર્ટી આમ આદમી પાર્ટી અને અન્નાના આજ્ઞાંકિત અનુયાયી અરવિંદ કેજરીવાલે પ્રચારની જે શરૂઆત કરી છે અને દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપ સામે બાથ ભીડી છે તે જોઈને રાજકિય અભ્યાસુઓ દંગ રહી ગયા છે. આટલી હિંમત કે ભાજપના ઈશારે હિન્દુ હિત રક્ષક સમિતિના નામે લગાવાયેલા કેજરીવાલના હિન્દુ વિરોધી-મુસ્લિમ ટોપીવાળા પોસ્ટરો-બેનરો ધોળા દિવસે વટ કે સાથ ફાડીને ભુક્કો કરી નાંખે અને તેને રોકવા માટે ભાજપના કોઇ કાર્યકરો નહીં...કોઇ પોલીસ નહીં...!

# 'શ્રી કૃષ્ણ' કેજરીવાલને કાનૂની દાવપેચમાં ઉલઝાવીને ગુજરાત આવતા અટકાવાશે....?

ગુજરાત | વંદન

2017માં ભાજપની સામે માત્ર કોંગ્રેસ જ હતી. કેજરીવાલે નામ પૂરતા છૂટાછવાયા વરસાદની જે ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને તમામની ડિપોઝીટ જપ્ત થઇ ગઇ હતી. આ વખતે કેજરીવાલની ગુજરાતના ચૂંટણી સંગ્રામમાં એન્ટ્રી સિકંદરની જેમ થઇ હોય તેમ ભાજપને ખુલ્લી જીપમાં "કંસ કી ઔલાદ....રાક્ષસ કી ઔલાદ..." ગણાવીને "હું શ્રી કૃષ્ણ અને એ કંસ કી ઔલાદોનો સર્વનાશ કરીશ...." એમ ભાજપની સામે વટ કે સાથ બોલે છતાં ભાજપવાળાને જાણે કે કેજરીવાલ બી ટીમ છે કે ખરેખર કોંગ્રેસની બી ટીમ છે એ સમજાતુ ના હોય તેમ કેસરીલાલ કેજરીવાલના શાબ્દિક હુમલા સામે અવાક થઇ ગયા છે...!?

રાજકીય અભ્યાસુઓ કહે છે કે અભી તો કેજરીવાલ કી પાર્ટી શુરૂ હુઈ હૈ...અને રાજકીય ધમાસાણ મચી ગયું છે. કેજરીવાલની જનસભામાં સૈલાબની તસ્વીરો ઘણાંને 2012ના રામલીલા મેદાનના અન્ના આંદોલનમાં ચાર ભૂજા ચાર દિશાની જેમ ચારે બાજુથી ઉમટતા જન સૈલાબની યાદ અપાવીને એ વુ વિચારતા કરી રહી છે ક્યાંક એવુ તો નથી ને કે જેમણે દિલ્હીના રામલીલા મેદાનમાં અન્નાને આગળ કરી કોંગ્રેસની યુપીએ સરકારને ઘેરવા દેશભરમાંથી જન સૈલાબ મોકલ્યો એ જ હવે ગુજરાતમાં કેજરીવાલની જન સભામાં જન સૈલાબ ઉતારે છે...?

## જે પોતે ગુજરાતના નથી એવા કેજરીવાલ માટે ગુજરાતના લોકોનો આ પ્રચંડ પ્રેમ અને સુનામીરૂપી સ્નેહ કેમ ઉમટી રહ્યું છે..?






### 2017ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં નોંધાયેલા મતદારો

| મતદાર | સમૂહ સંખ્યા |
|---|---|
| પુરુષ મતદાર | 2,25,57,032 |
| સ્ત્રી મતદાર | 2,07,57,032 |
| નાન્યતર | 169 |
| કુલ મતદારો | 4,33,11,321 |

**બે તબક્કામાં થયું હતું મતદાન**

2017માં ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કાઓમાં ૯ ડિસેમ્બર અને ૧૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ યોજી હતી.

ગુજરાતમાં ત્રીજો પક્ષ ફાવતો નથી એ સર્વવિદિત છે. ગુજરાતના ભલભલા નેતાઓ ત્રીજા પક્ષનો મોરચો બનાવવામાં નિષ્ફળ અને નિષ્ફળ રહ્યાં તો પછી જે પોતે ગુજરાતના નથી એવા કેજરીવાલ માટે ગુજરાતના લોકોનો આ પ્રચંડ પ્રેમ અને સુનામીરૂપી સ્નેહ કેમ ઉમટી રહ્યું છે..? 7 ઓક્ટોબર,2001થી કોંગ્રેસના કોઇ નેતાની આટલી હિંમત થઇ નથી એટલી હિંમતથી કેજરીવાલ અને તેની ટીમ વડાપ્રધાન મોદી અને ભાજપના ચાણક્ય અમિતભાઇ શાહની સામે ઘૂરકિયા કરવાની જે હિંમત અને તાકાત બતાવી રહ્યાં છે તે નવાઇ એટલા માટે પમાડે છે આટઆટલુ છતાં વડાપ્રધાન મોદી દ્વારા આમ આદમી પાર્ટીનો "અ" કે કેજરીવાલનો "ક" પણ ઉચ્ચારાતો નથી...!

ભલભલા રાજકીય નિરીક્ષકો ગોટે ચઢીને માથુ ખંજવાળી રહ્યાં છે કે, જાહેરસભામાં કોંગ્રેસને વગર સાબુએ ધોઇ નાંખનાર મોદી અને અમિત શાહની ધરતી પર કેજરીવાલ આટલો જોરદાર મુકાબલો કરી રહ્યાં છે તો તેની પાછળ મા ભારતીનું કોઇ સંગઠનનું બળ છે કે પછી રાહુલની કોઇ સોગઠી તો નથી ને...?!

2001માં આપણું ગુજરાત આગવુ ગુજરાત....2022માં ડબલ એન્જિનની સરકાર...! ચાલુ માસની 20 તારીખની આસપાસ વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થાય તેમ મનાય છે. તે પછી કેવો જોરદાર ત્રિપાંખિયો મુકાબલો હશે તેની તો કલપના કરવી રહી કેમ કે કોંગ્રેસનો મોરચો યુપીની જેમ પ્રિંયકા ગાંધી વાડરા સંભાળવાની છે. આપમાંથી કેબીની જોડીઃકેજરીવાલ-ભગવંત માન) અને ભાજપમાંથી ખુદ પીએમ મોદીજી.. અમિતજી...અને કેન્દ્રીય મંત્રીઓની આખી ફૌજ ગુજરાતની રણભૂમિમાં ઉતરશે ત્યારે માહૌલ કેવો હશે..?! ડબલ એન્જિનમાંથી એક એન્જિન રહેશે કે ડબલ જ રહેશે..? કેજરીવાલને કાનૂની દાવપેચમાં ઉલઝાવીને ગુજરાત આવતા અટકાવાશે....? પ્રિયંકાની સામે સ્મૃતિ ઈરાની અને નિર્મલા સીતારામનને મેદાનમાં ઉતારાશે..? આ સવાલોના જવાબો આપશે ગુજરાતની રણભૂમિ... 2017ની ગુજરાત વિધાનસભા ચૂંટણીઓના પરિણામોની સાથે વર્તમાન ચૂંટણી ચિત્ર પર એક નજર...



## ઈલેક્શન બીટ

### વિધાનસભા: '2017માં પાટીદાર આંદોલનની થઈ હતી અસર'

વર્ષ 2017ની વિધાનસભાની ચૂંટણીમાં (Gujarat elections) પાટીદાર અનામત આંદોલનની અસર વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળી હતી, ત્યારે પણ ભાજપને જીતવા માટે મુશ્કેલી પડી હતી. જ્યારે હમણાં ગઈકાલે જ ગુજરાત વિધાનસભા ચૂંટણી અંતર્ગત ભાજપના પ્રભારી રત્નાકરજી પાટીદાર સમાજના એજ્યુકેશન સંસ્થાની મુલાકાત લીધી હતી. જ્યારે ચૂંટણીમાં 120 બેઠક પર પાટીદાર સમાજ મહત્વનો ભાગ ભજવી શકે છે. પાટીદાર સમાજ સાથે અનેક એવા સમાજો જોડાયા છે. તેની અસર ચૂંટણીમાં પડી શકે છે.

### પાટીદારોનું વોટ શેરીંગ 44% છે

ગુજરાતના રાજકારણમાં પાટીદાર સમાજની મહત્વની ભૂમિકા રહી છે અને તેમનું અત્યાર સુધી વર્ચસ્વ રહ્યું છે. પાટીદારોનો 44 ટકા વૉટ શેર છે, આથી પાટીદારોને તમામ પક્ષના નેતાઓ વધુ મહત્વ આપે છે. તાજેતરમાં કડવા પટેલ અને લેઉઆ પટેલ એક થયા છે અને પાટીદાર સમાજ માટે વિચારવાનો સમય છે, તેવા નિવેદનો સામે આવ્યાં હતાં. તાજેતરમાં કેન્દ્રમાં મોદી સરકારે પાટીદાર નેતાઓ રૂપાલા અને માંડવિયાને આગળ કરીને પ્રમોશન આપ્યું હતું, તેમને કેબિનેટ લેવલના પ્રધાનો બનાવ્યાં, જેથી કરીને પાટીદારોને રીઝવવાનો એક પ્રયાસ થયો તેમ મનાય છે. આ વાત મનસુખ માંડવિયાએ સૌરાષ્ટ્રમાં એક સભામાં કરી પણ હતી.

### નરેશ પટેલ ફેક્ટર અસર કરશે?

નરેશ પટેલનું સૌરાષ્ટ્રમાં વર્ચસ્વ તાજેતરમાં ખોડલધામના વડા નરેશ પટેલે રાજકારણમાં જોડાવાની માત્ર વાત જ કરી હતી, ત્યાં તો ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ નરેશ પટેલને રૂબરૂમાં મળીને તેમની પાર્ટીમાં જોડાવા માટે આમંત્રણ આપી આવ્યા હતા. કારણ કે, પટેલ લીડરશીપની દરેક પક્ષને જરૂર છે. નરેશ પટેલ એમ કહે કે, ફલાણા પક્ષને મત આપવાનો છે. તો પાટીદારોનો સમૂહ તે જ પક્ષને મત આપે તેવી એકતા અને વિશ્વાસ છે. સૌરાષ્ટ્રમાં નરેશ પટેલનું ખૂબ મોટુ વર્ચસ્વ છે

### પાટીદારોનું પ્રભુત્વ ધરાવતી બેઠકો

માણાવદરમાં 69,337 મતદારો, જુનાગઢમાં 61,446 મતદારો, વિસાવદરમાં 1,06,126 મતદારો, કેશોદમાં 57,647 મતદારો, ધારીમાં 58,195 મતદારો, અમરેલીમાં 75,871 મતદારો, લાઠીમાં 46,240 મતદારો, સાવરકુંડલામાં 54,470 મતદારો, જેતપુરમાં 1,20,512 મતદારો, ધોરાજીમાં 74,726 મતદારો, કાલાવડમાં 55,008 મતદારો, જામનગર ગ્રામ્યમાં 40,292 મતદારો, સયાજીગંજમાં 47,929 મતદારો, બોટાદમાં 40,088 મતદારો, ઓલપાડમાં 39,245 મતદારો, કામરેજમાં 40,043 મતદારો, સુરત નોર્થમાં 81,631 મતદારો, વરાછામાં 1,28,323 મતદારો, કરજણમાં 81,239 મતદારો, મજુરામાં 61,321 મતદારો, કતારગામમાં 1,01,541 મતદારો અને લુણાવાડામાં 49,204 મતદારો છે. ડભોઈમાં 43,968 પાટીદાર મતદાતા છે. તેવી જ રીતે આણંદમાં 35,528 પાટીદાર મતદાર પેટલાદમાં 38,782, તાલાલામાં 32,000 મતદાર, બાપુનગરમાં 31,783, ગાંધીનગર નોર્થમાં 33,890, પાટણમાં 37,240, સુરત ઈસ્ટમાં 37,120, ગારીયાધારમાં 41,075 અને ગઢડામાં 45,801 પાટીદાર મતદારો છે, જે આ 10 બેઠક પર નિર્ણાયક ભૂમિકા ભજવે છે. અને આ મતદારો જે રાજકીય પક્ષ તરફી ઢળે તેને જીતાડી શકે છે.

### 2022ની ચૂંટણીમાં ભુપેન્દ્ર પટેલ જ મુખ્યમંત્રીપદનો ચહેરો

વર્ષ 2022ની વિધાનસભાની ચૂંટણીમાં વર્તમાન ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ જે મુખ્યપ્રધાન તરીકેના ચહેરા સાથેની ચૂંટણી લડવામાં આવશે. જ્યારે ગુજરાતમાં યોજાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તમામ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભુપેન્દ્ર પટેલના નામનો જ ઉલ્લેખ કરવામાં આવે છે. ભાજપ પક્ષે આડકતરી રીતે અનેક વખત સાંકેતિક ઈશારા પણ આપી દીધા છે, જેમાં 2022ની ચૂંટણી બાદ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે ભૂપેન્દ્ર પટેલ જ રહેશે. ઉલ્લેખનીય છે કે, ભૂપેન્દ્ર પટેલ એકદમ સાફ ચહેરો અને કોઈપણ પ્રકારના નેગેટિવ ઈમેજ ધરાવતા નથી. સાથે જ પાટીદાર ચહેરો હોવાના કારણે વધુમાં વધુ પાટીદાર સમાજના મત ખેંચી શકાય તે રીતનું આયોજન ભાજપનું છે.

### 2017નીચૂંટણી પહેલાના તારણો

| તારીખ | એજન્સી | કુલ બેઠકો | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|---|
| 31 ઓગસ્ટ 2017 | ABP ન્યૂઝ (લોકનિતિ CSDS) તારણ | 182 | 144-152 | 26-320 | |
| 14 ઓક્ટોબર 2017 | ઇન્ડિયા-ટુડે (Axis) તારણ | 182 | 120-135 | 55-700 | 3 |
| 25 ઓક્ટોબર 2017 | ટાઇમ્સ નાઉ (VMR) તારણ | 182 | 118-134 | 49-610 | 2 |
| 31 ઓગસ્ટ 2017 | ABP ન્યૂઝ (લોકનિતિ CSDS) તારણ | 100% | 59% | 29% | 12% |
| 24 ઓક્ટોબર 2017 | ઇન્ડિયા-ટુડે (Axis) તારણ | 100% | 48% | 38% | 12-14% |
| 25 ઓક્ટોબર 2017 | ટાઇમ્સ નાઉ (VMR) તારણ | 100% | 52% | 37% | 11% |

### ડબલ એન્જિનની સરકાર...

છેલ્લી પાંચ ટર્મથી ગુજરાતમાં ભાજપની જ સરકાર રચાઈ રહી છે. નરેન્દ્ર મોદી 2001માં ગુજરાતના મુખ્ય મંત્રી બન્યા હતા. પ્રદેશ ભાજપે ચૂંટણીની જાહેરાત અગાઉ જ હાલ 20 વર્ષનો વિશ્વાસ, 20 વર્ષનો વિકાસના સૂત્ર સાથે વંદે ગુજરાત...ડબલ એન્જિનની સરકારની ઝુંબેશ ચલાવી છે.



### 5 પાટીદાર સીએમ બન્યા છે, તેમાં ત્રણ બબ્બેવાર મુખ્યમંત્રી રહ્યાં

પાટીદારો રાજકારણમાં વધુ રસ દાખવી રહ્યા છે, અને સૌથી વધુ નેતાઓ પાટીદાર રહ્યા છે અને મુખ્યપ્રધાન પદ સુધી પણ પહોંચ્યા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ 17 મુખ્યપ્રધાન બન્યા છે, તેમાં (1) ચીમનભાઈ પટેલ, (2) બાબુભાઈ જસભાઈ પટેલ (3) કેશુભાઈ પટેલ (4) આનંદીબહેન પટેલ (5) ભૂપેન્દ્ર પટેલ. આમ પાંચ પાટીદારો મુખ્યપ્રધાન પદ સુધી પહોંચ્યા હતા. તેમાં ચાર મુખ્યપ્રધાન લેઉઆ પટેલ છે, અને ભૂપેન્દ્ર પટેલ કડવા પટેલ છે. તેમાં બાબુભાઈ જસભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ બબ્બેવાર મુખ્યપ્રધાન બન્યા હતા.

### 11 સપ્ટે.ના દિવસે મોદીએ પાટીદાર સમાજની પ્રશંસા કરી હતી

11 સપ્ટેમ્બરના ગુજરાતની મુલાકાત વખતે વડાપ્રધાન મોદીએ પાટીદાર સમાજની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ પાટીદાર સમાજ માટે કહ્યું હતું કે, પાટીદાર સમાજ જ્યાં પણ જાય છે ત્યાં વેપારને નવી ઓળખ મળે છે. તમારો આ હુન્નર ગુજરાત નહી, દેશમાં નહી પણ પુરી દુનિયામાં ઓળખાઈ રહ્યો છે. પાટીદાર સમાજની બીજી સારી ખૂબી છે કે તે જ્યાં પણ જાય અને જ્યાં રહે છે ત્યાં ભારતનું હિત સર્વોપરી રહે છે. વડાપ્રધાન મોદીના આ શબ્દો પાટીદાર સમાજની એકતા માટે ખૂબ જ મહત્વના છે. વિધાનસભા ચૂંટણી માથે ઊભી છે. ત્યારે પાટીદાર સમાજના કાર્યક્રમમાં ભાજપ સરકાર હાજર હતી. એટલે કે હવે પાટીદારોને પડખે લેવા માટે ભાજપ એકપણ તક જતી કરવા માંગતું નથી.

### ભાજપની બેઠકો ઉત્તરોતર ઘટતી રહી

નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી જેટલી પણ ચૂંટણી રાજ્યમાં યોજાઈ તેમાં ભાજપનો વિજય થયો છે. જોકે, ભાજપની બેઠકો ઉત્તરોતર ઘટતી રહી છે. જેમકે, 2002ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને 127 બેઠકો મળી હતી. 2007માં 117, 2012માં 115 અને 2017માં 99 બેઠક મળી હતી. વિજય તો મળ્યો છે પણ બેઠકો ઘટી રહી છે

### ચૂંટણી પ્રક્રિયામાં ફેરફાર કરાયા

2017માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ VVPAT (Voter-verified paper audit trail) લગાવેલા EVM વડે રાજ્યમાં ૫૦,૧૨૮ મતદાન મથકો પર યોજાઇ હતી. સમગ્ર રાજ્યમાં VVPATનો ઉપયોગ પ્રથમ વખત થયો હતો. 2017માં ગુજરાતમાં ૪ કરોડ ૩૩ લાખ મતદારો ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭ મુજબ નોંધાયેલા હતા.

### 2017માં કોને કેટલા ટકા મતો મળ્યા...

- છેલ્લી ચાર વિધાનસભા ચૂંટણીના ટ્રેન્ડ પર નજર કરીએ તો ભાજપને જનતાનું સમર્થન મળી રહ્યું છે, જો કે ગુજરાત વિધાનસભા ચૂંટણી- 2017માં કોંગ્રેસની વોટ ટકાવારીમાં માત્ર નજીવો પણ વધારો થયો હતો.
- 2012ની વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે 47.9 ટકા મતો મેળવ્યા હતા અને તેની સંખ્યા 115 પર પહોંચી હતી. જોકે, 2017ની ચૂંટણીમાં ભાજપની વોટ ટકાવારી ઘટી અને સીટો ઘટીને 99 થઈ ગઈ.
- 2012ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં, કોંગ્રેસે 38.9 ટકા મત મેળવ્યા હતા અને કુલ 61 બેઠકો જીતી હતી. જ્યારે 2017માં કોંગ્રેસની વોટ ટકાવારીમાં વધારો થતાં તેમની બેઠકોની સંખ્યા 77 થઈ ગઈ હતી.

### 2017માં ભાજપે સતત છઠ્ઠી વખત સરકાર બનાવી

- ગુજરાતમાં ભાજપને સૌથી પહેલાં 1995માં સંપૂર્ણ બહુમતિ સાથે સત્તા મળી હતી, પરંતુ 2001માં કેશુભાઈ પટેલના રાજીનામા બાદ નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપની જંગી જીતની પ્રક્રિયા શરૂ થઈ હતી. ત્યારથી તેઓ સત્તામાં રહ્યા અને 2014માં વડાપ્રધાન બન્યા પહેલા મોદી 12 વર્ષ સુધી ગુજરાતના સીએમપદે રહ્યાં હતા.
- સને 2002, 2007, અને 2012ની ચૂંટણીઓમાં નરેન્દ્ર મોદીએ પ્રચંડ બહુમતી સાથે સરકાર બનાવી હતી. 2017માં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર બની હતી. પરંતુ બેઠકો ઘટી ગઈ હતી. નરેન્દ્ર મોદીએ રાજ્ય છોડ્યા પછી વોટ શેર ચોક્કસપણે નીચે આવ્યો હોવા છતાં, નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગુજરાતની ચૂંટણીમાં મહત્વપૂર્ણ પરિબળો રહ્યાં છે.

### ૨૦૧૭ ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો...

- ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને 182માંથી માત્ર 99 બેઠકો મળી હતી. જે 2012 કરતાં 16 બેઠકો ઓછી હતી. એક રીતે જોતાં ભાજપને 16 બેઠકોનું નુકશાન પહોંચ્યું હતું.
- જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (કોંગ્રેસ)ને 77 બેઠકો મળી હતી જે 2012 કરતાં 16 બેઠકો વધારે મળી હતી. એમ કહી શકાય કે કોંગ્રેસને 16 બેઠકોનો ફાયદો થયો હતો.
- છોટુ વસાવાની ભારતીય ટ્રાયબલ પાર્ટી (BTP) ને 2 બેઠકો મળી હતી. ગઈ વખત કરતાં એક બેઠક વધારે મળી.
- શરદ પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP) ને એક જ બેઠક મળી હતી. અને એક બેઠકનું નુકશાન થયું હતું. કાંધલ જાડેજા આ વખતે ફરી જીત્યા હતા.
- અપક્ષોને 3 બેઠકો મળી હતી

### નોટાને પાંચ લાખ વોટ મળ્યા હતા

મતગણતરી ૧૮ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી. કુલ મતોના ૧.૯% મતોએ 'ઉપરમાંથી કોઇ નહી' (નોટા- None of the Above) વિકલ્પ પસંદ કર્યો હતો, જેની સંખ્યા ૫ લાખથી વધુ હતી.



### 2002થી કોંગ્રેસની બેઠકોમાં સતત વધારો

- 2017માં કોંગ્રેસે 77 બેઠકો મેળવીને ભાજપને હંફાવી દીધો હતો. 2002થી કોંગ્રેસની બેઠકો વિધાનસભા ચૂંટણીમાં વધી છે. જેમકે, 2002માં 51, 2007માં 59, 2012માં 61 અને 2017માં 77 બેઠકો પર કોંગ્રેસનો વિજય થયો હતો. આમ છતાં રાજકીય વિશ્લેષકો માને છે કે કોંગ્રેસ માટે 2022ની ચૂંટણીમાં વિજય મેળવવો એ 2017 કરતાં પણ આકરો રહેશે. જેનું મુખ્ય પરિબળ 'આપ' રહેશે.
- 2017માં રાહુલ ગાંધીએ ગુજરાતમાં ધામા નાંખીને પ્રચાર કર્યો હતો. તેનો પણ ફાયદો મળ્યો હતો. પૂર્વ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીથી લઈને હાલના પ્રમુખ જગદીશ ઠાકોરે એવું મીડિયા સમક્ષ જણાવ્યું પણ છે કે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી ગુજરાતમાં વ્યાપક પ્રચાર કરશે. 2017માં ભલે સરકાર ન બની છતાં ગત ચૂંટણી વખતે કોંગ્રેસને જે 77 બેઠકો મળી હતી એને પાર્ટીએ મોરલ વિક્ટરી કહી હતી.

### આપની એન્ટ્રીથી 2022માં ત્રિપાંખિયો જંગ



ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022માં ભાજપ, કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટી પણ ચૂંટણી લડી રહી છે. ભાજપને હરાવવા માટે AAPના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ ગુજરાતની મુલાકાતે સતત આવી રહ્યા છે. તેઓ રાજ્યમાં પરિવર્તનની વાત કરે છે. સાથે જ દિલ્હીના અનેક મંત્રીઓ પણ ચૂંટણીનો માહોલ બનાવવા ગુજરાત પહોંચતા રહે છે. ચૂંટણી નિરીક્ષકોના મતે આ વખતે સ્પર્ધા ત્રિકોણીય થવાની શક્યતા છે. જ્યારે આમ આદમી પાર્ટીનો દાવો છે કે ગુજરાતના પરિણામો પણ પંજાબ જેવા આવશે અને રાજ્યમાં AAP સરકાર બનાવશે. તે જ સમયે, ભાજપના રાષ્ટ્રીય નેતાઓ માટે, ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022 પ્રતિષ્ઠાનો વિષય છે.

ગુજરાત ચૂંટણીની ABC પાર્ટ-2 6ઠ્ઠા પાને....

## વિધાનસભાની ચૂંટણી પહેલા આખરી મતદાર યાદી જાહેર

# ગુજરાતના મતદારોનો આંકડો 4 કરોડ ૧૦ લાખને પાર

ગુજરાત | વંદન

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ભારતના ચૂંટણી પંચ દ્વારા રાજ્યમા હાથ ધરવામા આવેલા ખાસ મતદાર સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બાદ ૧૦મી ઓક્ટોબર,૨૦૨૨ના રોજ આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.આ મતદારયાદી અનુસાર રાજ્યમાં કુલ ૪,૯૦,૮૯,૭૬૫ મતદારો નોંધાયા છે.જેમાં ૧૪૧૭ જેટલા ટ્રાન્સજેન્ડર મતદારોનો પણ સમાવેશ થાય છે. જેઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. કુલ મતદારોમાં ૨,૫૩,૩૬,૬૧૦ પુરૂષ અને ૨,૩૭,૫૧,૭૩૮ મહિલા મતદારો નોંધાયા છે. કુલ ૧૧,૬૨,૫૨૮ જેટલા નવા મતદારો નોંધાયા છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા જૂન,૨૦૨૨માં જાહેર કરવામાં આવેલા મતદારયાદી સબંધી સુધારાઓ અન્વયે જાહેર કરવામાં આવેલી લાયકાતની ચાર તારીખોને કારણે હવે યુવાનો માટે મતદાર બનવાનું આસાન થયું છે.નવા સુધારાઓ સાથે તા.૧૨મી ઓગસ્ટ-૨૦૨૨ થી ૧૧મી સપ્ટેમ્બર-૨૦૨૨ દરમ્યાન યોજાયેલા ખાસ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા વ્યાપકણે મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજીને વધુમાં વધુ નાગરિકો મતદાર તરીકે નામ નોંધાવે તે માટે ઝુંબેશ હાથ હાથ ધરવામાં આવી હતી.

આખરી મતદારયાદીમાં સમાવેલી વિગતો પ્રમાણે રાજ્યમાં ૧૮ થી ૧૯ વયના જુથમાં ૪.૬૧ લાખથી વધુ યુવા મતદારોએ નોંધણી કરાવી છે. જે પૈકી ૨.૬૮ લાખથી વધુ યુવા પુરૂષ અને ૧.૯૩ લાખથી વધુ યુવા મહિલા મતદારોનો સમાવેશ થાય છે.તેવી જ રીતે ૨૦ થી ૨૯ વર્ષના વય જુથમાં કુલ ૪.૦૩ લાખથી વધુ નવા મતદારો નોંધાયા છે.જેમાં પુરૂષ મતદારો ૧.૪૫ લાખથી વધુ અને ૨.૫૭ લાખથી વધુ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.એટલે કે, આ વય જુથમાં પુરૂષોની સરખામણીએ મહિલાઓએ મતદાર તરીકે વધુ નોંધણી કરાવી છે.

કુલ મતદારોમાં ૪ લાખથી વધુ દિવ્યાંગ મતદારો પણ નોંધાયા છે.દિવ્યાંગ મતદારો માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા PwD નામની ખાસ એપ બનાવવામાં આવી છે.જેના ઉપર દિવ્યાંગો પોતાને ચિન્હીત કરાવીને મતદાનના દિવસે ખાસ સુવિધાઓ મેળવી શકે છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રના કાયદા અને ન્યાય મંત્રાલયના જાહેરનામા અન્વયે ચૂંટણી સબંધિત કાયદાઓમાં કરવામાં આવેલા સુધારા અનુસાર હવે મતદાર મતદારયાદીમાં સ્વૈચ્છિક રીતે આધાર નંબર દાખલ કરાવી શકે છે.આ સુવિધાનો લાભ લઈને રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૬.૬૮ લાખથી વધુ મતદારોએ મતદારયાદીમાં પોતાના નામ સાથે આધાર નંબર દાખલ કરાવ્યો છે.

### ગાંધીનગર જિલ્લામાં કુલ 13.25 લાખ મતદારો



ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકમાં થઇને કુલ ૧૩,૨૫,૬૦૪ મતદારો નોંધાયા છે. જેમાં ૬,૭૯,૨૧૨ પુરૂષ જ્યારે ૬,૪૬,૩૪૩ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ફાઈનલ મતદાર યાદી મુજબ ગાંધીનગર-દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાં ૧,૯૦,૯૨૭ પુરુષ મતદારો, ૧,૮૦,૬૬૦ મહિલા મતદારો અને અન્ય ૧૧ સહિત કુલ ૩,૭૧,૫૯૮ મતદારો છે.ગાંધીનગર-ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં ૧,૨૯,૯૩૮ પુરુષ મતદારો, ૧,૨૩,૭૩૯ મહિલા મતદારો અને અન્ય ૧૧ સહિત કુલ ૨,૫૩,૬૮૮ મતદારો છે.દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં ૧,૧૧,૮૭૬ પુરુષ મતદારો, ૧,૦૮,૭૯૬ મહિલા મતદારો અને અન્ય ૧૫ સહિત કુલ ૨,૨૦,૬૮૭ મતદારો છે. માણસા વિધાનસભા મતવિસ્તારમાં ૧,૧૮,૬૭૬ પુરુષ જ્યારે ૧,૧૨,૧૬૨ મહિલા અને ૯ અન્ય સહિત કુલ ૨,૩૦,૮૪૭ મતદારો છે.આવી જ રીતે કલોલ વિધાનસભા મતવિસ્તારમાં ૧,૨૭,૭૯૫ પુરુષ તથા ૧,૨૦,૯૮૬ મહિલા અને અન્ય ૩ સહિત કુલ ૨,૪૮,૭૮૪ મતદારો છે.આમ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પર કુલ પુરુષ મતદારોની સંખ્યા ૬,૭૯,૨૧૨ છે જ્યારે અને મહિલા મતદારોની સંખ્યા ૬,૪૬, ૩૪૩ અને અન્ય ૪૯ મળીને કુલ મતદારો ૧૩,૨૫,૬૦૪ મતદાર યાદીમાં છે.

---

**ભાજપના સ્થાનિક સંગઠનમાં રોષ, ચૂંટણી લડવા માગતા અન્ય નેતાઓમાં કચવાટ**

# વિધાનસભા ચૂંટણી: હાર્દિકને વિરમગામથી ભાજપની ટિકિટ ફાઈનલ

■ નવરાત્રિથી પ્રચાર શરૂ પણ કરી દીધો



ગુજરાત | વંદન

પાટીદાર આંદોલનોની નિસરણીનો ઉપયોગ કરી રાજકારણના માંચડે ચડેલા હાર્દિક પટેલ હવે ભાજપની ટિકિટ પર વિરમગામ બેઠક પરથી ચૂંટણી લડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાર્દિકની ટિકિટ ફાઈનલ છે અને તેને લઈને હાર્દિક અને તેની પત્ની કિંજલ બન્ને પ્રચાર માટે લાગી ગયા છે. હમણાં જ વિરમગામમાં હારિદકે નવરાત્રિ અને શરદપૂનમના ગરબા યોજીને પોતાનો પ્રચાર વધુ વેગવંતો બનાવ્યો છે.

હાર્દિકે આ ગરબા મહોત્સવમાં આઇ લવ વિરમગામ જેવું સૂત્ર આપીને સ્થાનિક યુવાનો અને તેમાંય પાટીદાર યુવાનોને આકર્ષવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત વિરમગામમાં સંગઠનની બેઠકો અને કાર્યકર્તા સંમેલન પણ હાર્દિકે યોજીને છ મહિના પહેલા ભાજપમાં જોડાયેલા હાર્દિકે સ્થાનિક આગેવાનોને પોતાની પડખે કર્યાં છે. સરકારમાં કે સંગઠનમાં કોઈ હોદ્દો ન હોવા છતાં હાર્દિક વિરમગામમાં ચાલતાં વિકાસકાર્યોનું ઉદ્ઘાટન કરે છે.આ તરફ ભાજપમાં પહેલેથી રહેલા અને પાછલાં અમુક વર્ષોમાં જોડાયેલા લોકો હાર્દિકને ટિકિટ મળે તેવા સમીકરણોથી ખુશ નથી.

પ્રદેશ સંગઠન હાર્દિકને જીતાડવા માટે પૂરતા પ્રયત્નો કરશે. આ સિવાય અહીંના સ્થાનિક આગેવાનો કે જેમને ટિકિટની અપેક્ષા જ નથી તેઓ હાર્દિક સાથે જ રહેશે. છતાં હાર્દિક ચૂંટણી જીતે અને ભાજપની સરકાર બને તો તેને મંત્રીપદ મળશે કે નહીં તે બાબતની કોઈ સ્પષ્ટતા નથી.

છેલ્લાં ચારથી પાંચ મહિનામાં હાર્દિકે વિરમગામ બેઠક હેઠળ આવતા નળકાંઠા સહિતના વિસ્તારોનો પ્રવાસ કર્યો છે. અહીંના કોળી સમાજ ઉપરાંત ઠાકોર સમાજના લોકો સાથે પણ હાર્દિકે મુલાકાત કરી લીધી છે.

હાર્દિકે પ્રચાર હેતુથી વિરમગામ ક્ષેત્રમાં આવતી શાળાના વિદ્યાર્થીઓને ટેબલેટ્સ અને નોટબુક્સનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત તે અહીં ધાર્મિક અને સામાજિક સંમેલનોમાં પણ હાજરી આપે છે.

---

**ગીતકાર સમીર, અભિનેતા તુષાર કપૂર સહિત દેશભરના મહાનુભાવો રહ્યા હાજર**

# અમદાવાદમાં યોજાયો 'ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ', ગીત-સંગીતના સુર રેલાયા...

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં સાહિત્ય કલાને અનુલક્ષી 'અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રના સાહિત્યકારો-કવિઓને પ્રોત્સાહીત કરવા આ ભવ્ય ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાવ્ય-સંગીત, માનવ-પ્રકૃતિ સંબંધ, સ્ત્રીનું પ્રભુત્વ, વિવિધ લેખકોની પ્રસ્તુતિઓ અને પુસ્તકોનું લોકાર્પણ, બાળ સાહિત્ય, ગુજરાતના ઉભરતા લેખકોની વાર્તા-મંતવ્યો રજુ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ થીમ પર માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

સાહિત્યને પ્રભુત્વ આપવા આયોજિત 'ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ'માં ત્રણ વખત ફિલ્મ ફેર એવોર્ડ પ્રાપ્ત કરનાર એવા પદ્મશ્રી સમ્માનિત એવા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ગીતકાર સમીર અન્જાન, બોલિવુડ અભિનેતા તુષાર કપૂર, કારગિલ યુદ્ધના યોદ્ધા પરમવીર ચક્રથી સુશોભિત સમ્માનિય યોગેન્દ્રજી તેમજ દેશ-વિદેશના જાણીતા સાહિત્યકારો અને લેખકો સહિત





મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગીતકાર સમીર દ્વારા શેર-શાયરી-વિવિધ ફિલ્મોના ગીતોને ગુનગુનાવી સમારોહને ચાર ચાંદ લગાવી દીધા હતા. ઉપસ્થિત કવિઓએ પણ કવિતાનો અદ્ભૂત રસપાન કરાવ્યો હતો. સમારોહમાં ઉપસ્થિત શ્રેયા યાદવે મહિલાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી સશક્તિકરણ બનાવવા પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. લોમાં પીએચડી થયેલા અને સિવિલ જજ બનવાની તૈયારી કરી રહેલા શ્રેયા યાદવનો એક જ મહત્વાકાંક્ષી લક્ષ્ય છે તે મહિલાઓની પ્રગતિ અને સશક્તિકરણ.

---

# કોંગ્રેસે 50 બેઠક પર ઉમેદવાર પસંદ કર્યા, નામ હમણાં જાહેર નહીં કરે

### ચાલુ ધારાસભ્ય,નવા અને જૂના ચહેરાઓનો સમાવેશ કરાયો

ગુજરાત | વંદન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઉમેદવારીની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયામાં રાજયના જુદા જુદા વિસ્તારની 50 બેઠક પર ઉમેદવારો નક્કી કરવામાં આવ્યા છે તેવું કોંગ્રેસના સત્તાવાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, હાલના તબક્કે ઉમેદવારોના નામ જાહેર કરાશે નહીં, પણ ઉમેદવારોને સૂચના આપી દીધી છે કે તમે તૈયારીઓ આરંભી શકો છો. વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે વિવિધ બેઠક પર ઉમેદવારી કરવા માગતા દાવેદારોના નામ જિલ્લા કક્ષાએથી મગાવ્યા હતા.

સૂત્રોના કહ્યા પ્રમાણે 50 બેઠક પર ચાલુ ધારાસભ્ય, જૂનાં ચહેરા,નવા ચહેરાઓની પસંદગી કરવામાં આવી છે. આ 50 નામની જાહેરાત કરવાની તૈયારીમાં કોંગ્રેસ હતી ત્યારે આ નામ હજુ જાહેર કરવા જોઈએ તેવો એક મત આવ્યો હતો.

નામ જાહેર કરવા સામે બે મત હતા એક મત એવો હતો કે, નામ જાહેર કરવા જોઈએ, જ્યારે બીજો મત એવો હતો કે નામ જાહેર કર્યા વગર ઉમેદવારોને સીધી સૂચના આપો કે ચૂંટણીની તૈયારીઓ તેઓ શરૂ કરી શકે છે. કોંગ્રેસે એક મતે નક્કી કર્યું કે, ઉમેદવારોના નામ જાહેર કરવાને બદલે સીધી સૂચના આપીએ કે તેમને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે તેઓ તૈયારી શરૂ કરી શકે છે. પસંદ કરાયેલા 50 ઉમેદવારોને સૂચના આપી દીધી છે કે, તેમને ચૂંટણી લડવાની છે. હાલ બાકીની બેઠકો પર ઉમેદવારોની પસંદગી કરવામાં આવી રહી છે.

---

# કુબેરનગરમાં શાળાનું બાંધકામ કરવાના બદલે ડીસીપીની ઓફિસ બની રહી છે: દાવો

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના કુબેરનગર વિસ્તારમાં આવેલી છારાનગર બુનિયાદી શાળાને વર્ષ 2001 ભૂકંપ આવતા નુકશાન થયું હતું. સરકારે શાળાનું ફરી બાંધકામ કરવાને બદલે કુબેરનગર પોલીસ ચોકી બનાવી દીધી હતી. હવે આ ચોકીમાં શાળાના બે રૂમ તોડી એક ડીસીપીની એસી ઓફિસ બનાવવા બાંધકામ થઈ રહ્યું છે. સરકાર પાસે પૂરતું ભંડોળ નહિ હોવાથી છેલ્લા ઘણા મહિનાઓથી કર્મચારીઓના પગાર ચૂકવ્યા નથી. જ્યારે ચોકીના બાંધકામ માટે કોણ ખર્ચ કરી રહ્યું છે તે એક સંશોધનનો વિષય છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ચોકીના બાંધકામ માટે સ્થાનિક બુટલેગરો ખર્ચ ભોગવી રહ્યા હોવાનું કહી રહ્યા છે. છારાનગર બુનિયાદી શાળા બ્રિટિશ શાસન સમય દરમિયાન બનાવવામાં આવી હતી. આ શાળામાં છારા સમાજના બાળકો ભણતા હતા. વર્ષ 2001માં વિનાશકારી ભૂકંપ આવતા નુકશાન થયું હતું. પરંતુ સરકારે શાળાનું બાંધકામ કરવાને બદલે બીજી એક શાળામાં વિધાર્થીઓને ખસેડી મુક્યા હતા. સ્થાનિક લોકોને એવું હતું કે, સરકાર નવું બાંધકામ કરી એક સારી શાળા બનાવશે.

---

**AMCએ 33 માળની બિલ્ડિંગ બનાવવા મંજૂરી આપી**

# અમદાવાદમાં બનશે ઊંચી બિલ્ડિંગો, શહેરમાં 100 મીટર ઊંચી પાંચ રહેણાંક ઈમારતો બનાવાશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં સૌથી વધુ વસતી ધરાવતા અમદાવાદ શહેરમાં ગગનચુંબી ઈમારતો બની રહી છે. શહેરમાં 100 મીટર ઊંચી વધુ પાંચ રહેણાંક ઈમારતો બનવા જઈ રહી છે. શહેરના સૌથી પોશ વિસ્તાર ગણાતા એવા સાયન્સ સિટી રોડ, એસજી હાઈવે રાજપથ ક્લબ પાસે અને શીલજ વિસ્તારમાં 33 માળની બિલ્ડિંગ બનાવવા માટે વિકાસ પરવાનગી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવી છે. ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીમાં એસજી હાઈવે પર ગોતા, ચાંદલોડિયા, સોલા, કઠવાડા અને ફતેહવાડી સહિતની ત્રણ ડ્રાફ્ટ ટીપીને ફાઈનલ ટીપી



માટે રાજ્ય સરકારમાં પરામર્શ માટે મોકલવામાં આવી છે.

ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જમાવ્યું હતું કે, શહેરનો સતત વિકાસ થઈ રહ્યો છે ત્યારે સાયન્સ સિટી રોડ પર ઋષિકેશ હાર્મનીના 116 જેટલા A, B અને C એમ ત્રણ બ્લોક બનશે. ત્રણેય બ્લોક 33 માળના બનશે. એસજી હાઈવે પર રાજપથ રંગોલી રોડ પર Times 104 નામની બિલ્ડિંગ બનશે જેમાં 104 મકાનો હશે. જ્યારે શીલજ થલતેજ રોડ પર The 31st નામની બિલ્ડિંગ બનશે જેમાં 57 જેટલા મકાનો હશે. આ તમામ બિલ્ડિંગો 33 માળની બનવા જઈ રહી છે જેની વિકાસ પરવાનગી આપી દેવામાં આવી છે.

**કઠવાડાનો વધુ વિકાસ થશે** : સોમવારે મળેલી ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીમાં શહેરના કઠવાડા વિસ્તારમાં ટીપી 117 માં 106 પ્લોટ, ગોતા, ચાંદલોડિયા અને સોલા ટીપી 29માં 52 પ્લોટ, ફતેહવાડી નવી ડ્રાફ્ટ ટીપી 158/G માં 35 પ્લોટ એમ કુલ 193 જેટલા પ્લોટ મળશે. જેમાં ગાર્ડન, ઓપન સ્પેસ, અર્બન ફોરેસ્ટ્રી, રહેણાંક, વાણિજ્ય, પબ્લિક યુટીલીટી અને સ્કૂલ પ્લેગ્રાઉન્ડ વગેરે માટે પ્લોટ મળશે.

---

# યુવકના મોતના એક વર્ષ બાદ ચિરીપાલ ગ્રુપ વિરૂદ્ધ ગુનો નોંધાયો

### પીરાણા રોડ પર આવેલી કંપનીમાં મોત થયું હતું

ગુજરાત | વંદન

પીરાણ પીપળજ પાસે આવેલી ચીરીપાલ કંપનીના ફાયબર ડીવીઝનની ફેક્ટરીમાં એક વર્ષ પહેલા સ્પીનીંગ વિભાગના મશીનની મરામતની કામગીરી દરમિયાન નીચે પટકાતા એક યુવક મશીન ઓપરેટરનું મરણ થયું હતું. જે બનાવ સંદર્ભમાં ચીરીપાલ કંપનીની બેદરકારીને કારણે મરણ થયુ હોવાનો રિપોર્ટ આવતા નારોલ પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે.ગત ૧૯મી ઓક્ટોબર ૨૦૨૧ના રોજ પીપળજ રોડ પર આવેલી ચીરીપાલ ઈન્ડ્સ્ટ્રીઝ લીમીટેડ ફાયબર ડીવીઝનમાં મશીન ઓપરેટર તરીકે કામ કરતા અજય રાય નામનો યુવક સ્પીનીંગ વિભાગમાં મશીન ટુલ્સમા બોલ્ટ ટાઈટ કરી રહ્યો હતો ત્યારે સાફ્ટમાં શર્ટ આવી જતા તે નીચે પટકાયો હતો. જેમાં તેને માથાના ભાગે ઈજાઓ થતા મરણ થયું હતું.

જે અંગે અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પરંતુ, આ સમગ્ર ઘટના સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે સર્જાય હોવાનો રિપોર્ટ તપાસ દરમિયાન બહાર આવ્યો હતો. જેમાં ખુલ્લી શાફ્ટની આસપાસ ગાર્ડ ન હોવાને કારણે અજય નીચે પટકાયો હતો. જેથી આ માટે ચીરીપાલ કંપનીમાં કામ કરતા જયેન્દ્ર રાજપુત નામની વ્યક્તિ વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી છે.

---

# 10 નવા ફલાય ઓવર અને અંડર બ્રિજ બનાવશે AUDA

**એસપી રિંગ રોડ પર ટ્રાફિકની સમસ્યા હળવી થશે**

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરનો વિસ્તાર દિવસેને દિવસે વધી રહ્યુ છે. જેના કારણે શહેરમાં સિંધુ ભવન, શિલજ, સેલા, બોપલ જેવા વિસ્તારો તરફ ડેવલપમેન્ટ જોવા મળી રહ્યું છે. ત્યારે આ વિસ્તારો તરફ જવાનો માર્ગ એટલે કે 76 કિ.મી.ના સરદાર વલ્લભભાઈ પટેલ(SP) રિંગ રોડને ડેવલપમેન્ટ કરવાનું લક્ષ્ય નક્કી કરી દીધું છે. SP રિંગ રોડ પર ટ્રાફિકની સમસ્યા હળવી બનાવી શકાય તે માટે AUDA દ્વારા વધુ 10 નવા જંક્શન પર ફ્લાય ઓવર અને અંડર બ્રિજ બનાવવા માટે પ્લાનિંગ કરાયું છે.

જેના માટે AUDA (અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી)એ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) સમક્ષ વિકાસના કામો માટે લોનની દરખાસ્ત મૂકી હતી જેને મંજુરી મળી ગઈ છે.

AUDA મતે બ્રિજ બનાવવા અને રોડની મરામત માટે 790 કરોડ જેટલો ખર્ચ થનાર છે. ફ્લાયઓવર બ્રિજ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં છે.

ડામરના બદલે RCCના બનાવવામાં આવશે સર્વિસ રોડ

જ્યારે બ્રિજના કામ શરૂ થતા હોય છે ત્યારે તે બ્રિજનું કામ 2થી 4 વર્ષ સુધી ચાલતું હોય છે, જે દરમિયાન વાહનચાલકોને




બિસ્માર રસ્તાઓ જેવી મુસીબતોનો સામનો કરવો પડતો હોય છે ત્યારે આ બાબતે AUDA દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. જે સમયે 10 નવા ફ્લાયઓવર બ્રિજ બનાવવાની શરૂઆત થશે તેની પહેલા જે સર્વિસ રોડ છે તે ડામરના બદલે RCCના બનાવવામાં આવશે અને RCCના રોડ બન્યા બાદ ટ્રાફિકને તે રોડ પર ડાઈવર્ટ કરી બ્રિજનું કામ શરૂ કરાશે. જેથી કરીને બ્રિજ બને ત્યા સુધી નાના અને મોટા વાહનોને ખરાબ રોડ રસ્તાનો સામનો ન કરવો પડે.


---

## તસ્વીર સમાચાર


(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**તડતડીયા :** દિવાળી હવે ઢૂકડી છે, દિવાળીમાં ફોડવામાં આવતા ફટાકડા બનાવવાનો ધંધો પણ ધમધોકાટ ચાલે છે, તસવીરમાં લવીંગ્યા ફટાકડા જણાય છે.



**અન્નપૂર્ણાનું અપમાન :** શાહપુર હલીમની ખડકી આગળ અન્નપૂર્ણા યોજનાની કેબિન બંધ તો પડી જ છે પણ એની બાજુમાં જ કોઈ કચરાના ત્રણ ડબ્બા મૂકી ગયા ! જ્યાં જમવાનું હોય ત્યાં કચરો નાખવાના ડબ્બા? આ તે કેવું ?



**પ્રકાશ : દિવાળી એટલે પ્રકાશપર્વ...** અમદાવાદમાં માટીના દીવડા, કોડીયા બનાવનારાઓ ધમધમાટ પોતાનું કામ કરી રહ્યા છે. તસવીરમાં આવા જ માટીના દીવડા જણાય છે.



ગીતામંદિર વિસ્તારમાં આવેલી કાંકરિયા મ્યુનિસિપલ શાળાની દિવાલ આગળ કચરાના ઢગલા અને ગાયો દરરોજ જોવા મળે છે. છતાં કોર્પોરેશન દ્વારા તેનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.

---





# હાઈવે પર પાર્ક વાહનોમાંથી બેટરીઓ ચોરી કરતા ત્રણ ઈસમો ઝડપાયા

**ચોરીની 26 નંગ બેટરીઓ રામોલ પોલીસે જપ્ત કરી**

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં રાત્રે હાઈવે પર પાર્ક કરેલ મોટા વાહનોમાંથી બેટરીનો ચોરી કરતી ટોળકીના ત્રણ ઈસમોને રામોલ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ચોરીની 26 નંગ બેટરી સહિત બે લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અમદાવાદ શહેરના ઉપરી ઉચ્ચ અધિકારીઓની સૂચના પ્રમાણે મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ ગત 8મી ઓક્ટોબરના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ પી.એન.વ્યાસ તથા એ.એસ.આઈ મહેન્દ્ર દાજીરાવ તથા સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન સાથેના પો.કો અજયસિંહ પ્રતાપસિંહ તથા પો.કો પ્રદીપસિંહ ભરતસિંહનાઓને મળેલ બાતમી હકીકત આધારે પંચો સાથે રામોલ રીંગરોડ અદાણી સર્કલ ચાર રસ્તા પાસે પેટ્રોલીંગમા હતા.જાહેરમાં પંચો સાથે વોચ તપાસ કરતા આરોપીઓ અલતાફ નજીરહુસેન શેખ ઉવ:૨૮ રહે:ચકુડીયા મહાદેવના છાપરા કલંદરી મસ્જીદ પાસે રખીયાલ અમદાવાદ શહેર તથા મહેન્દ્ર ઉર્ફે કબીર કનુભાઈ ઓડ ઉવ:૨૨ રહે:હનુમાજીના ટેકરા ઉપર છાપરામાં કુબરથલ પાટીયા કુંજાડ તા:દસ્કોઈ જી:અમદાવાદ હાલ:ઓઢવ ઓઢવ બ્રિજની નીચે ઓઢવ અમદાવાદ શહેર તથા દશરથ સ/ઓ દિનેશભાઈ રાયમલભાઈ સલાટ ઉવ:૨૦ રહે:હનુમાજીના ટેકરા ઉપર છાપરામાં કુબરથલ પાટીયા કુંજાડ તા:દસ્કોઈ જી:અમદાવાદ નાઓને પોતાના કબજા માંથી સીએનજી રીક્ષા નં.જીજે ૨૭ વાય ૨૧૦૩ માં મોટા વાહનોની બેટરીઓ નંગ:૦૪ સાથે પકડી પાડેલ. આરોપીઓને રીક્ષાની તથા બેટરીઓની માલીકી તથા કાગળો બાબતે પુછપરછ કરી હતી. ત્યારે ત્રણેય આરોપીઓએ જણાવેલ કે સદર રીક્ષા ઉપરોક્ત આરોપી અલતાફે પંદર દિવસ પહેલા શકરાઘાંચીની ચાલી ગોમતીપુર ખાતે રહેતા તેના મિત્ર મોહસીનઅલી મુસ્તાકઅલી સૈયદ પાસેથી રૂપીયા ૫૦૦૦૦/- આપી વેચાણે ખરીદેલ છે અને હાલમાં કોઈ કાગળો તેની પાસે નથી. શંકાના આધારે તેમની વધુ પૂછપરછ કરતા તેમણે જણાવ્યુ કે ત્રણેય આરોપીઓ મિત્રો હોય જેઓ ત્રણેય જણા ગઈ તા:૦૬/૧૦/૨૨ ના રોજ ઉપરોક્ત રીક્ષા લઈ મોડી રાત્રીના અસલાલી સર્કલ પાસે ગયેલ હતા. ત્યા શ્યામ આર્કેટ સામે સાઈનાથ પાકીંગમાં ગયેલ અને ત્યા બહારના રાજ્યોના મોટા કંટનરો પાર્ક કરેલ હતા જે પૈકી એક કંટેનર માંથી બે બેટૅરી તથા બીજા ટ્રેલર માંથી બે બેટૅરી કાઢી રીક્ષા રહેલ કુલ્લે ચાર નંગ બેટૅરીઓની ચોરી કરી લઈ લીધેલ હોવાની કબુલાત કરી. તપાસમાં જાણવા મળ્યુ છે કે તમામ આરોપીઓએ છેલ્લા બે મહિનામાં રીંગરોડ ઉપર અલગ અલગ જગ્યાએ રાજ્યબહારના મોટા ટ્રકો પાર્ક કરેલ હોય જે ટ્રકો માંથી બેટરીઓ ચોરી કરતા હતા. બધા મિત્રોએ મળી કુલ્લે ૨૬ નંગ બેટરીઓ ચોરી કરેલ હોવાની કબુલાત કરી. ચોરી કરેલ બેટરીઓ પંચો રૂબરૂ બતાવતા તમામ બેટરીઓ તથા સીએનજી રીક્ષા તથા મોબાઈલ ફોન નંગ:૦૨ મળી કુલ્લે કીમત રૂપીયા ૨,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી તમામ આરોપીઓને અટક કરી પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

## શું આપણે ન્યાયતંત્રમાં પણ રાજકારણ જેવુ થવા દેવુ છે..? આજે જજશ્રી ચંદ્રચુડનો વારો.., કાલે કોઈ બીજાનો..?

કોઇને બદનામ કરવાની કૂચેષ્ટારૂપી વાયરસ રાજકારણમાંથી હવે ન્યાયતંત્રમાં પહોંચી ગયો હોય તેવી એક ઘટનાની નોંધ લેવી જરૂરી છે. રાજકારણમાં એકબીજાને બદનામ કરવાં રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો કાંઇ બાકી રૈખતા નથી. બદનામીનો રેલો છેક અંગત ચારિત્ય સુધી પહોંચે છે. અને પછી વિવાદ થાય એટલે શબ્દે પાછા ખેંચાય અથવા માફી માંગી લે કે પછી કોઇ કશુ કરે જ નહીં અને



હોતી હૈ..ચલતી હૈ...જેવુ માનીને રાજકારણમાં તો આવુ ચાલ્યા જ કરે એમ કહીને ટીવી એન્કરોની ભાષામાં કહે તો ઉન્હોંને પલ્લાં ઝાડ લિયા...! પણ શું આપણે ન્યાયતંત્રમાં પણ એવુ થવા દેવુ છે..?

એકબીજાને બદનામ કરવાનો રંગ ન્યાયતંત્રમાં પહોંચ્યો હોય તેમ સુપ્રિમ કોર્ટના એક સિનિયર ન્યાયમૂર્તિ કે જેઓ આગામી સમયમાં સુપ્રિમના સીજેઆઇ બનવાની લાયકાત અને ક્ષમતા ધરાવે છે તે જજશ્રી ડી.વાય. ચંદ્રચુડની સામે પોતાને સુપ્રિમ અને હાઇકોર્ટ લિટિગન્ટ એસો.ના પ્રમુખ ગણાવતા આર.કે. પઠાણનામના એક વકીલે 165 પાનાનો પત્ર રાષ્ટ્રપતિ મહોદયાને મોકલીને વિવાદ જગાવ્યો છે.. એટલુ જ નહીં આ પત્ર સોશ્યલ મિડિયામાં પણ વાઇરલ કરવાનો પ્રયાસ કરાયો છે.

ન્યાયતંત્રના ઇતિહાસમાં આ રીતે સપ્રિમના એક ભાવિ સીજેઆઇને બદનામ કરનારની પાછળ ક્યા પરિબળો છે તેની તપાસ થવી જોઇએ. બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ આ 165 પાનાના આરોપોની તપાસ કરીને કહ્યું છે કે આરોપોમાં કોઇ તથ્ય નથી. માત્રને માત્ર જજશ્રી ચંદ્રચુડને ભાવિ સીજેઆઇ બનતા રોકવાની અને તેની સાથે સાથે સુપ્રિમની છાપને પણ બગાડવાની એક સાજિશ ગણાવીને આરોપો ફગાવી દીધા છે. બાર કાઉન્સિલે જજશ્રીને પોતાનો સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે તે એક સારી બાબત છે.

બાર કાઉન્સિલે સારૂ કર્યુ પણ આ મામલે કેન્દ્ર સરકાર અને પ્રાઇમ તપાસ એજન્સીઓને તેની તપાસ કરવી જોઇએ. કેમ કે આ કોઇ રાજકીય આરોપ નથી કે લોકો તેને રાજકારણમાં ખપાવી દે. પણ ભારતના લોકોની જેના પર છેલ્લી આશા છે એવા ન્યાયતંત્રના દિવડા પર નજર ટકેલી છે. અને એ દિવડાને પણ બદનામ કરવાના પ્રયાસોને રોકવામાં નહીં આવે તો કાલે બીજા જજશ્રીને નિશાન બનાવાશે. અને જેવુ રાજકારણમાં ચાલે છે એવુ ન્યાયતંત્રમાં ચાલ્યા કરશે તો જેમ લોકોને રાજકારણીઓ પર વિશ્વાસ નથી એમ ન્યાયતંત્ર ઉપરથી પણ વિશ્વાસ ડગી જશે.

સુપ્રિમના જજશ્રીની સામે આરોપ મૂકનાર કાંઇ એકલો નહીં હોય. તેની પાછળ કોઇ ચોક્કસ પરિબળ હોઇ શકે અને તે કોણ છે તેની મૂળમાં જવાની જરૂર છે. જો કે એક જજશ્રી સામેના આરોપોના મામલે કેન્દ્ર સરકારમાંથી પ્રતિક્રિયા આવવી જોઇએ અને તપાસ થવી જોઇએ. નહીંત આજે જજશ્રી ચંદ્રચુડ છે કાલે કોઈ બીજા જજનો વારો અને એમ ચાલ્યા કરશે....યાદ રહે કે ન્યાયતંત્રમાં આવા આરોપોમાં તથ્ય હોય તો ચોક્કસ પગલાં લેવાય અને તથ્ય ના હોય આરોપ મૂકનારની સામે કડક કાર્યવાહી થવી જોઇએ.

**ધર્મ**

## કરવા ચોથ પર સરગીની પરંપરા ઘણી જૂની, વ્રત પહેલા સાસુ આપે છે વહુને સરગી

કારતક માસના કૃષ્ણ પક્ષની ચોથના દિવસે કરવા ચોથ વ્રત રાખવામાં આવે છે. આ વખતે કરવા ચોથનું વ્રત 13 નવેમ્બરે રાખવામાં આવશે. આ દિવસે પરિણીત મહિલાઓ તેમના પતિના લાંબા આયુષ્ય અને તેમના સારા સ્વાસ્થ્ય માટે કરવા ચોથનું વ્રત રાખે છે. આ દિવસે નિર્જળા વ્રત રાખવામાં આવે છે. ભૂખ્યા-તરસ્યા રહીને, રાત્રે ચંદ્રોદય પછી ચંદ્રને અર્ધ્ય અર્પણ કરીને ઉપવાસ તોડવામાં આવે છે. પરંતુ હિંદુ ધર્મમાં કરવા ચોથનો ઉપવાસ શરૂ થાય તે પહેલા સાસુ દ્વારા વહુને સરગી આપવાની પરંપરા છે. વ્રતને લઈને શાસ્ત્રોમાં કેટલાક ખાસ નિયમો જણાવવામાં આવ્યા છે. તેમને અનુસરવાથી જ મહિલાઓને વ્રતનું પૂર્ણ ફળ મળે છે. કારવા ચોથ વ્રતના દિવસે સૂર્યોદય પહેલા સરગી કરવામાં આવે છે. આ દિવસે સવારે 4-5 વાગ્યાની આસપાસ સરગી કરવાની સલાહ આપવામાં આવે છે. સરગી દરમિયાન તેલ-મસાલેદાર વસ્તુઓ ન ખાવી જોઈએ. એવું કહેવાય છે કે આનાથી ઉપવાસનું ફળ મળતું નથી. બ્રહ્મ મુહૂર્ત દરમિયાન સરગીનું સેવન કરવું સારું માનવામાં આવે છે.

**બ્રહ્મ મુહૂર્ત - 13 ઓક્ટોબર, સવારે 04:46 થી 05:36 સુધી છે.**



કારવા ચોથ વ્રતના દિવસે સૂર્યોદય પહેલા સરગી કરવામાં આવે છે. આ દિવસે સવારે 4-5 વાગ્યાની આસપાસ સરગી કરવાની સલાહ આપવામાં આવે છે. સરગી દરમિયાન તેલ-મસાલેદાર વસ્તુઓ ન ખાવી જોઈએ. એવું કહેવાય છે કે આનાથી ઉપવાસનું ફળ મળતું નથી. બ્રહ્મ મુહૂર્ત દરમિયાન સરગીનું સેવન કરવું સારું માનવામાં આવે છે.

**કરવા ચોથીની સરગીમાં શું હોય છે?**

કરવા ચોથના એક દિવસ પહેલા, સાસુ તેમની વહુને મીઠાઈઓ અને ખાવાની વસ્તુઓ આપે છે. તેને સરગી કહે છે. સુહાગીન મહિલાઓ સૂર્યોદય પહેલા જાગીને આ વસ્તુઓનું સેવન કરે છે. સરગીની થાળીમાં 16 શણગારની વસ્તુઓ, સુકા મેવા, ફળ, મીઠાઈ વગેરેની તમામ સામગ્રી રાખવામાં આવે છે. ઉપવાસની શરૂઆત સરગીની વસ્તુઓથી કરવામાં આવે છે. જો કોઈ સ્ત્રીને સાસુ ન હોય તો જેઠાણી કે બહેન પણ આ વિધિ કરી શકે છે.

### એક કાંડા ઘડિયાળની કિંમત કેટલી હોય શકે...? જાણીને ચોંકી જશો...!

# આ છે દુનિયાની સૌથી મોંઘી ઘડિયાળો

## એક પોકેટ ઘડિયાળને બનાવવામાં લાગ્યા હતા 40 વર્ષ

કોઈ એક કાંડા ઘડિયાળની કીંમત કેટલી હોય શકે? ક્રિકેટરો અને સેલિબ્રિટી જે કાંડા ઘડિયાળ- રિસ્ટ વોંચ પહરે છે તેની કીંમત પર બહુ બહુ તો એકાઘ કરોડ જેટલી થાય. જોકે વિદેશમાં હોલીવુડ કલાકારો, ટેનીસ ખેલાડીઓ મોંઘા ભાવની ઘડિયાળો પહેરતા હોય છે. પરંતુ જ્યારે દિલ્હીના એરપોર્ટ પર 7 ઘડિયાળો પકડાઈ ત્યારે તે પૈકીની એક ઘડિયાળની કીંમત અધધ...27 કરોડ હોવાનું જાણીને ફરજપરના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. એવામાં સવાલ ઉભો થાય છે કે એવી તે કેવી ઘડિયાલ હશે જેની આટલી કીંમત હોય. તો ચાલો આજે અમે તમને દુનિયાની સૌથી મોંઘી ઘડિયાળ વિશે જણાવીશું, જેની કિંમત વિશે તમને ખબર પણ નહીં હોય.

ઘડિયાળ આપણા જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઘડિયાળ વડે આપણે અદ્યતન માહિતી રાખી શકીએ છીએ. તમે યોગ્ય સમયે ઘડિયાળ વિના જીવનમાં કંઈપણ કરી શકતા નથી. સમય જાણવા માટે દરેક વ્યક્તિ ઘડિયાળનો ઉપયોગ કરે છે. આજના યુગમાં દરેક વ્યક્તિ પોતાના સ્ટેટસ પ્રમાણે ઘડિયાળ પહેરે છે. પરંતુ દુનિયામાં એવા ઘણા લોકો છે જે મોંઘી ઘડિયાળો પહેરવાના શોખીન છે. આજના આ લેખમાં અમે તમને દુનિયાની સૌથી મોંઘી ઘડિયાળો વિશે જણાવીશું, જેની કિંમત જાણીને તમે ચોંકી જશો.

### ગ્રાફ ડાયમંડ હેલ્યુસિનેશન

ગ્રાફ ડાયમંડ હેલ્યુસિનેશનને વિશ્વની સૌથી મોંઘી ઘડિયાળ માનવામાં આવે છે. ભારતીય રૂપિયાના હિસાબે તેની કિંમત લગભગ 400 કરોડ જણાવવામાં આવી રહી છે. આ ઘડિયાળમાં 110 કેરેટ રંગીન હીરા લગાવવામાં આવ્યા છે, જે ઘડિયાળને વધુ સુંદર બનાવે છે.

### ગ્રાફ ડાયમંડ ફેસિનેશન

ગ્રાફ ડાયમંડ ફેસિનેશનને વિશ્વની સૌથી મોંઘી ઘડિયાળોમાંની એક ગણવામાં આવે છે. ભારતીય રૂપિયાના હિસાબે તેની કિંમત લગભગ 297 કરોડ



જણાવવામાં આવી રહી છે. આ ઘડિયાળમાં 38 કેરેટના સફેદ હીરા જડેલા છે. મધ્યમાં પિઅર આકારની ઘડિયાળ સ્થાપિત કરવામાં આવી છે, જે તેની ડિઝાઈનમાં ઉમેરો કરી રહી છે.

બ્રિગેટ ગ્રાન્ડ કોમ્પ્લિકેશન મારીએ-એન્ટોનેટ

આ એક પોકેટ ઘડિયાળ છે, જેને બનાવવામાં લગભગ 40 વર્ષ લાગ્યા હતા અને તેને 1827માં બનાવવામાં આવી હતી. આ ઘડિયાળ સોનાની પેટીમાં રાખવામાં આવી હતી. તેને બનાવવામાં ઘણી મુશ્કેલી પડી અને તેની કિંમત લગભગ 30 મિલિયન ડોલર છે.

### જેકબ અને સીઓ. બિલ્લિઓનેરે

આ ઘડિયાળ જેકબ એન્ડ કંપની દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે. આમા બેલ્ટને બદલે 260-કેરેટ ડાયમંડ આકારનો સેટ છે. સાથે જ ઘડિયાળની ડિઝાઈનને ખૂબ જ જુદો લુક આપવામાં આવ્યો છે, જે ખૂબ જ સુંદર છે. તેની કિંમત 18 મિલિયન ડોલર જણાવવામાં આવી છે.

જૈગર લેકોલ્ટ્રે જોએલેસી 101 મૈનચેટ

આ ઘડિયાળને વિશ્વની સૌથી મોંઘી ઘડિયાળમાંની એક ગણવામાં આવે છે. તે ખાસ કરીને મહિલાઓ માટે બનાવવામાં આવ્યું છે, જે બ્રેસલેટ જેવી લાગે છે. આ ઘડિયાળમાં 576 હીરા છે. તેની કિંમત આશરે 26 મિલિયન ડોલર હોવાનું કહેવાય છે.

### પટેક ફિલિપ હેનરી ગ્રેવ્ય સુપરકોમ્પ્લિકેશન

એ પોકેટ વોચ છે અને આ ઘડિયાળને વિશ્વની સૌથી મોંઘી ઘડિયાળ ગણવામાં આવે છે. આ ઘડિયાળને બનાવવામાં લગભગ આઠ વર્ષ લાગ્યા હતા. જાણકારી માટે તમને જણાવી દઈએ કે આ ઘડિયાળની કિંમત લગભગ 68 કરોડ રૂપિયા જણાવવામાં આવી રહી છે.

### હબ્લોટ

આ ઘડિયાળમાં લગભગ 1200 હીરા છે અને આ હીરા 140 કેરેટના છે. તેની કિંમત લગભગ 31 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. જ્યારે આ ઘડિયાળ લોન્ચ કરવામાં આવી ત્યારે તેની માંગ ઘણી વધારે હતી.

### રિચાર્ડ મિલે કેલિબર આરએમ 019 સેલ્ટિક નોટ ટૂરબિલોન

આ ઘડિયાળની કિંમત લગભગ 2 કરોડ 90 લાખ રૂપિયા જણાવવામાં આવી રહી છે. આ ઘડિયાળ ઘણા રંગોમાં ઉપલબ્ધ છે. તે જ સમયે, લોકો આ ઘડિયાળને ખૂબ પસંદ કરે છે. ઘડિયાળની અંદર આપવામાં આવેલી ડિઝાઈન ખૂબ જ સુંદર લાગે છે.







પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

## ભારતવર્ષની પ્રગટ-ચેતનાનો સનાતન નાદ

આપણી ભારતીય સંસ્કૃતિમાં મંદિરનું ઘણું મહત્વ છે. પ્રાચીનકાળથી ભારત ધર્મપ્રેમી દેશ રહ્યો છે. આપણી આસ્થાનું ગુરુત્વકેન્દ્રબિન્દુ મંદિર રહ્યાં છે. ભારતમાં મંદિર નિર્માણ પાછળનાં રહસ્યો શું હતાં? ઘણાં મંદિરોમાં આપણને દૈવી શક્તિનો અનુભવ થાય છે, તેની પાછળ શું કારણ છે? મંદિરનાં એવાં સાચાં ચમત્કારો જે ભલભલાં લોકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દે. ભારતનાં અજાણ્યાં એવાં દિવ્ય અને ભવ્ય પૌરાણિક મંદિરોની ખાસિયતો લઈને એક સુંદર પુસ્તક આપણને મળ્યું છે, જેનું નામ છે ‘ EMPLE ધર્મ’.

‘TEMPLE ધર્મ’ એવું એક માત્ર અનોખું પુસ્તક છે, જે આપણને અને ખાસ કરીને યુવાનોને આપણાં મંદિરો સાથે જોડવાનું કામ કરે છે. આ પુસ્તકમાં ઐતિહાસિક, પુરાતત્વીય અને પૌરાણિક મહત્વની સાથોસાથ ચમત્કૃતિનો સાક્ષાત્કાર કરાવતાં ૩૦થી વધુ ધર્મસ્થાનો વિશે યુવા લેખકે નવા દ્રષ્ટિકોણથી લખ્યું છે, જે અત્યારના સંજોગોમાં ખૂબ જ આવકાર્ય બાબત છે.

આ પુસ્તક ‘ TEMPLE ધર્મ ‘ ના લેખક શ્રી પરખ ભટ્ટ ગુજરાતી પત્રકારત્વ અને લેખન-જગતનું એક સશક્ત નામ છે. ફક્ત પાંચ વર્ષની લેખન યાત્રામાં તેઓ ‘ દિવ્ય ભાસ્કર’, ‘ સાંજ સમાચાર’, ‘ફૂલછાબ’, ‘મુંબઈ સમાચાર’, ‘ ગુજરાત ગાર્ડિયન’, ‘ નોબત ‘, સહિત ગુજરાત અને મુંબઈના પ્રમુખ અખબારો તેમ જ ‘ કોકટેલ ઝિંદગી ‘ અને ‘ ફીલિન્ગસ’ જેવાં માતબર સામયિકોમાં કુલ 1500થી વધુ લેખો, ઈન્ટરવ્યુ, અહેવાલો લખી ચૂક્યાં છે. આ સફરની તો તેમની હજુ શરૂઆત છે. ગુજરાતી ભાષાની સર્વપ્રથમ મોર્ડન માયથોલૉજીકલ થ્રિલર ‘ મૃત્યુંજય ‘ થકી એમણે દેશ-વિદેશમાં વસતાં હજારો ગુજરાતી વાચકોનો પ્રેમ મેળવ્યો છે. આ અદ્ભૂત પુસ્તક ‘ TEMPLE ધર્મ ‘ એ પરખ ભટ્ટની નૉન-ફિક્શન બેસ્ટ-સેલર શ્રેણી ‘ SCIENTIFIC ધર્મ ‘નું દ્વિતિય પુસ્તક છે.




પ્રસ્તાવનામાં શ્રી પરખ ભટ્ટ લખે છે, ‘ ભારતભૂમિએ મને હંમેશા અચંબિત જ કર્યો છે. આટઆટલાં આક્રમણો બાદ પણ ધબકી રહેલી પૌરાણિક સંસ્કૃતિ અનેક સ્થળોએ કેટલાંક ગૂઢાતિગૂઢ રહસ્યો સંઘરીને બેઠી છે. ‘ SCIENTIFIC ધર્મ ‘ શ્રેણીનો બીજો ભાગ ‘ TEMPLE ધર્મ ‘ લખવા પાછળનો ઉદ્દેશ્ય આવા જ ગર્ભિત દેવસ્થાનને શબ્દદેહ આપવાનો હતો. દક્ષિણ ભારત, પશ્ચિમ ભારત અને શ્રીલંકાના મંદિરોમાં થયેલી દિવ્ય અનુભૂતિઓએ મને આ કાર્ય કરવા પ્રેર્યો. હજારો વર્ષ જૂનાં મંદિરોનાં પ્રત્યેક ખૂણે અનુભવાયેલા પવિત્ર કંપનોને વાચકમિત્રો સમક્ષ મૂકવાની મહેચ્છા સાથે અવતરણ થયું... ‘ TEMPLE ધર્મ ‘નું! નિગર્ભ યોગિનીનાં પ્રાગટ્ય સમું આ પુસ્તક આપને એક અજાણ્યા છતાં રસપ્રદ ભારતની મુલાકાતે લઈ જશે, જેનાથી તમે કદાચ સાવ અપરિચિત છો.’

આ પુસ્તકના બે મહત્વના મંદિર અને તેની ઘટનાઓ માણીએ.

* વર્ષ ૧૯૬૫ માં ભારત - પાકિસ્તાન યુધ્ધ વખતે પાકિસ્તાને રાજસ્થાનનાં જેસલમેરથી ૧૩૦ કિલોમીટર દૂર સરહદ પાસે આવેલા લગભગ ૧૨૦૦ વર્ષ જૂનાં ‘ તનોટ માતા’ નાં મંદિર પાસે તથા મંદિર પર ત્રણ હજાર બોમ્બ ફેંક્યા, પરંતુ અલૌકિક રીતે મોટા ભાગના ગોળા પોતાના લક્ષ્યથી ભટકી ગયાં, એક પણ ગોળો મંદિર સુધી પહોંચી શક્યો નહીં. આ વિસ્ફોટકોથી મંદિરને નાનું સરખું પણ નુકસાન ન થયું.

*. સતીના આત્મવિલોપન બાદ તેમનાં દેહનો એક ટુકડો જ્યાં પડ્યો હતો, તે મંદિર એટલે હિમાચલપ્રદેશનું ‘જ્વાળામુખી મંદિર’. અહીં કોઈ મૂર્તિની નહીં પરંતુ જ્યોતની પૂજા થાય છે. અકબરે આ જ્યોતને બુઝાવવા માટે અનેક પ્રયત્નો કર્યાં હતાં, પણ આ અખંડ જ્યોતને ઊની આંચ પણ નહતી આવી.

નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં ૩૧ લેખોમાં, આપણાં મંદિરોનો અદ્ભુત મહિમા વર્ણવતાં દરેક લેખ પહેલાં લેખનાં ૩૧ નયનરમ્ય પેન્સિલ સ્કેચ પણ અહીં આપ્યાં છે. આવા આપણી આસ્થાનાં કેન્દ્રસમા આ રહસ્યમય અને પૌરાણિક મંદિરોની ઘરે બેઠા એક વખત અવશ્ય મુલાકાત લેવી જોઈએ અને તેના માટે આ પુસ્તક વાંચવું જ રહ્યું.

પુસ્તક પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

**સમાજ સુધારક વિદ્યાસાગર**

# ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ખરેખર વિદ્યાના મહાસાગર હતા...!

સાપ્તાહિક ગુજરાત વંદન

## વિધવા પુન:લગનનો અમલ પોતાના પુત્રથી કરાવીને એક નવી રાહ દેશને બતાવી હતી...

ગુજરાતમાં મૂક સેવક અને સમાજ સુધારક રવિશંકર મહારાજને કેટલા ઓળખતા હશે કે યાદ કરતાં હશે એ તો કોઈ ચેનલવાળા માઈક અને કેમેરો લઈને નિકળે ત્યારે ખબર પડે પરંતુ બંગાળમાં કોઈ એવુ નહીં હોય કે જે સમાજ સુધારક લેખક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને ઓળખતાં ન હોય...! બંગાળમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોર પછી કદાજ સૌથી વધારે નામ સમાજ સુધારક લેખક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું માનભેર લેવાતુ હશે. બંગાળની ધરતી પરથી તેમણે તે સમયના કૂરિવાજો સામે એક રીતે કહીએ તો બળવો પોકાર્યો હતો અને ભોરે સહન પણ કર્યું હતું. રાત્રિ શિક્ષણની વ્યવસ્થા એ તેમની જ ભારતને આપેલી ભેટ છે. બંગાળ અને ભારતમાં શિક્ષણના ફેલાવા માટે તેમની તોલે કોઈ ના આવે એવુ ભગીરથ કાર્ય આજીવન કરનાર સમાજ સુધારક અને લેખક એવા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અનેકોના જવનમાં પ્રેરણાસ્ત્રોત પણ રહ્યાં છે.

તેઓ સ્ત્રી શિક્ષણના સમર્થક હતા. તેમના પ્રયાસોને કારણે કોલકાતા અને અન્ય સ્થળોએ મોટી સંખ્યામાં કન્યા શાળાઓની સ્થાપના કરવામાં આવી હતી . તે સમયે હિંદુ સમાજમાં વિધવાઓની સ્થિતિ ખૂબ જ દયનીય હતી. વિધવા થાય એટલે ફરજિયાત માથે મૂંડન કરાવવાનું અને ઘરમાં એક તરફ પશુ જેવુ જીવન ગાળવુ એની નર્કાગારની દયનીય સ્થિતિ હિન્દુ વિધવાઓની એ સમયે હતી. વિધવાની સાથે લગ્ન કે કોઈ વિધવા ફરી લગ્ન કરે એ વાત તો એ સમયમાં અશક્ય ગણાતી. સમાજના કહેવાતા ઠેકેદારો એવી વિધવાને ગામની બહાર કાઢી મૂકે એવા રૂઢિચૂસ્ત વાતાવરણમાં તેમણે વિધવા પુનર્લગ્ન માટે જાહેર અભિપ્રાય તૈયાર કર્યો હતો.

તેમના પ્રયાસોને કારણે 1856માં વિધવા-પુનર્વિવાહ કાયદો પસાર કરવામાં આવ્યો. એટલુ જ નહીં ચેરીટી શુડ બીગીન વીથ એટ હોમ..કહેવત અનુસાર તેમણે વિધવા પુન: લગ્નનો અમલ પોતાના પરિવારથી જ કરાવ્યો અને પોતાના એકના એક પુત્રના લગ્ન પણ એક વિધવા સાથે કરાવીને જબરજસ્ત ક્રાંતિ લાવવાનું કામ કર્યું હતું.. આ ઉપરાંત તેમણે બાળ લગ્નનો પણ ભારે વિરોધ કર્યો હતો.


બંગાળી ભાષાના ગદ્યને સરળ અને આધુનિક બનાવવાનું તેમનું કાર્ય હંમેશા યાદ રહેશે. તેમણે બંગાળી લિપિના મૂળાક્ષરોને સરળ અને તર્કસંગત બનાવ્યા હતા.. તેમણે બંગાળી શીખવવા માટે સેંકડો શાળાઓની સ્થાપના કરી અને રાત્રિ શાળાઓની પણ વ્યવસ્થા કરી હતી. તેમણે સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર માટે પ્રયાસ કર્યો. તેમણે સંસ્કૃત કોલેજમાં પશ્ચિમી વિચારનો અભ્યાસ પણ શરૂ કરવાની હિંમત બતાવી હતી..

2004ના સર્વેક્ષણમાં તેમને ‘સર્વકાલીન શ્રેષ્ઠ બંગાળી’ ગણવામાં આવ્યા હતા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ બંગાળના મેદિનીપુર જિલ્લાના વીરસિંહ ગામમાં અત્યંત ગરીબ પરિવારમાં 26 સપ્ટેમ્બર, 1820માં થયો હતો. નવ વર્ષની ઉંમરે તેઓ કોલકાતા ગયા અને સંસ્કૃત કોલેજમાં શિક્ષણની શરૂઆત કરી હતી..

શારીરિક માંદગી, ભારે આર્થિક તંગી અને ગૃહકાર્ય છતાં ઈશ્વરચંદ્ર લગભગ દરેક પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવતા.. 1841માં તેમને ફોર્ટ વિલિયમ કોલેજમાં પચાસ રૂપિયા મહિને મુખ્ય પંડિતના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા. ત્યારબાદ તેમની વિદ્વતા અને શિક્ષણ પ્રત્યેના લગાવને ધ્યાનમાં રાખથીને તેમને ‘વિદ્યાસાગર’નું બિરુદ આપવામાં આવ્યું હતું. 1851માં તેઓ એ જ કોલેજના મુખ્ય પ્રમુખ બન્યા. 1855 માં, સહાયક નિરીક્ષક, તત્કાલીન વિશેષ નિરીક્ષક તરીકે તેમની નિમણૂક માસિક પાંચસો રૂપિયામાં કરવામાં આવી હતી. જો કે મતભેદોને કારણે 1858 માં ફરીથી રાજીનામું આપ્યું. પછી સાહિત્ય અને સમાજ સેવામાં વ્યસ્ત થયા. 1880 માં CIE નું સન્માન મેળવ્યું.

વિદ્યાર્થી જીવનમાં પણ તેમણે ઘણા વિદ્યાર્થીઓને મદદ કરી. સક્ષમ થવા પર, તેમણે સેંકડો ગરીબ વિદ્યાર્થીઓ, સેંકડો નિ:સહાય વિધવાઓ અને ઘણા લોકોને મુશ્કેલીમાંથી ઉગાર્યા. તેમણે પોતાના ખર્ચે મેટ્રોપોલિસ કોલેજની સ્થાપના કરી. આ સાથે, ઘણી સહાયિત શાળાઓ પણ સ્થાપવામાં આવી હતી.

સંસ્કૃત અભ્યાસની સરળ વ્યવસ્થા બનાવી. આ સિવાય શિક્ષણ પ્રણાલીમાં ઘણા સુધારા કરવામાં આવ્યા. સામાજિક સુધારણા તેમનું પ્રિય ક્ષેત્ર હતું, જેમાં તેમને તેમના મૃત્યુ સુધી કટ્ટરવાદીઓના તીવ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. એક સમાજ સુધારક તરીકે, તેમને રાજા રામમોહન રોયના અનુગામી માનવામાં આવે છે.



તેઓ સાહિત્યના ક્ષેત્રમાં બંગાળી ગદ્યના પ્રથમ પ્રચારકોમાંના એક હતા. તેમણે બાવન પુસ્તકો લખ્યા. જે પુસ્તકોથી તેમને વિશેષ પ્રતિષ્ઠા મળી તે પુસ્તકો છે ‘વૈતાલપંચવિંશતિ’, ‘શકુંતલા’ અને ‘સીતા વનવાસ’. તે પોતાનું જીવન એક સાદું વ્યક્તિ તરીકે જીવતા પણ તેઓ રાજાની જેમ દાન કરતા હતા.પોતાની સાથે કરાતાં ક્ષુદ્ર અને સ્વાર્થી વર્તનથી કંટાળીને, તેમણે તેમના પરિવાર સાથેના સંબંધો તોડી નાખ્યા અને બિહાર (હાલ ઝારખંડ)ના જામતારા જિલ્લાના કરમાટાંડ ખાતેના સંતાલ આદિવાસીઓના કલ્યાણ માટે તેમના જીવનના છેલ્લા અઢારથી વીસ વર્ષ સમર્પિત કર્યા હતા.. તેમના માનમાં કર્મટાંડ સ્ટેશનનું નામ હવે ‘વિદ્યાસાગર રેલવે સ્ટેશન’ રાખવામાં આવ્યું છે.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.

## સુરતના રસ્તા પર દોડી રહ્યાં છે 16 હજાર કરતા પણ વધારે ઇલેક્ટ્રિક વાહનો

# સુરતમાં કોર્પોરેશને 25 સ્થળે શરૂ કર્યા ઈ-ચાર્જિંગ સ્ટેશન

ગુજરાત | વંદન

દેશમાં સુરત શહેરને આવનાર સમયમાં ઈલેક્ટ્રિક વાહનોના શહેર તરીકે ઓળખવામાં આવશે. આ દિશામાં સુરત શહેર પહેલાથી આગળ દોડી રહ્યું છે. આ ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનોની જરૂરિયાત રહે છે. જેને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા હાલમાં 25 જેટલા સ્થળોએ પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે.

આ ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનોની જરૂરિયાત રહે છે. જેને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા હાલમાં 25 જેટલા સ્થળોએ પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકા દ્વારા દરેક ઝોનમાં ઓછામાં ઓછા 50 જેટલા ચાર્જિંગ સ્ટેશનો બનાવવાનું આયોજન છે. શહેરી વિસ્તારમાં પાલિકાએ સરકારની ગ્રાન્ટની મદદથી 200 અને પીપીપી ધોરણ પર 300 ચાર્જિંગ સ્ટેશન કે ચાર્જિંગ પોઈન્ટ શરૂ કરવા માટે આયોજન કર્યું છે. હાલ જે ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મુકવામાં આવ્યા છે ત્યાં ચાર્જિંગનો યુનિટ રેટ 14 રૂપિયા રાખવામાં આવ્યો છે. આ માટે લોકો EVOLUTE-SURAT મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ પણ કરી શકશે.

ઈલેક્ટ્રિક વાહનો ચાર્જિંગ માટે એક ચાર્જિંગ સ્ટેશન દીઠ 30 લાખનો અંદાજિત ખર્ચ થયો છે. જેમાં મહાનગરપાલિકા જે ચાર્જિંગ સ્ટેશન શરૂ કરશે તેને સરકારની 70 ટકા ગ્રાન્ટ મળશે. જે રીતે પાલિકાએ સોલાર રૂફટોપ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરી છે, તે જ રીતે ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન માટે પણ કામગીરી કરવામાં આવશે. આગામી દિવસોમાં સુરત દરેક વિસ્તારમાં પાલિકાના




અને ખાનગી ચાર્જિંગ પોઈન્ટ જોવા મળશે. નોંધનીય છે કે પેટ્રોલ ડીઝલની વધતી કિંમતોને કારણે શહેરીજનોનો ઝુકાવ હવે ઈલેક્ટ્રિક વાહનો તરફ વધી રહ્યો છે. ત્યારે સમય સંજોગો જોતા હવે પાલિકા દ્વારા વધુને વધુ ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરવા આયોજન કરવામાં આવ્યું છે.

થોડા સમય પહેલા જ સુરત મહાનગરપાલિકા દ્વારા ઈલેક્ટ્રિક વાહનોને લઈને ખાસ પોલિસી પણ જાહેર કરવામાં આવી હતી. જેમાં ઈલેક્ટ્રિક વાહન ખરીદનારને વાહન ટેક્સથી લઈને પાર્કિંગ સુધીમાં ઘણી રાહત આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

# દિલ્હીમાં બેઠા બેઠા મને બધું જ દેખાય છે, દેશ લૂંટનારાને છોડીશ નહીં: મોદી

ગુજરાત | વંદન



સૌરાષ્ટ્રની તમામ બેઠકો માટેના એપી સેન્ટર ગણાતાં જામકંડોરણામાં મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાખોની જનમેદનીને કાઠિયાવાડી શૈલીમાં સંબોધન કર્યું હતું. જામકંડોરણામાં પહેલીવાર જ કોઈ વડાપ્રધાને આ રીતે જાહેરસભાને સંબોધન કરી છે ત્યારે તેમને સાંભળવા માટે લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. વડાપ્રધાને જનમેદનીને સંબોધન કરતાં કહ્યું કે મારી દૂરની નજર બહુ જ મજબૂત છે એટલા માટે દિલ્હીમાં બેઠા બેઠા ગુજરાતમાં શું થઈ રહ્યું છે બધું જ મને દેખાઈ રહ્યું છે. સાથે સાથે તેમણે કોંગ્રેસનું નામ લીધા વગર એવો ધારદાર હુમલો પણ કર્યો કે લોકોને લૂંટી લેનારા લૂંટારાઓને હું છોડવાનો નથી અને જેટલું તેઓ લૂંટી ગયા છે તે બધું જ પરત લઈ આવીશ પછી ભલે એ લોકો મને ગમે એટલી ગાળો આપે કે મારી ટીકા કરે. મોદીએ ગુજરાતના વખાણ કરતાં એવું પણ કહ્યું કે આ રાજ્ય હવે તપી તપીને સોનું બની ગયું છે.

વડાપ્રધાને પોતાના સંબોધનનો પ્રારંભ ભારત માતા કી જયના ઉદ્ઘોષ સાથે કર્યો હતો. આ પછી તેમણે કહ્યું કે જામકંડોરણામાં આવું ક્યારેય જોયું નથી. તેમણે કહ્યું કે મેં આજે જ અખબારમાં વાંચ્યું કે હું પહેલો વડાપ્રધાન છું જે જામકંડોરણા આવ્યો છું. આમ તો મારે એવા અનેક કામ કરવા પડ્યા છે જે પહેલાં કોઈએ જ કર્યા નથી. આ પછી તેમણે સૌરાષ્ટ્રના કદ્દાવર નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાને યાદ કરતાં કહ્યું કે અહીં આવું એટલે તેમની યાદ આવ્યા વગર રહેતી નથી. આ પછી તેમણે કોંગ્રેસનું નામ લીધા વગર તેને આડેહાથ લેવાનું શરૂ કરતાં કહ્યું કે આજે પણ ભ્રષ્ટાચારની વિરુદ્ધમાં કાર્યવાહી કરો એટલે એક ટોળું કાગારોળ મચાવવા લાગે છે. અરે, તમારા ઉપર જે આરોપો લાગ્યા છે, તમે જે કારનામા કર્યા છે તેનો તો જવાબ આપો. પછી કંઈ ના મળે એટલે એજન્સીઓને બદનામ કરવા લાગે છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
પોતાની સામાજિક અને આર્થિક રીતે પ્રગતિ થતી જોઈ શકાય. માત - પિતા થી લાભ મળી શકે. જરૂર કરતાં વધારે પૈસા મળવાની શક્યતા છે. પરંતુ ખર્ચ કરવામાં સાવધાની રાખવી જરૂરી છે. મંગળવારે વાહન બાબતે કાળજી રાખવી. શુક્રવારે સંતાનની પ્રગતિના સમાચાર મલે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ સમયગાળો શાંતિ અને આરામ માટેનો રહેશે. આ અઠવાડિયે તમો પરિવાર અને પારિવારિક બાબતોમાં વ્યસ્ત રહેશો, નોકરી ધંધાના સાથે તમને સહકાર, આરામ અને આનંદ મળી રહે તેવા સંજોગોનું સ્વયં નિર્માણ થતું રહે તેવા સંજોગો ઉભા થાય.

**મિથુન** (ક.છ.ઘ)
આનંદમાં અભિવૃદ્ધિ અને પરિવાર સાથેનું બંધન વધુ મજબૂત થાય. તમે પરિવારને આગળ લઈજવા માટે તેની અસર રૂપે તમને બધી દિશાઓમાંથી સહકાર મળી રહેશે. આ સમયગાળામાં કુટુંબ માટે, ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ ગમનના પણ યોગો રહેલા છે.

**કર્ક** (ડ.હ)
વર્તમાન સંજોગોને આધીન રહીને ફેરફાર સર્જાશે, તમારી આર્થિક સ્થિતિ ધીરે ધીરે હવે તમારી ગાડી પાટા પર આવી જશે. લોભામણી જાહેરાતો ને કારણે સામાન્ય ધારણાઓ થી વિપરિત કોઈપણ પ્રકારના વ્યાવસાયિક સોદાઓથી દૂર રહેવું. સફળતા મળવાની છે.

**સિંહ** (મ.ટ)
તમે ઘણાં નવા કાર્યો હાથ ધરશો. તમારી પ્રતિષ્ઠામાં ઘણો વધારો થાય. આ સમયગાળો અતિ વ્યસ્ત બની રહેશે. અત્યારે પૈસાને લગતી બાબતો તમારી પ્રાથમિક સૂચિમાં રહેશે. તમે નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળશો. કૌટુંબિક અને અંગતપણે એમ બંને રીતે ખર્ચ ઉપર કાપ મૂકશો.

**કન્યા** (પ.ઠ.ણ)
કૌટુંબિક સિનિયર સિટીઝન માટે ઋતુગત બીમારીથી સાચવવું. ધાર્યું આર્થિક ફળ મળવામાં વિલંબ જણાય તો કુલદેવીની અથવા લક્ષ્મીની આરાધના ફલદાયક નિવડે. સાથે જ સ્થાવર મિલકતના પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય. આપની મહેનત રંગ લાવતી જણાય તથા લોકોનો સહયોગ સારો મળે.

**તુલા** (ર.ત)
આર્થિક રોકાણમાં વડીલવર્ગની સલાહ મહત્ત્વપૂર્ણ બની રહે. મંગળવારનો દિવસ ધીરજથી પસાર કરવો, ઝગડા અને વિવાદથી બચવું. પ્રયત્નો છોડવા નહીં. અંગત પ્રશ્નોના ગૂંચવાડા દૂર થતા જણાય, આર્થિક બાબતોમાં ઉધારી કરતાં સાચવવું.

**વૃશ્ચિક** (ન.ય)
નજીકના લોકો તથા વેપારી મિત્રો સાથે, કળથી કામ લેવું. મિત્રો કે પ્રિયજન પાસેથી સારા સમાચાર મળી શકે. ધંધામાં મનમાં ઘડેલી યોજનાઓને અમલમાં મૂકી શકાશે. શરદી કે તાવ આવે તો પ્રવાસ ટાળવા, કારણ કે તમારા માટે, આગામી ઋતુગત બીમારીથી સચેત રહેવું જરૂરી છે.

**ધન** (ભ.ધ.ફ)
નજીકના મિત્રો અને સગા સંબંધીઓ સાથે ગેરસમજ કે મનદુઃખ ટાળવા, તમારો, સકારાત્મક દ્રષ્ટિકોણ આપને સફળતા અપાવે અને રાજકીય ક્ષેત્રમાં સંભવિત કાર્યકર્તા બનાવે, પરંતુ આ નિર્ણયમાં સાવધ રહેવું હિતાવહ છે. નવા ધંધા માટે તેમજ શેર બજારમાં.

**મકર** (ખ.જ)
તમારા વારસાગત સંપત્તિના પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય છે. નોકરિયાત વર્ગને કાર્યક્ષેત્રમાં બઢતી સંભવ. આ માટે ઉપરી અધિકારી પાસે, પોતાના મનની વાત મૂકવામાં સંકોચ ના કરવો. ખોટા અને વધુપડતા ખર્ચ પર કાબૂ રાખવો.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આર્થિક કાર્યક્ષેત્રમાં પરિસ્થિતિ સુધરતી જણાય, તમારી મહેનતનું મધુર પરિણામ આવતું જણાય. આ સપ્તાહે, શેરબજારમાં નવા રોકાણકાર્યમાં કાળજીપૂર્વક આગળ વધવું અને વાણી વિચારીને વાપરવી, લગ્નજીવનમાં આનંદ અનુભવાય. બુધવારે પારિવારિક મતભેદ ટાળવા.

**મીન** (દ.ચ.ઝ)
સંવેદનશીલ નિર્ણયો વિચારીને લેવા હિતાવહ તથા પ્રોપર્ટીના પ્રશ્નોનું સકારાત્મક પરિણામ જણાય, કાર્યક્ષેત્રમાં પ્રગતિ જણાય. અંગત સંબંધોમાં મધુરતા જળવાઈ રહે સાથે જ વ્યવહાર કુશળતાથી ધારેલું પરિણામ મેળવાય, વિચારો સકારાત્મક રાખી કામ લેવું. દુખાવો અને જૂના રોગમાં થોડી રાહત જણાય. નાણાંનો વ્યય વધે નહિ તે ધ્યાન રાખવું.

## 13 ફોરેસ્ટ રાવટી સાથે 362 વન કર્મીઓ તૈનાત રહેશે

# ગિરનારની લીલી પરિક્રમાની તૈયારી શરૂ; લાખો ભકતો ઉમટી પડશે...

## 8 રૂટ રસ્તાનું રીપેરીંગ શરૂ : 80થી વધુ અન્નક્ષેત્રોને મંજુરી અપાશે

ગુજરાત | વંદન

ગિરનારની લીલી પરિક્રમાની વન વિભાગની તૈયારીઓ શરૂ થઇ ચુકી છે. 36 કિ.મી.ના પાવનકારી પરિક્રમામાં લાખો ભાવિકો ઉમટે તેવી શકયતા છે. આવતા માસમાં ગરવા ગિરનારને ફરતે લીલી પરિક્રમા પરંપરા ગત રીતે યોજાશે જેને લઈને વન વિભાગે એકશન મુડમાં આવી તૈયારીઓ આરંભી દીધી છે.

દિવાળી બાદ કાર્તિક માસમાં દેવ ઉઠી અગિયારસ એટલે તા. 4-11 થી 8 પાંચ દિવસીયગીરનાર પરિક્રમામાં



દેશાવરમાંથી લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે. નાયબ વન સંરક્ષક ડો. સુનિલ બેરવાલના જણાવ્યા મુજબ ગિરનાર પરિક્રમામાં 8 રૂટ (રસ્તા) 3 કેડીઓનું રીપેરીંગ થઇ રહ્યું છે. જંગલના રૂટ પર 9 જગ્યાએ ડંકીઓ વોટર સ્ટેન્ડ, કુવામાંથી પાણીની વ્યવસ્થા કરવામાં આવશે જેમાં ઉતર રેન્જમાં જાંબુડી રાઉન્ડ પાસ ભાડવાળી ચાર ચોક, ડેરવાણ પરબ પાસે પાણીનો પોઈન્ટ ડંકી દ્વારા અપાશે. છેલ્લે ૨૦૧૮માં ૮૧ અન્નક્ષેત્રોને મંજુરી અપાઇ હતી આ વર્ષે સંસ્થાઓની માંગણીઓને ધ્યાને લઇને મંજૂરી અપાશે. ઈટવા ફોરેસ્ટ ગેઈટ ઉપરથી જરૂરીયાતમંદ લોકોને વિનામૂલ્યે લાકડીઓનું વિતરણ યાત્રીકોને કરવામાં આવશે જ્યારે બોરદેવી ગેઈટ પરથી લાકડીઓ પરત લઈ લેવાશે. ફોરેસ્ટ(રેન્જ) ઓફીસર અરવિંદ ભાલીયાના જણાવ્યા મુજબ પરિક્રમા દરમ્યાન યાત્રીકોને વન્ય પ્રાણીનો ઈજા ન કરે તે માટે 13 રાવટીમાં 80થી વધુ સ્થળોએ 36૨ સ્ટાફનો ફરજ બજાવશે અને યાત્રીકોને સુરક્ષા પુરી પાડશે.

## 'આપ'એ પોત પ્રકાશ્યું છે, ગુજરાતની જનતા 'ગાભા-છોતરા' કાઢી નાખશે : વિજય રૂપાણી

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના દિલ્હીના મંત્રી દ્વારા કરાયેલ બફાટ પર પ્રતિભાવ આપતા પૂર્વ મુખ્યમંત્રી વિજય રુપાણીએ જણાવ્યું કે 'આપ'એ પોતાનું પોત પ્રકાશ્યું છે અને આ પક્ષ હિન્દુ વિરોધી છે તે સાબિત કરવા જઈ રહયા છે. પરંતુ અમે અગાઉ જ કહ્યું હતું કે જે હિન્દુ હિતની વાત કરશે તે જ દેશ પર રાજ કરશે. ગુજરાતમાં ચૂંટણી સમયે આવેલા આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ડીપોઝીટ પણ જશે અને ભાજપ 2/3 બહુમતીએ જીતી જશે. રુપાણીએ કહ્યું કે, આમ આદમી પાર્ટીના ગાભા-છોતરા ગુજરાતની જનતા જ કાઢી નાખશે.

## માનવતા: થાઈલેન્ડ ગોળીબાર ઘટનામાં મૃતકોને મોરારીબાપુ દ્વારા ચાર લાખની સહાય

ગુજરાત | વંદન

થાઈલેન્ડના એક ચાઈલ્ડ ડે કેર સેન્ટરમાં નિવૃત્ત પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવેલી અંધાધૂંધ ગોળીબારમાં 37 લોકો મોત થયા હતા.



આ કરુણ ઘટનામાં 22 જેટલાં નિર્દોષ બાળકો પણ મોતને ભેટ્યાં છે ! આ તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પતા પૂજ્ય મોરારીબાપુએ પ્રત્યેક મૃતકના પરિજનોને રૂપિયા 11-11 હજારની સહાય પ્રેષિત કરી છે , જેની કુલ રકમ ચાર લાખ સાત હજાર થાય છે. અત્યંત કરુણ એવી આ ઘટનામાં જે બાળકો તથા અન્ય લોકો મૃત્યુ પામ્યા છે તેમના નિર્વાણ માટે પૂજ્ય બાપુએ પ્રાર્થના કરી છે, શ્રદ્ધાંજલિ અર્પી છે તેમજ તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

# અમરેલીના સાંસદ નારણ કાછડિયાને બ્લેકમેલ કરનાર શખ્સને ઝડપી પડાયો

## અશ્લીલ વીડિયો કોલની ઘટનાની તપાસમાં પોલીસને મળી સફળતા

ગુજરાત | વંદન

અમરેલીના સાંસદ નારણ કાછડિયાને અશ્લીલ વીડિયો કોલ કર્યા બાદ બ્લેકમેલ કરનાર શખ્સને

અમરેલી પોલીસે સાયબર ક્રાઈમની મદદથી તપાસ કરતાં રાજસ્થાનના અલવરથી ઝડપી પાડ્યો હતો.

મામલામાં તપાસ કરી રહેલ પોલીસને આરોપીનો લોકેશન રાજસ્થાનના અલવરનું જાણવા મળ્યું હતું. જેથી અમરેલી પોલીસે આરોપીને ઝડપી પાડવા રાજસ્થાન રવાના થઈ હતી અને લૉકેશનના આધારે પોલીસે આરોપીને



ઝડપી પાડ્યો હતો. આરોપી શખ્સનું નામ સાદિક હોવાનું જાણવા મળ્યું છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના દાવા પ્રમાણે, કેટલાક દિવસ પહેલા સાંસદ નારણ કાછડિયાના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી વીડિયો કોલ આવ્યો હતો અને વીડિયો કૉલ ઉપાડતાં જ સામેની વ્યક્તિ નિર્વસ્ત્ર થઈ હતી. જેને જોઈ સાંસદે તાત્કાલિક કૉલ કટ કર્યો હતો. બાદમાં તેમને બ્લેકમેલ કરવાની અને રૂપિયા પડાવવાની ધમકીઓ મળી રહી હતી. જેથી તેમણે અંગત મદદનીશ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અમરેલી પોલીસે સાયબર ક્રાઈમની મદદથી તપાસ કરતાં રાજસ્થાનના અલવરનું લૉકેશન જાણવા મળ્યું હતું.. જેથી અમરેલી પોલીસે આરોપીને ઝડપી પાડવા રાજસ્થાન રવાના થઈ હતી અને લૉકેશનના આધારે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસની તપાસમાં આરોપી શખ્સનું નામ સાદિક હોવાનું જાણવા મળ્યું છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દેશભરમાંથી મેયરો, કમિશ્નરો, નિષ્ણાંતોની ઉપસ્થિતિ : તૈયારીઓનો ધમધમાટ શરૂ

# રાજકોટમાં પ્રથમ વખત 'હાઉસીંગ કોન્કલેવ', વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા. 19ના રોજ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે કેન્દ્રની મહત્વકાંક્ષી લાઈટ હાઉસ આવાસ યોજનાનું લોકાર્પણ કરવાના છે. રાજકોટ સહિત દેશના 6 મહાનગરોમાં ભારત સરકારે આધુનિક ટેકનોલોજીથી આવાસ બનાવ્યા હોય, આવી ટેકનોલોજીના આદાન પ્રદાન, ભવિષ્યના આયોજનો, આધુનિકતાના ઉપયોગ સહિતની ચર્ચા વિચારણા માટે રાજકોટમાં પ્રથમ વખત ઈન્ડીયન અર્બન હાઉસીંગ કોન્કલેવ-2022નું આયોજન કરવામાં આવ્યું છે.

દેશના જુદા જુદા શહેરોમાંથી મેયરો, કમિશ્નર, રાજ્ય અને કેન્દ્ર સરકારના પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓ, ખાનગી ક્ષેત્રના નિષ્ણાંતો, બિલ્ડરોની ઉપસ્થિતિમાં તા. 19 થી 21 આ કોન્કલેવ શાસ્ત્રી મેદાન ખાતે યોજવાની તૈયારી કોર્પોરેશને શરૂ કરી દીધી છે. જેનું



ઉદઘાટન વડાપ્રધાન કરશે.

આ અંગે સતાવાર સુત્રોએ જણાવ્યું હતું કે, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજીત આ કોન્કલેવમાં શહેરી આકાંક્ષાઓ હાંસલ કરવા માટેના નવા રસ્તાઓ પર રાષ્ટ્રીય કક્ષાની ચર્ચા નિષ્ણાંતો દ્વારા કરવામાં આવશે. ખાનગી અને સરકારી ક્ષેત્રોની લોકભાગીદારી આ સેમીનારમાં રજૂ કરવામાં આવશે. દેશભરના સરકારી પ્રતિનિધિઓ, બિલ્ડર, ખાનગી કંપનીના નિષ્ણાંતો ભવિષ્યની હાઉસીંગની જરૂરીયાતો આધુનિક ટેકનોલોજી સાથે કઈ રીતે પૂરી કરી શકાય તે અંગે વિચારોનું આદાન પ્રદાન કરશે. તા. 19ના રોજ વડાપ્રધાન આ કોન્કલેવમાં હાજરી આપીને સંબોધન કરશે.

ત્રણ દિવસમાં રાજય અને દેશના જુદા જુદા ક્ષેત્રના પાંચ હજારથી વધુ ડેલીગેટસ હાજરી આપશે અને 300થી વધુ સ્ટોલ ઉભા કરવામાં આવનાર છે. કેન્દ્રના હાઉસીંગ મંત્રી હરદીપસિંઘ પુરી, દરેક રાજયના હાઉસીંગ મંત્રી, સચિવો આ સેમીનારમાં સામેલ થવાના છે. તા. 19ના રોજ વડાપ્રધાન એરપોર્ટ પર ઉતરીને શાસ્ત્રી મેદાનના આ કોન્કલેવમાં ભાગ લેશે અને તે બાદ રેસકોર્ષમાં સભા સંબોધશે તેવો કાર્યક્રમ ફાઈનલ થયો છે.

## શબ્દોની સંતાકૂકડી 31 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| | ■ | 5 | | | ■ | |
| 6 | 7 | | ■ | 8 | | ■ |
| 9 | | ■ | 10 | | ■ | 11 |
| ■ | 12 | 13 | | ■ | 14 | |
| 15 | ■ | 16 | | 17 | | ■ |
| 18 | | | ■ | 19 | | |

**ઊભી ચાવી**

(1) એકસરખો મત ધરાવનારું, એકમત [4]
(2) મીઠી ટીકા, ટોકવું તે [3]
(3) એક પ્રકારનો તેજાનો જે ખાસ કરીને ગળ્યા પદાર્થમાં સુંગધ માટે વાપરવામાં આવે છે, એલચી [4]
(4) ખૂબ જ મોટું, વિશાળ (અંગ્રેજીમાં) [2]
(7) હલકા કુટુંબનું, નીચ જાતિનું [3]
(10) રૂ કાંતીને બનાવેલો કાચો કે પાકો દોરો [3]
(11) દેવ કે કોઈ શક્તિ સાધ્ય કરવાનો ગૂઢ શબ્દ કે શબ્દો, મંતર [2]
(13) આછું રાતું હોવું તે, લાલાશ [3]
(14) હાજરી, પગાર વગેરે ભરવાની આંકેલાં ખાનાવાળી કાગળોની એકથી વધુ પાનાંવાળી નોટ, 'રજિસ્ટર' [3]
(15) ભઠ્ઠીમાં શેકી ફુલાવેલો યુરોપીય પદ્ધતિનો રોટલો [2]
(17) પાંખવાળી અલૌકિક સ્ત્રી [2]

**આડી ચાવી**

(1) રાજાધિરાજ, શહેનશાહ [3]
(3) એક કહેવત છે કે જેવું દરદ તેવો ------- [3]
(5) કોયલનું બીજું નામ [3]
(6) મ અક્ષરથી શરૂ થતી આકાશીય બાર રાશિઓમાંની દસમી રાશિ [3]
(8) પીળું (અંગ્રેજીમાં) [2]
(9) ચામડીની ગરમીનો એક રોગ [2]
(10) સૂચનિકા, યાદી [2]
(12) જલદી, ઝટ, એકદમ ઝડપથી [3]
(14) ટપાલ, ચિઠ્ઠી [2]
(16) ઈલેક્ટ્રોનિક પદ્ધતિ દ્વારા મોકલાવામાં આવતો સંદેશો, 'ટેલીગ્રામ' [4]
(18) લક્ષ્ય, ઈરાદો, હેતુ [3]
(19) અહીં 'બારીક' શબ્દ આડો અવળો થયેલ છે [3]

શબ્દોની સંતાકૂકડી-31 નો ઉકેલ આવતા અંકે

**શબ્દોની સંતાકૂકડી-30નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 મ | ઢી | ■ | 2 સુ | 3 લે | હ | ■ |
| ર | ■ | 4 જે | ■ | પ | ■ | 5 ચો |
| 6 જિ | 7 ના | લ | 8 ય | ■ | 9 દૂ | ર |
| 10 યા | ક | ■ | 11 થા | 12 ણું | ■ | સ |
| ત | ■ | 13 મ | ■ | 14 કા | 15 લ | ■ |
| ■ | 16 પ | ર | મ | ■ | 17 હે | તુ |
| 18 અ | ર | જી | ■ | 19 ડ | ર | ■ |

## કોયડો નં. 33 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | | 4 | | 2 | |
| 2 | | | | 5 | | | | |
| | 8 | | | | | | 5 | |
| | 9 | 1 | 5 | | | | | |
| 5 | | | | | 1 | | | 2 |
| | | | 3 | | | 5 | | |
| 8 | | | 2 | | | | | 9 |
| | | | 6 | | | | | |
| 1 | | | | | | | | 5 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-33નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 3 | 5 | 8 | 9 | 4 | 1 | 2 | 7 |
| 2 | 1 | 9 | 7 | 5 | 3 | 4 | 8 | 6 |
| 7 | 8 | 4 | 1 | 6 | 2 | 9 | 5 | 3 |
| 3 | 9 | 1 | 5 | 2 | 6 | 7 | 4 | 8 |
| 5 | 7 | 6 | 4 | 8 | 1 | 3 | 9 | 2 |
| 4 | 2 | 8 | 3 | 7 | 9 | 5 | 6 | 1 |
| 8 | 4 | 7 | 2 | 3 | 5 | 6 | 1 | 9 |
| 9 | 5 | 3 | 6 | 1 | 8 | 2 | 7 | 4 |
| 1 | 6 | 2 | 9 | 4 | 7 | 8 | 3 | 5 |

## વિવિધ વડાપ્રધાનોના પ્રિય પ્રાણીઓ- કબૂતર- હાથી-ગેંડો-સિંહ-મગર- વાઘ અને છેલ્લે ચિત્તાઓ...

# ભારતના નેતાઓનો વન્ય પ્રાણી પ્રેમ: નેહરૂથી મોદી સુધી...!



ગુજરાત | વંદન

મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્કમાં નામીબિયામાંથી લવાયેલા આઠ ચિત્તા છોડ્યાના કલાકો પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી (એનએલપી) ના લોન્ચિંગ સમયે કહ્યું: “એક સમય હતો જ્યારે કબૂતરો છોડવામાં આવતા હતા.. હવે, ચિત્તા છોડવામાં આવે છે... અમે ઈચ્છીએ છીએ કે માલસામાનની ડિલિવરી પણ ચિત્તાની ઝડપે થાય.”

કબૂતરનો ઉલ્લેખ જવાહરલાલ નેહરુના સંદર્ભમાં હતો, જેઓ તેમના જન્મદિવસ (14 નવેમ્બર) પર “શાંતિ”ના પ્રતીક તરીકે કબૂતર છોડતા હતા..નામ ન આપવાની શરતે ભાજપના વરિષ્ઠ નેતાના જણાવ્યા અનુસાર, સંદેશ સ્પષ્ટ હતો - અગાઉના વહીવટીતંત્રોથી વિપરીત, મોદી સરકાર ચિત્તાની ગતિએ નીતિગત નિર્ણયો લેવામાં ડરતી નથી.....

પોતાના 72મા જન્મદિન 17 સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં બોલતા, મોદીએ ભારતના ભૂતકાળના ગૌરવને પુનર્જીવિત કરવા અને તેના વસાહતી ભૂતકાળ-બ્રીટીશ હકૂમતનો ગુલામી કાળ-ને છીનવી લેવા માટે 15 ઓગસ્ટના રોજ જાહેર કરેલા ‘ પંચ પ્રણ ‘ (પાંચ શપથ) ના પ્રતિબિંબ તરીકે ચિત્તાના પરત આવવાનું ચિત્રણ પણ કર્યું હતું.

ભાજપ શાસિત બે રાજ્યો - ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે, અને NDA 2024 માં ત્રીજી મુદત માટે સત્તા મેળવવાની તૈયારી કરી રહ્યું છે, મોદી તેને ‘નિર્ણાયક’ વહીવટની તેમની સરકારની છબીને વધુ મજબૂત કરવા માટે જોઈ રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા કહે છે- કે મોદી ત્રીજા જનાદેશ(2024ની ચૂંટણીઓ)ની શોધમાં છે અને મતદારોને જણાવવા માંગે છે કે તેમણે ચિત્તાની ગતિએ નીતિગત નિર્ણયો લીધા છે.

“ચિતા ઝડપનું પ્રતીક છે; દેશમાંથી લુપ્ત થયાના 70 વર્ષ પછી ભારતીય ભૂમિ પર તેનું પુનરાગમન અમૂલ્ય રાજકીય મૂલ્ય ધરાવે છે. તે મોદીની બ્રાન્ડ ઓળખને મજબૂત કરશે, ‘મોદી હૈ તો મુમકીન હૈ’ ” કહીને નેતાએ ઉમેર્યું કે કોવિડ-19 સામે ભારતીય રસીના વિકાસ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ (ચીપ્સ) માટે કેન્દ્રીય કેબિનેટના નિર્ણયથી ‘બ્રાન્ડ મોદી’ મજબૂત થઈ છે.

ભાજપના નેતાઓ કહે છે કે પ્રાણી પ્રતિકવાદનો આ ઉપયોગ મોદીની બ્રાન્ડ ઈમેજને પ્રોત્સાહન આપે છે જે દેશના હિતમાં “બોલ્ડ નિર્ણયો” લેવામાં અચકાતા નથી, પછી તે મુત્સદ્દીગીરીના સંદર્ભમાં હોય કે ચિત્તાને ભારતમાં પરત લાવવાનો હોય.

ગુજરાતના મુખ્યપ્રધાન તરીકેના તેમના દિવસોમાં મોદી સાથે કામ કરનાર ભૂતપૂર્વ અમલદારના જણાવ્યા મુજબ, વડા પ્રધાનને રાજકીય મૂડી બનાવવા માટે સાંસ્કૃતિક સબટેક્સ્ટમાં પ્રાણીઓની ભૂમિકાનો ઉપયોગ કેવી રીતે કરવો તેની ઊંડી સમજ છે, પછી ભલે તે મધ્યમ વર્ગ હોય કે આદિવાસીઓમાં.

લેખક હિન્દોલ સેનગુપ્તા, જેમણે 2019 માં ‘ધ ઈકોનોમિક માઈન્ડ ઓફ નરેન્દ્ર મોદી’ નામનું પોલિસી પેપર લખ્યું હતું, “જો તમે મોદી સરકારના પોલિસી ફ્રેમવર્ક અને મુત્સદ્દીગીરી પર નજર નાખો તો પર્યાવરણ અને સંરક્ષણ પર મોટો ભાર છે. આફ્રિકાથી ચિત્તા લાવવું, આંતરરાષ્ટ્રીય સૌર જોડાણનું વિસ્તરણ કરવું, પેરિસ આબોહવા-ક્લાઈમેટ ચેન્જ- કરાર પર હસ્તાક્ષર કરવો. એ તેના ઉદાહરણ છે”

સેનગુપ્તા કહે કે સૌર ઉર્જા અને સંરક્ષણ માટે દબાણ મોદીની વૈશ્વિક મુત્સદ્દીગીરીનો એક ભાગ છે. “વિશ્વ બદલાઈ રહ્યું છે અને વિકસિત દેશો હવે ક્લાઈમેટ ચેન્જ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. પરંતુ વડા પ્રધાન, તેમના કાર્યાલયના શરૂઆતના દિવસોથી, આ મુદ્દાઓ પર ભાર મૂકે છે કારણ કે તેઓ બદલાતા રાજકીય અને રાજદ્વારી મેદાન વિશે એક અચ્છા જાણકાર છે..

ચિત્તાની પહેલ સાથે, મોદીએ દર્શાવ્યું કે “વિકાસનો અર્થ માનવ-કેન્દ્રિતતા સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં તમામ જીવંત વસ્તુઓનો સમાવેશ થાય છે”. મોદી, તેમના વ્યક્તિત્વની તે બાજુ બતાવીને, વધુ લોકોને સમાન કારણોને લઈ પોતાની તરફ લેવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. 2009 માં, ગુજરાતમાં તત્કાલીન મોદી સરકાર વિનિમય કાર્યક્રમના ભાગરૂપે સિંગાપોર ઝૂમાંથી ચિત્તાની બે જોડી લાવી હતી . મોટી બિલાડીઓને જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવી હતી જો કે કુદરતી કારણોસર મૃત્યુ પામ્યા હતા.

2014માં તેમના ‘મેક ઈન ઈન્ડિયા’ ઝુંબેશની શરૂઆત દરમિયાન, મોદીએ વિજ્ઞાન ભવનમાં દેશની ટોચની 500 કંપનીઓના સીઈઓને કહ્યું હતું કે ભારતને વિશ્વનું અગ્રણી મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માટે આ અભિયાન “સિંહનું પગલું” હતું .

2016 માં, આસામ વિધાનસભાની ચૂંટણી પહેલા એક રેલીને સંબોધતા, મોદીએ કોંગ્રેસ પર હુમલો કરવા માટે આસામી સંસ્કૃતિમાં એક શિંગડાવાળા ગેંડાની કેન્દ્રીય ભૂમિકાને આહ્વાન કર્યું હતું. તેમણે તે વખતે કહ્યું હતું કે, “આંખો બંધ રાખવામાં આવી હતી અને ગેંડાને મારવાની મંજૂરી આપવામાં આવી હતી અને જેઓ ગેંડાને માર્યા હતા તેમને રાજકીય સમર્થન આપવામાં આવ્યું હતું,” 2019ની લોકસભાની ચૂંટણીમાં તેમણે જોરદાર જનાદેશ જીત્યાના મહિનાઓ પછી, મોદીએ કોર્બેટ નેશનલ પાર્કમાં શૂટ કરાયેલ મેન વિ વાઈલ્ડ વિથ બેર ગ્રિલ્સનો એપિસોડ દર્શાવ્યો હતો. આ એપિસોડ દરમિયાન જ મોદીએ તેમના બાળપણની એક વાર્તા સંભળાવી કે કેવી રીતે તેમની માતાએ તેમને વન્ય જીવોના સંરક્ષણનું મહત્વ શીખવ્યું હતું.



મોદીએ ગ્રિલ્સને કહ્યું હતું કે તેઓ એકવાર તળાવમાંથી મગરના બચ્ચાને ઉપાડીને ઘરે લઈ ગયા હતા. “મારી માતાએ મને કહ્યું કે તે કરવું યોગ્ય નથી, અને મેં તેને પાછું મૂકી દીધું,” એમ તેમણે યાદ કરતા કહ્યું હતું.. ઓગસ્ટ 2020 માં, વડા પ્રધાન તેમના સત્તાવાર લોક કલ્યાણ માર્ગ નિવાસસ્થાન પર મોરને ખવડાવતા હોય તેવો એક વિડિઓ પોસ્ટ કરવા માટે Instagramપર ગયા હતા. વિડિયોની સાથે હિન્દીમાં એક કવિતા પણ હતી.

આ વર્ષે જુલાઈમાં, વિપક્ષે સંસદની નવી ઈમારતની ઉપર રાષ્ટ્ર ચિન્હ પર દર્શાવવામાં આવેલા ચાર સિંહોના ‘ બેર્ડ ફેંગ્સ ‘ પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો . સારનાથમાં સમ્રાટ અશોકની સિંહ રાજધાની શાંતિનું પ્રતિક હોવાની દલીલ કરતા, વિપક્ષી નેતાઓએ મોદી પર “ક્રોધિત સિંહો”નું અનાવરણ કરીને “સ્નાયુબદ્ધ છબી રજૂ કરવાનો” પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો

લેખક અને પત્રકાર નીલંજન મુખોપાધ્યાય કુનોમાં આઠ ચિતાઓના મુક્તિનો ઉલ્લેખ કરતા જણાવે છે કે, ચિત્તા લાવવા, તેમને જંગલમાં છોડવા સહિતના તમામ પ્રસંગો અને ફ્રેમમાં મોદીની અંગત હસ્તાક્ષર હતા, અથીત તેમની જ હાજરી હતી.- પછી તે વ્યક્તિગત રીતે પાંજરાને ખુલ્લું ખેંચવું, અથવા તેમનો પોશાક, ચિત્રો લેતી વખતે ફોટોગ્રાફ કરવામાં આવે છે વગેરે. બધું એક કોરિયોગ્રાફ્ડ ઈવેન્ટ છે, ઈવેન્ટ મેનેજમેન્ટમાં ખૂબ જ અંત સુધી કસરત. રાષ્ટ્રને આપેલું સંબોધન પણ સારી રીતે પાર પાડવામાં આવ્યું હતું. તેથી, રાજકીય કોરિયોગ્રાફીને અવગણી શકાય નહીં.

“જો કે ચિત્તાઓને પાછા લાવવાની પ્રક્રિયા 2014 પહેલા શરૂ થઈ હતી, પરંતુ મોદી દ્વારા પરત લાવવાની ઘટના તે યાદોને ભૂંસી નાખવામાં સફળ રહી છે, અને હવે તે હંમેશા મોદી દ્વારા કરવામાં આવેલ કંઈક કામ તરીકે જોવામાં આવશે,” એમ મુખોપાધ્યાયે ઉમેર્યું હતું.. તે માત્ર એકલા મોદી જ નથી પણ જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી અને અટલ બિહારી વાજપેયી સહિતના ભૂતપૂર્વ વડા પ્રધાનો પણ સમજી ગયા હતા કે રાજકારણ અને મુત્સદ્દીગીરીમાં પ્રાણીઓની સાંસ્કૃતિક ઓળખ કેવી રીતે ચલાવી શકાય....





નેહરુએ બિન-જોડાણવાદી ચળવળનો પ્રચાર કરવા માટે શાંતિના પ્રતીક તરીકે કબૂતરોનો ઉપયોગ કર્યો હતો. તદુપરાંત, તે નહેરુ હતા જેમણે હાથીને ભારતનું પ્રતીક ગણાવતા હાથીને “જ્ઞાની, ધૈર્યવાન, મજબૂત અને સૌમ્ય” તરીકે વર્ણવ્યું હતું.

નેહરુના વિચારમાં વિશ્વાસ દર્શાવતા, વાજપેયીએ 2002માં એક બિઝનેસ સમિટમાં કહ્યું હતું : “ભારતીય અર્થતંત્રને ઘણીવાર હાથીથી ઓળખવામાં આવે છે. હાથીને તેના શરીરના તમામ ભાગોને એકસાથે આગળ વધવામાં સમય લાગી શકે છે પરંતુ એકવાર તેઓ વાસ્તવમાં હલનચલન કરવાનું શરૂ કરી દે છે, તે પછી વેગને વાળવો, ધીમો પાડવો, રોકવો અથવા પલટવો ખૂબ મુશ્કેલ છે.”

આ દરમિયાન ઈન્દિરા ગાંધીએ વાઘનો ઉપયોગ તાકાતના પ્રતીક તરીકે કર્યો હતો. એપ્રિલ 1973માં, તેણીએ સિંહને રાષ્ટ્રીય પ્રાણી તરીકે વાઘ સાથે બદલ્યો અને 1974માં પોખરણ ખાતે ભારતે તેનું પ્રથમ પરમાણુ પરીક્ષણ હાથ ધર્યું તેના લગભગ એક વર્ષ પહેલા તેણે પ્રોજેક્ટ ટાઈગર શરૂ કર્યો.

ThePrintસાથે વાત કરતાં, પ્રાણીશાસ્ત્રી કે. ઉલ્લાસ કરંથ, બેંગલુરુ સ્થિત સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ સ્ટડીઝના ડિરેક્ટર કહે છે- “મને લાગે છે કે ઈન્દિરા ગાંધી એકમાત્ર એવા વડાપ્રધાન હતા જેમને વન્યજીવ સંરક્ષણમાં ખરેખર રસ હતો. તેણીએ તેમાં સતત પ્રયત્નો કર્યા, સામેલ થવા માટે તે સમયે જે શ્રેષ્ઠ લોકોને મળી શકે તે એકઠા કર્યા, અને સૌથી વધુ, મજબૂત વન્યજીવ કાયદાની શરૂઆત કરવા અને પ્રકૃતિ માટે જગ્યાઓ બનાવવા માટે જનતામાં તેની લોકપ્રિયતાનો ઉપયોગ કર્યો.”

મોદીએ પણ, ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, તેમની રાજકીય બ્રાન્ડ બનાવવા માટે ‘ગુજરાતની અસ્મિતા (ગૌરવ)’ - જે એશિયાટિક સિંહનું પ્રતીક છે - તેના પર આધાર રાખ્યો હતો. ચાર દાયકાથી વધુ સમયથી પીએમને ઓળખતા ગુજરાત ભાજપના નેતાએ જણાવ્યું હતું કે મોદી રાજકારણના શરૂઆતના દિવસોથી જ પાણી અને વન્યજીવનના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ છે.

તેમણે ઉમેર્યું હતું કે મોદીનો “વન્યજીવન ફોટોગ્રાફી પ્રત્યેનો શોખ, સંરક્ષણ માટે તેમની જે ચિંતા દર્શાવે છે, જે હવે આરએસએસ માટે એક મહત્વનો વિસ્તાર છે.રાજકારણ બદલાઈ રહ્યું છે અને મોદી દેશના બદલાતા ધબકારાને સમજી શકે છે.”

---

# ગુજરાત ચૂંટણીની A B C

## આપ બીજેપી કોંગ્રેસ

### પાર્ટ-2

## વિધાનસભાની 182માંથી પ્રથમ બેઠક અબડાસાનો રસપ્રદ છે ઇતિહાસ

ગુજરાત વિધાનસભાની 182 બેઠકોની શરૂઆત કચ્છમાં અબડાસા બેઠકથી થાય છે. રાજ્યની આ પ્રથમ ક્રમાંકની બેઠકનો રાજકીય ઈતિહાસ પણ રસપ્રદ છે.

અબડાસા બેઠક ઉપર અત્યાર સુધીમાં એકનો એક ઉમેદવાર બીજી વાર ચૂંટણી જીતી શકતો નથી. ભૂતકાળમાં તારાચંદ છેડા, નરેન્દ્રસિંહ જાડેજા, છબીલ પટેલ, જયંતી ભાનુશાલી, ડો. નીમાબેન આચાર્ય અહીં બીજી વાર જીતી શકયા નથી. તો, અબડાસા બેઠક રાજકીય પક્ષ પલટાને કારણે પણ રાજયના રાજકારણમાં ચર્ચામાં રહી ચુકી છે. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ પેટા ચૂંટણીમાં આ બેઠક પરથી જીત્યા હતા.

## ગુજરાતમાં આ વખતે ઍન્ટી-ઇન્કમ્બન્સી ભાજપ માટે ચિંતાનું કારણ હોઈ શકે

અઢી દાયકાના સતત શાસન સામે સત્તાવિરોધી જુવાળ એટલે કે ઍન્ટી-ઈન્કમ્બન્સી ભાજપ માટે ચિંતાનું કારણ હોઈ શકે અને ન પણ હોઈ શકે. કારણકે, ઍન્ટી ઈન્કમ્બન્સી તો 2017માં પણ હતી અને 2012માં પણ હતી. રાંધણગૅસના ભાવ એક હજાર રૂપિયાને ટપી ગયા છે. પેટ્રોલના ભાવ એકસોને વટી ગયા બાદ છેલ્લાં કેટલાક સમયતી 96 રૂપિયાએ સ્થિર રહ્યાં છે.. આવા સંજોગોમાં ભાજપ ક્યા મુદ્દાને આગળ ધરીને જનતા પાસે મત માગવા જશે?

## પાટીદાર પ્રભાવ..

ચૂંટણીમાં દરેક વખતે હિન્દુત્વનો મુદ્દો હોય જ છે છતાં જ્ઞાતિ સમીકરણો અસર કરે જ છે. ગયા વખતે પાટીદાર આંદોલનને કારણે ભાજપને દસેક ટકા મત પાટીદારોના નહોતા મળ્યા અને તેને કારણે બેઠકો ઘટી હતી.આ વખતે પાટીદાર નેતા હાર્દિક પટેલ ભાજપમાં જોડાયા છે. તેથી તેનો લાભ મળી શકે. જો કે ખોડલધામવાળા નરેશ પટેલ કોંગ્રેસને ટેકો આપે તો ચિત્ર બદલાઈ શકે.

## 2017માં એક લાખ કરતાં વધુ મતોથી જીતનાર ધારાસભ્યો

સુરતની ચોયાર્સી બેઠક પરથી ભાજપના ઝંખના પટેલ 110819 મતથી વિજેતા બન્યા છે. ઝંખના પટેલને 173882 જ્યારે કોંગ્રેસના ઉમેદવાર યોગેશ પટેલને 63063 વોટ મળ્યા છે

અમદાવાદની ઘાટલોડિયા બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ચૂંટણી નહીં લડવાની કરેલી જાહેરાત બાદ ભાજપે ભૂપેન્દ્ર પટેલને ટિકિટ ફાળવી હતી. આનંદીબેનની જેમ ભૂપેન્દ્રભાઇ પણ 117750 વોટની જંગી બહુમતીથી વિજયી બન્યા હતા. 2012માં આનંદીબેન 110395 વોટથી વિજેતા બન્યા હતા.મત માગવા જશે?

## 2017માં 150નો દાવો, મળી 99..આ વખતે 182નો દાવો, કેટલી મળશે..?

2017ની ચૂંટણીમાં ભાજપે 150થી વધારે બેઠકો જીતી લેવાનો ટાર્ગેટ રાખ્યો હતો, પણ 99 બેઠક મળી હતી. આ વખતે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ભાજપ તમામ 182 બેઠકો જીતી જશે એવો દાવો કર્યો છે.

અલબત, મોટા ભાગના ચૂંટણી ગણિતજ્ઞો આ વાતને નકારે છે, સાથે એવું પણ સ્વીકારે છે કે ભાજપ માટે આ વખતે જીત મેળવવી અઘરી નથી. બેઠકો ઉત્તરોત્તર ઘટી છે એ ભાજપ માટે આ ચૂંટણીમાં ચિંતાનો વિષય હોઈ શકે. રાજકીય નિરીક્ષકો માને છે કે, ભાજપ માટે ચિંતાનો વિષય ન હોઈ શકે, કેમ કે દરેક ચૂંટણીનો મિજાજ અલગ હોય છે. આંકડા અમુક ટ્રૅન્ડ દર્શાવે અને અમુક અનુમાન કરી શકો, પણ વિજય મળે તે અગત્યનું હોય છે. રાજકારણમાં દર વખતે નવું રસાયણ-નવુ તત્વ હોય છે અને તેની આધારે ગણિત ગોઠવાતું હોય છે તેથી જૂનું ગણિત નવી ચૂંટણીમાં કામ ન કરે.

આમ આદમી પાર્ટી નામનું જે નવું પરિબળ છે એ પણ કૉંગ્રેસના મત તોડી ભાજપને ફાયદો કરાવી શકે છે, એમ કોંગ્રેસના નેતાઓ ઓન રેકોર્ડ કહીને આપ પાર્ટીને ભાજપની બી ટીમ કહી રહ્યાં છે. અને આપ પાર્ટી તથા કેજરીવાલને કારણે આ વખતે 2017 કરતાં 2022માં ભાજપ માટે જીતવું થોડું આસાન રહેશે. છેલ્લી ઘડી સુધી નિર્ણય ન કરી શકતા હોય તેવા મતદારો એટલે કે “અનડિસાઈડેડ વોટર્સ કે ફ્લોટીંગ વોટ “ આપ પાર્ટીને મત આપી શકે છે. કેજરીવાલનો આપ નાનો પક્ષ છે. દિલ્હી ઉપરાંત પંજાબમાં સરકાર બની છે. તેનો પક્ષ મોટો થાય તો પહેલું નુકસાન કૉંગ્રેસને કરે અને તેની લોકપ્રિયતામાં વધારો થાય તો બીજું નુકસાન ભાજપને કરે, એમ પણ નિરીક્ષકો માની રહ્યાં છે. આમ આદમી પાર્ટીનો વધતો ફેલાવ કૉંગ્રેસને 2017 કરતાં પણ વધુ સીમિત કરી દેશે એવું પણ નિરીક્ષકો કહે છે.2017 કરતાં 2022ની ચૂંટણી ભાજપ માટે વધારે પડકારજનક છે.

જો કે ભાજપના પ્રવક્તા યજ્ઞેશ દવે માને છે કે, આ વખતે 160 કરતાં વધુ બેઠકો પાર્ટી મેળવશે.. તેના કારણોમાં તેઓ કહે છે કે, 2017માં 33 જિલ્લા પંચાયતમાંથી 26 જિલ્લા પંચાયતમાં માં કોંગ્રેસ પાસે સત્તા હતી. ભાજપ પાસે પાંચ બેઠક જ ભાજપ પાસે હતી. 2022માં ભાજપ પાસે 31 જિલ્લા પંચાયતો છે. તાલુકા પંચાયતમાં 225માંથી 211માં ભાજપે જીત મેળવી છે. આમ સ્થાનિક સ્વરાજથી લઈને લોકસભા સુધી ભાજપની બેઠકો વધી છે. તેથી આશા છે કે 160થી ઉપર તો આવશે જ.”

## આ પાંચ બેઠક પર હાર-જીતનું અંતર રહ્યું 1000 વોટથી પણ ઓછું..

- ગુજરાત વિધાનસભાની 2017ની ચૂંટણીમાં પાંચ બેઠક પર હાર-જીતનું અંતર રહ્યું 1000 વોટથી પણ ઓછું રહ્યું હતું. જેમાં કપરાડા બેઠક પરથી વિજેતા બનેલા કોંગ્રેસના જીતુભાઈ ચૌધરી આ યાદીમાં પ્રથમ નંબરે છે.
- માણસા બેઠક પર કોંગ્રેસના સુરેશ પટેલનો 524 મતથી વિજય થયો હતો. આ બેઠક પર જો કે 3000 મતદારોએ નોટાનું બટન દબાવ્યું હતું...!
- દિયોદર બેઠક પર કોંગ્રેસના શિવાભાઈ ભૂરિયાનો 972 વોટથી વિજય થયો હતો. આ બેઠક પર ભાજપ બીજા નંબરે અને નોટા ત્રીજા નંબરે રહ્યું હતું.
- બોટાદમાં ભારે રસાકસી બાદ ભાજપના સૌરભ પટેલનો 906 વોટથી વિજય થયો. અહીં સૌરભ પટેલને 79623 જ્યારે કોંગ્રેસના ડીએમ પટેલને 78717 વોટ મળ્યાં હતા..
- વિજાપુર બેઠક પર ભાજપના રમણભાઈ પટેલ 1164 મતથી જીત્યા હતા. અહીં ભાજપને 72326 અને કોંગ્રેસને 71162 વોટ મળ્યાં હતા.
- ડાંગ સીટ પર કોંગ્રેસના ઉમેદવાર મંગળભાઈ ગાવિત ભાજપના વિજયભાઈ પટેલને કાંટાની ટક્કર આપીને 768 વોટથી જીત્યા હતા.
- કપરાડા બેઠક પરથી કોંગ્રેસના જીતુભાઈ ચૌધરી માત્ર 170 વોટની લીડ સાથે જીત્યા છે. તેમણે ભાજપના રાઉત મધુભાઈને મ્હાત આપી હતી. જીતુભાઇને 93000 અને ભાજપના ઉમેદવાર 92830 વોટ મળ્યાં હતા.
- વિધાનસભા ચૂંટણીના થોડા સમય પહેલા કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં આવેલા સીકે રાઉલજીનો ગોધરા બેઠક પર 244 વોટથી વિજય થયો હતો. વડાપ્રધાન મોદીએ તેમના માટે ચૂંટણી સભા પણ સંબોધી હતી.
- ધોળકા બેઠક પર ભાજપના દિગ્ગજ નેતા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા 327 વોટથી વિજેતા બન્યા હતા. તેમને કોંગ્રેસના અશ્વિનભાઈ રાઠવાએ જોરદાર ટક્કર આપી હતી. જો કે ત્યારબાદ મામલો કોર્ટમાં ગયો હતો અને ચુડાસમાને ગેરકાયદે જિતેલા જાહેર કરી પરિણામ રદ્દ કર્યું હતું.

## મતદારોનો આંકડો 4 કરોડ 90 લાખને પાર

૧૦મી ઓકટોબર,૨૦૨૨ના રોજ આખરી મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.આ મતદારયાદી અનુસાર રાજ્યમાં કુલ ૪,૯૦,૮૯,૭૬૫ મતદારો નોંધાયા છે.જેમાં ૧૪૧૭ જેટલા ટ્રાન્સજેન્ડર મતદારોનો પણ સમાવેશ થાય છે. જેઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.કુલ મતદારોમાં ૨,૫૩,૩૬,૬૧૦ પુરૂષ અને ૨,૩૭,૫૧,૭૩૮ મહિલા મતદારો નોંધાયા છે. કુલ ૧૧,૬૨,૫૨૮ જેટલા નવા મતદારો નોંધાયા છે.

## નોટબંધી મામલે સુપ્રીમ કોર્ટે લીધો મોટો નિર્ણય, કેન્દ્ર સરકાર અને RBIને નોટિસ ફટકારી માંગ્યો જવાબ

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે વર્ષ 2016માં થયેલ નોટબંધીની બંધારણીય માન્યતા પર બુધવારે સુનાવણી કરી. અરજી પર કોર્ટે કેન્દ્ર સરકાર અને આરબીઆઈ પાસે વિસ્તૃત એફિડેવિટ દાખલ કરવા કહ્યું છે. આ મામલામાં આગળ સુનાવણી ૯ નવેમ્બરના રોજ થશે. જણાવી દઈએ કે વર્ષ 2016માં કેન્દ્ર સરકારે 500 અને 1000 રૂપિયાની નોટોને બંધ કરવાનું એલાન કર્યું હતું, જેની સામે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે મામલાની સુનાવણી કરતા બુધવારે કહ્યું હતું કે તે સરકારનાં નીતિગત નિર્ણયોની ન્યાયિક સમીક્ષા પર ‘લક્ષ્મણ રેખા’થી માહિતગાર છે, પણ એ નક્કી કરવા માટે કે 2016ની નોટબંધીનાં નિર્ણયની તપાસ કરવી પડશે કે શું આ મુદ્દો માત્ર ‘એકેડમિક’ અભ્યાસ બની ચુક્યો છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### તો હું આત્મહત્યા...

એવું વિચારે છે કે જો પ્રત્યાર્પણ કરવામાં આવે તો તેને મારી નાખવામાં આવશે. ભારતીય જેલમાં મૃત્યુ પામવાની આશા છે. તેની બીમારી એટલી ગંભીર છે કે તેને બે વખત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. તે જેલમાં આત્મહત્યા ન કરે એટલા માટે વોચ રાખવામાં આવી છે. તે નિરર્થકતા, અર્થહીનતા અને નિરાશાની લાગણીઓથી પીડાઈ રહ્યો છે.

નિરવ મોદીના મનોચિકિત્સકે એવું પણ કહ્યું કે, તેને ચિંતા છે કે ભારતમાં તેની હત્યા થઈ શકે છે. આ મનોચિકિત્સકે નિરવ મોદીને થોડુ ડિપ્રેશન હોવાનું નિદાન કર્યુ છે. મનોચિકિત્સકના જણાવ્યા મુજબ, હાલ તે આત્મહત્યાનું જોખમ ધરાવી રહ્યો છે. જો પ્રત્યાર્પણ કરવામાં આવ્યું તો આત્મહત્યા સહિતની સંભાવના છે. હતાશા અને પરિવારથી દૂર હોવાના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. નિરવ મોદીએ એ પણ ધ્યાન દોર્યુ હતુ કે તેની માતાએ પોતાનો જીવ લીધો હતો.

નિરવ મોદીના મનોચિકિત્સક એન્ડ્રુ ફોરેસ્ટરે કહ્યું કે, ભારતમાં એવું કંઈ બની શકે છે કે જેનાથી જોખમ ઊભુ થશે. નિરવ મોદી હાલ જેલમાં છે અને એ સ્થિતિ અંગે ભારત સરકારના આશ્વાસનોની ટીકા કરતા કહ્યું કે, કોઈ વ્યક્તિગત દેખરેખ રાખે એવી કોઈ યોજના નથી અને તેણે ભારતીય જેલોમાં પોતાની જાતને હાનિ પહોંચાડવાને કેવી રીતે અટકાવી તે માટો કોઈ પ્રોટોકલ જોયો નથી. પરંતુ ભારત સરકાર વતી પ્રતિનિધિત્વ કરી રહેલા હેલેમ માલ્કમ કેસીએ કોર્ટને જણાવ્યું કે, નિરવ મોદીને ખાનગી મનોચિકિત્સકો મળશે. તે જેલમાં પોતાનો સેલ બીજા સાથે શેર કરી શકશે. ચોવીસ કલાકમાં ભારતમાં આગમન વખતે આ જોવામાં આવશે. નિરવ મોદીને દરરોજ તેના વકીલ સાથે મુલાકાત પણ કરાવવામાં આવશે. સાથે જ અઠવાડિયામાં એક વાર પરિવાર સાથે મુલાકાત કરાવવામાં આવશે.

### ગોવાના સમુદ્ર ...

પડ્યું હતું. વિમાનમાં ટેકનિકલ ક્ષતિ હોવાનું માનવામાં આવે છે. રશિયન બનાવટના મિગ-29 વિમાન ભારતીય હવાઈ દળ માટે અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે અને અગાઉ 29 જુલાઈના રોજ મિગ શ્રેણીનું લડાયક વિમાન તૂટી પડ્યું હતું જેમાં બે પાયલોટના નિધન થયા હતા.

### ઉત્તરાખંડમાં ...

ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લામાં 3,500 મીટર કે તેથી વધુની ઉંચાઈવાળા કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ હિમવર્ષા થવાની સંભાવના છે.

આ ઉપરાંત રાજ્યના પર્વતીય જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા, કરા અને ભારે વરસાદની સંભાવના છે. આ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુરુવારે પણ હવામાન આવું જ રહેશે. જો કે તેના માટે હજુ સુધી કોઈ એલર્ટ જારી કરવામાં આવ્યું નથી. હવામાન વિભાગનું કહેવું છે કે રાજ્યમાં કેટલીક જગ્યાએ વીજળી પડવાને કારણે જાનમાલનું નુકસાન થઈ શકે છે.

### કેન્દ્રીય ચૂંટણીપંચની...

ડિફેન્સ એકસપો ના અંતે એર-શોનું આયોજન છે જે અંતિમ સતાવાર કાર્યક્રમ હશે.

શ્રી ભાદુના નેતૃત્વની ટીમ સૌરાષ્ટ્રમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરવા રાજકોટ આવશે તેવા સંકેત છે અને સૌરાષ્ટ્રના જીલ્લા કલેકટરો તથા પોલીસ અધિકારીઓ ઉપરાંત ચૂંટણી સાથે જોડાયેલા અધિકારીઓની કોન્ફરન્સ રહેશે અને તા.24ના દિપાવલી છે અને તે પછી ચૂંટણીની જાહેરાત થઈ શકે છે.

### ધરતીને બચાવવામાં ...

પહેલાથી ખબર હતી, એવામાં આ એસ્ટેરૉઈડ વિરૂદ્ધ જ ડાર્ટ મિશનને અંજામ આપવામાં આવ્યું. ડાર્ટ મિશન પર કામ કરી રહેલા વૈજ્ઞાનિકો માટે સૌથી મોટો પડકાર હતો કરોડો કિલોમીટર દૂર સ્થિત નાના એસ્ટેરૉઈડ ડાઈમૉરફોસ પર સ્પેસક્રાફ્ટને સટીકતાથી ટકરાવવું. આ સમસ્યાના સમાધાન માટે નાસાએ સ્પેસક્રાફ્ટમાં સામેની તરફ DRACO CAMERA લગાવ્યો હતો.

અનુસંધાન પેજ 12 પરથી...

### ગ્યાસુદ્દીન શેખનો...

કહે છે- શાહપુર, દરિયાપુર અને કાલુપુર તેમજ ખાડિયા વિસ્તારનો અમુક ભાગ તેમના વિધાનસભા મતક્ષેત્રમાં આવે છે. દરિયાપુર વિધાનસભા ક્ષેત્ર કોમી એકતા અને ભાઈચારા માટે પણ જાણીતું છે, અહીં હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના લોકો સાથે હળી-મળીને રહે છે. છેલ્લા પાંચ વર્ષમાં તેમણે શિક્ષણ, આરોગ્ય અને પ્રાથમિક સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે. કાલુપુર અને દરિયાપુરમાં બે પબ્લિક શાળાઓ બનાવવામાં આવી છે, કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યો છે. સાથે જ કેટલીક સરકારી શાળાઓનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું છે. અગાઉ અહીં ગંદકીની ઘણી સમસ્યા હતી. લોકો ગમે ત્યાં કચરો ફેંકતા હતા. પરંતુ તેઓ ધારાસભ્ય બન્યા ત્યારથી તેઓ લોકોની વચ્ચે જાય છે અને તેમની સાથે વાત કરે છે અને વિસ્તારને સ્વચ્છ રાખવાની સલાહ-સૂચનો પણ આપે છે. તેમના વિસ્તારની તમામ સોસાયટીઓ તેમજ મોહલ્લાઓમાં ડ્રેનજ લાઈન, રોડ રાસ્તો એકદમ ટકાકટ છે. પાણીની સમસ્યાના નિરાકરણ માટે દરિયાપુરમાં પાણીની ટાંકી બનાવવામાં આવી છે.

### ઉ.ગુજરાતથી ભાજપની...

સંપર્કનું આયોજન કરાયું છે. બહુચરાજી અને દ્વારકા એમ બે જગ્યાએથી યાત્રાની શરૂઆત કરવામાં આવી છે.

યાત્રાઓનો પ્રારંભ અને સમાપન ધાર્મિક સ્થળોએ રાખવાની રણનીતિ છે. બહુચરાજીથી નીકળનાર ગૌરવ યાત્રાના રથમાં નીતિન પટેલ સવાર થશે. તેમની સાથે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા અને રજની પટેલ પણ હાજર છે. આ સિવાય નંદાજી ઠાકોર, ઋષિકેશ પટેલ પણ યાત્રામાં જોડાયા છે. દાનવે રાવસાહેબ દાદારાવ પણ રથયાત્રામાં જોડાવાના છે.

### ‘મંદિરમાં ન જજો...

લોકો સુધી જાય એ પોષાય એમ નથી. એમની જ પાર્ટીના લોકો સોશિયલ મીડિયામાં લખે છે એ પર્સનલ વિચાર છે. એવો સમય આવ્યો છે કે એમની પાર્ટીએ એમના પરથી હાથ ધોઈ લેશે.

### સેંકડો લોકોની...

કરે તો રોજે રોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ, નોકરીયાતો, સ્વ- રોજગારી કરતી મહિલાઓ વગેરેને હેરાન પરેશાન થવું ન પડે. અને એક સુવિધા મળશે તો ચૂંટણીમાં તેના આર્શિવાદ પણ મળશે.

# ડોલરની તુલનામાં ભારતીય ચલણ રૂપિયો ઝડપથી વધુ ગગડીને 82.32 ની સપાટીએ પહોંચ્યો



ગુજરાત | વંદન

અમેરિકન ડોલરની તુલનાની સદ્ધરતા માટે યુએસ ફેડ દ્વારા લેવાયેલા પગલાને અનુરૂપ વધવાથી તેની તુલનાત્મક પરિસ્થિતિ ભારતીય રૂપિયા ઉપર પડી છે, જેથી ભારતીય ચલણ સતત નીચી સપાટીએ સરકતો જાય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેની આ બાબતમાં રૂપિયાને ટકાવી રાખવા માટે તેની હસ્તકના ડોલરની અનામતોનો હિસ્સો બજારમાં વેચી રહ્યું છે. જેથી રૂપિયાનું ચલણ વધુ નીચે સરકી ન જાય તેવું વિચારાયું છે. વૈશ્વિક પરિબળોની અસરે રૂપિયાનું ચલણ ડોલરની તુલનામાં સતત નીચે સરકતું જાય છે. હકીકતમાં રૂપિયાનું ચલણ આવતા સપ્તાહમાં ડોલરની તુલનામાં જે નીચે સરકીને 73.77 ની સપાટીએ હતું તે તાજેતરમાં 82.32 ની નીચી સપાટીએ 1 ડોલર દીઠ પહોંચવા પામ્યું છે.

અમેરીકન ફેડ. દ્વારા ચાલુ વર્ષના તેના વ્યાજના દરો વધારવાની પ્રક્રિયા સતતપણે હાથ ધરાઈ છે. તેની ગંભીર અસર વિવિધ દેશોની કરન્સી ઉપર પડવા પામી છે. આની વધુ સાપેક્ષ અસર રૂપિયાના મુલ્યો પર પડી છે. અમેરિકન ડોલર આ વર્ષમાં સતત ત્રીજી વખત વ્યાજના દર વધારવામાં આવ્યા છે. આ પ્રક્રિયા હાથ ધરવા પાછળનું મૂખ્ય પરિબળ અમેરિકામાં મોંઘવારી જે સતત વધી રહી છે તેને 40 વર્ષના રેકોર્ડ સપાટીથી નીચે સરકી છે. આની અસર રુપે ભારત દ્વારા અમેરિકન ડોલર ચુકવીને કરાતી આયાતો ખુબ ખર્ચાળ બની છે. સવિશેષ કરીને અમેરીકામાં અભ્યાસ પાછળ કરાતી ડોલરની ચુકવણીમાં કરાતું પેમેન્ટ ખુબ મોંઘું થયું છે, તેવી જ રીતે અમેરિકામાં ફરવા જતા ટુરિસ્ટોને વધુ રૂપિયા ખર્ચીને વધુ ડોલર ખરીદવા પડે છે. આગામી અમેરિકા ભણવા જવા માટે જે વિદ્યાર્થીઓ એક ડોલરના રૂ. 50 ચુકવતા હતાં તે આ અસરે ઝડપથી 82.32 ની સપાટીએ પહોંચી ગયા છે.

## બજારોનાં અંતરંગ

### સતત વધતા જતા સોનાનાં ભાવોમાં તેજીનો તબક્કો શરૂ થશે



સતત વધતા જતાં ફુગાવાના પરિબળોને કારણે સોનાના ભાવોમાં તેજીનો તબક્કો જોવા મળશે જો કે ઈન્વેસ્ટરો સોનાના ભાવમાં સારુ કરેક્શન આવે ત્યાં સુધી રાહ જોવાની નીતિ અપનાવી રહ્યા છે. મલ્ટી કમોડીટી એક્સચેન્જના વર્તુળો દર્શાવે છે કે 12 ઓગસ્ટ 2022 ના રોજ ફુગાવાના ડેટા જાહેર થયા ત્યાં સુધી સોનું ખરીદવા માટે રાહ જોવાનું સુચન કર્યું હતું. પરંતુ તાજેતરમાં ડોલરની તુલનામાં રૂપિયો વધુ નબળો પડતાં ધનિકો તરફથી વધુ પૈસા ચુકવી સોનું ખરીદવાનું વલણ અપનાવી રહ્યા છે. અને એવી શક્યતા દર્શાવે છે કે 2022 ના અંત સુધીમાં ભારતનાં બુલિયન બજારમાં સોનાનો 10 ગ્રામનો ભાવ રૂ. 55000 ની સપાટીએ પહોંચશે.

### અદાણી રાજસ્થાનમાં 7 વર્ષમાં રૂ. 65000 કરોડનું રોકાણ કરશે

તાજેતરમાં અદાણી ગ્રુપના સર્વેસર્વા અને ધનિક, સાહસિક ઉદ્યોગપતિ શ્રી ગૌતમ અદાણીએ એવી જાહેરાત કરી છે કે આગામી સાત વર્ષમાં રૂ. 65000 કરોડનું જંગી મુડી રોકાણ કરવામાં આવશે. આ ઉપરાંત 10000 મેગા વોટની ક્ષમતા ધરાવતો સોલર પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવશે. રાજસ્થાનમાં સિમેન્ટના ઉત્પાદનની ક્ષમતાના વિસ્તરણ માટેનો કાર્યક્રમ પણ હાત ધરાશે. તેઓ રાજસ્થાનમાં 40000 લોકોને રોજગારીની તકો પુરી પાડશે.

### TCSનો નફો 8 ટકા વધી 10431 કરોડની સપાટીએ પહોંચ્યો

ટાટા ગ્રુપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસ નામની કંપની કે જે ટીસીએસ નામથી ઓળખાય છે. તેણે ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક સમયગાળામાં અદભુત પ્રગતિ સાધી છે. હકીકતમાં આ કંપની ભારતની સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ એક્સપોર્ટર કંપની છે. કંપનીના ડિરેક્ટરોએ ઉત્સાહપ્રેરક પ્રગતિથી પ્રેરાઈને રૂ. 8 લેખે બીજું ઈન્ટ્રીમ ડિવિડન્ડ જાહેર કર્યું છે. કંપનીએ વાર્ષિક ધોરણે 18 ટકાની વૃદ્ધિ હાંસલ કરી રૂ. 55309 કરોડની સપાટીએ પહોંચી છે. આ આંકડા સપ્ટેમ્બરના અંતે પુરા થયેલ ત્રિમાસિક સમયગાળાનાં છે. કંપનીનો ચોખ્ખો નફો 8.4 ટકા વાયઓવાય ધોરણે 10431 કરોડ થવા પામ્યો છે. કંપનીએ શેર બજારના વર્તુળોની આકાંક્ષાને પરિપુર્ણ થાય તેવી આવક અને પ્રોફિટમાં પ્રાપ્ત કરી છે.

### IDBI બેંક દ્વારા સરકારને LICનું શેર હોલ્ડીંગ વેચવા નિર્ણય

કેન્દ્ર સરકાર અને એલઆઈસી કે જે આઈડીબીઆઈ બેંકનું મહત્વપુર્ણ ઈક્વીટી શેરોનું શેર હોલ્ડીંગ ધરાવે છે આ બંને આઈડીબીઆઈ બેંક નાં શેરોમાં તેજીનો તબક્કો શરૂ થવાના સંજોગોનો લાભ ઉઠાવવા માટે ડીસઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈડીબીઆઈ બેંકનાં 60.72 ટકા નું શેર હોલ્ડીંગ સંયુક્તપણે વેચાણ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયાના અંતે કેન્દ્ર સરકાર અને એલઆઈસીનું શેર હોલ્ડીંગ 26 ટકાની સપાટીએ ઉતરી જશે છતાં બંને અગ્રણી શેર હોલ્ડરો તરીકેનો વોટીંગ રાઈટ્સ પ્રાપ્ત કરશે.

### ઈન્ફોસિસ નામની ઈન્ફોર્મેશન કંપનીએ 13મીએ શેર બાયબેક કરવાની ઓફરની કરી જાહેરાત

ઈન્ફોર્મેશન ટેકનોલોજી ની વિખ્યાત કંપની ઈન્ફોસિસ દ્વારા 13 ઓક્ટોબરના રોજ તેના ઈક્વીટી શેરોનું બાયબેક કરવાની ઓફર ખોલવાની જહેરાત કરી છે. આની અસર રુપે ઈન્ફોસિસમાં ઈક્વીટી શરોમાં નોંધપાત્ર તબક્કો શરુ થયો છે. આ જાહેરાત પુર્વે ગયા મહિને જાણીતી શેર બ્રોકર કંપની જેફરીઝ દ્વારા આગાહી કરેલ હતી કે કંપની બાયબેકની ઓફર શરુ કરશે. આ તબક્કે કંપનીના ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિકના તબક્કામાં કમાણીના આંકડા જાહેર થશે તે વખતે આની સત્તાવાર જાહેરાત થશે તેવું જાણવા મળી રહ્યું છે.

## કેન્દ્રને સપ્ટેમ્બરમાં ₹1.47 લાખ કરોડની GSTની આવક પ્રાપ્ત થઈ




ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારને સપ્ટેમ્બર 2022 ના માસમાં 1.47 લાખ કરોડની જીએસટીની આવક પ્રાપ્ત થઈ છે જ્યારે ઓગષ્ટ મહિનામાં 1.44 લાખ કરોડની હતી. આગલા વર્ષના સપ્ટેમ્બર માસમાં 1.17 લાખ કરોડની જીએસટીની આવક હતી. પણ હકિકતમાં સૌથી મોટું જીએસટી કલેક્શન એપ્રિલ 2022માં રૂ. 1.67 લાખ કરોડની સપાટીએ થવા પામયું હતું. જીએસટી મહારાષ્ટ્ર રાજ્ય ટોપ પાંચ રાજ્યોની યાદીમાં સમાવિષ્ટ થવા પામ્યું છે. મહારાષ્ટ્રમાં જીએસટીનુ કલેક્શન 29 ટકા વધીને 21403 કરોડની સપાટીએ પહોંચ્યું છે, જ્યારે કર્ણાટક દ્વારા 97.60 કરોડનું કલેક્શન સાતે તેનો બીજો ક્રમાંક રહ્યો છે. ગુજરાત રાજ્યે 9020 કરોડની જીએસટી કલેક્શન પ્રાપ્ત કર્યું છે. ત્રીજા ક્વાર્ટરમાં ત્રીજા ક્રમાંકેનું સ્થાન રહેવા પામ્યું છે.

વિશ્વ બેંક દ્વારા ભારતનો વિકાસ દર 2023 ના વર્ષમાં 6.5 ટકાની સપાટીએ પહોંચશે તેવી જાહેરાત કરી.

વિશ્વ બેંક દ્વારા નાણાંકીય વર્ષ 2023ના વર્ષ માટે ભારતનો અંદાજીત આર્થિક વિકાસ દર 1 ટકો ઘટીને 6.5 ટકાથી જાહેર કરાયો છે. જુન 2022માં જે 7.5 ટકા અંદાજ આવ્યો હતો. આ બાબતને લક્ષ્યમાં લઈને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આર્થિક વિકાસનો દરમાં કાપ મુકવાની નીતિ અપનાવી છે.

જો કે વિશ્વ બેંક દ્વારા એક નોંધનીય બાબત છે કે વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારત વધુ મક્કમ પ્રગતિ કરી રહ્યું છે. ચાલુ વર્ષના ભારતીય અર્થતંત્ર 8.7 ટકાના દરે વૃદ્ધિ પામશે તેવું દર્શાવાયું છે. દક્ષિણ એશિયાની તુલનામાં ભારતીય અર્થતંત્ર એકંદરે વધુ સારો રહ્યો છે. હકીકતમાં કોરોનાની મહામારીની અશરથી વિપરિત સંજોગો પછી ભારતીય અર્થતંત્ર ઝડપથી વિકાસ પામી રહ્યું છે.

ભારતીય અર્થતંત્ર સર્વિસ સેક્ટરમાં તેમજ એક્સપોર્ટ ક્ષેત્રમાં સારો દેખાવ કર્યો છે. આમ છતાં ભારતના આર્થિક વિકાસનો દર ઘટાડાવાના અંદાજ માટે ચાલુ વર્ષના છ માસિક સમયગાળામાં ભારતીય તંત્ર નબળું પડશે તેવી દહેશત દર્શાવી છે.

આ બાબતને અનુસરતા એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતનો જીડીપીનો અંદાજ નીચે અંદાજ્યો છે. આ માટેનું કારણ દર્શાવવામાં આવતા ભારતમાં મોંઘવારની પરિસ્થિતિ સતત વધતી રહી છે. અર્થતંત્ર ઉપર તેની માઠી અસર થઈ છે અને એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતીયત અર્થતંત્રનો વુદ્ધિ દર 7 ટકા રહેવાનો અંદાજ દર્શાવ્યો છે. જો કે ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં ભારતીય વિકાસનો દર 13.5 ટકા રહ્યો છે. ઈકરા (Ikara) નામની રેટીંગ એજન્સીએ ચાલુ નાણાંકીય વર્ષમાં ભારતનો આર્થિક વૃદ્ધિ દર 7.2 ટકાની સપાટીએ જળવઆઈ રહેશે તેવું દર્શાવ્યું છે. ઈન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ (આઈએમએફ) દ્વારા એવું દર્શાવાયું છે કે વૈશ્વિક મંદી ચાલુ વર્ષમા વધશે. દુનિયાભરનાં દેશોની કેન્દ્રિય બેંકો મોંઘવારીને કાબુમાં લેવા માટે વ્યાજના દરો વધારવાની નીતિ જાળવી રાખશે. જેનાથી આર્થિક મંદી કારણભુત પરિબળ બનશે. આ બાબત આઈએમફના વડા શ્રી ક્રિસ્ટાલીનાએ દર્શાવ્યું છે. તેમણે જણાવ્યું છે કે 2026 સુધીમાં વૈશ્વિક અર્થતંત્રનાં વિકાસમાં 4 હજાર અબજ ડોલરનો ઘટાડો થશે. વધતી જતી મોંઘવારી માટે ચિંતાની બાબત તેમણે દર્શાવી છે. હકીકતમાં રશિયા-યુક્રેનના યુદ્ધને કારણે તેમજ ક્લાઈમેટચેન્જના કારણે વૈશ્વિક અર્થતંત્ર ઉપર તેની માઠી અસર પડી છે.

## ખાંડની નિકાસ દ્વારા સરકારને 40 હજાર કરોડની જંગી આવક થઈ

ગુજરાત | વંદન



સપ્ટેમ્બર 2022 ના મહિનાના અંતે દેશમાંથી ખાંડની નિકાસ 57 ટકા જેટલી વધીને 109.80 લાખ ટનની સપાટીએ પહોંચી છે, જેના પરિણામે દેશને 40000 કરોડની જંગી આવક પ્રાપ્ત થઈ છે.

કેન્દ્ર સરકારે ખેડૂતોને શેરડીના એરિયર્સની રકમ રૂ. 6 હજાર કરોડની ચુકવણી કરી છે. જ્યારે સ્યુગર મિલોના માલિકોએ ખેડૂતોને 118 લાખ કરોડની રકમની ચુકવણી કરવા પાત્ર હતી તેની સામે 112 લાખ કરોડની રકમની ચુકવણી કરી દીધી છે. સમગ્ર વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉત્પાદક અને વપરાશકાર તરીકે 2021 ના વર્ષમાં બીજા નંબરનું સ્થાન ભારતે મેળવ્યું છે. દેશમાં ઉત્પાદનની મોસમમાં 50000 લાખ ટન શેરડીનું ઉત્પાદન થવા પામ્યું છે. જ્યારે 35 લાખ ટન ખંડનો ઉપયોગ ઈથેનોલના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાયો છે. અને સ્યુગર મીલો દ્વારા દેશમાંથી 359 લાખ ટન ખાંડ ઉત્પાદન થવા પામી હતી.

2021 ના માર્કેટીંગ વર્ષ દરમ્યાન દેશમાંથી 70 લાખ ટનની ખાંડની નિકાસ થઈ હતી. 2019-20 ના વર્ષમાં 59 લાખ ટન અને 2018-19ના વર્ષમાં 38 લાખ ટન ખાંડની નિકાસ થઈ હતી. આમ, સમૃદ્ધ નિકાસથી સરકારને ખાંડની નિકાસ મારફતે 4 હજાર કરોડની જંગી આવક પ્રાપ્ત થવા પામી છે.

## દેશના હાઉસિંગ સેક્ટરની પ્રગતિ વધુ નોંધપાત્ર બની

ગુજરાત | વંદન

દેશના આર્થિક વિકાસની સારી અસર રુપે માંગનું પ્રમાણ પ્રતિકુળ પરિબળો વચ્ચે જળવાઈ રહેવા પામ્યું છે તે એક મહતવપુર્ણ બાબત છે. હકિકતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટ વધારવાનું વલણ અખત્યાર કરાતાં હાઉસિંગ લોન લોનનાં વ્યાજમાં સતત વધારોથી રહ્યો છે. તેમજ બાંધકામ સામગ્રીમાં વપરાતા સિમેન્ટ ટાઈલ્સ પાઈપ ફીટીંગ તેમજ અન્ય આઈટમોનાં ભાવો પણ ઝડપથી વધી રહ્યા છે. આવા સંજોગોમાં પણ હાઉસિંગ પ્રોજેક્ટની કિંમતો વધવા પામી છે. આમ છતાં તેની કોઈ અસર આવાસો ખરીદનારા ગ્રાહકો ઉપર દર્શાતી નથી અને માંગ સતત વધતી રહેવા પામી છે.

### બાંધકામ સામગ્રીના ભાવો વધવા ઉપરાંત હાઉસિંગ લોન વધુ મોંઘી થવા છતાં રહેઠાણોની માંગમાં સંગીન પ્રગતિ

હકીકતમાં ચાલુ નાણાંકીય વર્ષમા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા કુલ્લે 190 બેસીસ પોઈન્ટનો વધારો રેપોરેટમાં વધારો કરાયો છે. આથી હાઉસિંગ ક્ષેત્રની બેંકો દ્વાર ચાર્જ કરાતાં વ્યાજનો દર અસામાન્ય રીતે વધવા પામ્યો છે. આવા પ્રતિકુળ પરિબળોની અસર વચ્ચે પણ હાઉસીંગ સેક્ટર ભાવ વધાર્યા છે છતાં હાઉસીંગ સેક્ટરનું માંગ વૃદ્ધિનુ પરિબળ વધુ સક્રિય બન્યું છે.

## સ્વિસ બેંકોમાં ભારતીયોના એકાઉન્ટની વિગતોનો ચોથો સેટ ભારતને સોંપાયો




ગુજરાત | વંદન

ભારતને સ્વિત્ઝરલેન્ડની સ્વિસ બેંકોમાં રહેલા ભારતીયોના એકાઉન્ટોની નામ અને સરનામાની વિગતો અને તેનું છેલ્લું બેલેન્સ કઈ સપાટીએ છે તેની વિગતો પ્રાપ્ત થઈ છે.

એન્યુઅલ એક્સચેન્જ ઓફ ઈન્ફોર્મેશનની રૂઈએ સ્વિત્ઝરલેન્ડ વિશ્વના 101 દેશો સાથે 34 લાખ જેટલા નાણાંકીય ખાતાની વિગતો જાહેર કરી છે. ભારતમા એઈઓઆઈ હેઠળ વિગતનો પહેલો સેટ 2019માં મળ્યો હતો. ભારતને પુરી પાડવામાં આવેલી વિગતો મુજબ નાણાંકીય ખાતાઓ સાથે મલ્ટીપલ એકાઉન્ટનો સમાવેશ થાય છે. આ ડેટાનો ઉપયોગ ટેક્ષ ચોરી, મની લોન્ડરીંગ અને ટેરર ફંડીગં જેવા ખોટા કામોની તપાસ માટે સાબિત થશે. વિગતોની આગામી સેટ જો કે વિલંબથી સ્ટેમ્બર 2023 માં મળશે તેવું મનાય છે.

2021 ની સાલમાં સ્વિસ બેંકોમાં ભારતાન એકાઉન્ટ હોલ્ડરના રૂ. 30500 કરોડ હતાં જે 2020 માં 20700 કરોડ હતા અને ત્યાર પછી તેમાં સતત વધારો થવાના સંજોગો પ્રવર્તતા સરકાર ચોંકી ઉઠી હતી અને સ્વિત્ઝરલેન્ડ બેંકો પાસેથી મોટા બિઝનેસમેનોના એકાઉન્ટની વિગતો માંગવામાં આવી હતી. નિષ્ણાંતો મુજબ ભારતને મળેલ એઈઓ ડેટા લોકોની વિરુદ્ધ મજબુત કેસ ઉભો કરવા ઉપયોગી બની રહશે.જેની બેનામી સંપતિ છે તેવા ડેટામાં ડિપોઝીટ અને ટ્રાન્સફરની સાથે આવકની પણ પુરી જાણકારી થશે. સિક્યોરીટી અને મિલ્કતોમાં રોકાણનો જે સમાવેશ થયેલો છે તેની વિગત પણ પ્રાપ્ત થશે.

એક માહિતી મુજબ ન છાપવાની શરતે એક અધિકારીએ જણાવ્યું હતું કે મોટા ભાગની માહિતી બિઝનેસમેનો સાથે જાડાયેલી છે. જેમાં એનઆરઆઈનો મહત્વપુર્ણ સમાવેશ છે. જેઓ હવે દક્ષિણ પુર્વના કેટલાક દેશો તેમજ યુએસ અને યુકે તેમજ દક્ષિણ આફ્રિકાના દેશોમાં સ્થાયી થઈ આ એકાઈઉન્ટોની રકમ ટ્રાન્સફર કરવા માટેની કાર્યાવહી કરાઈ રહી છે. ફેડરલ ટેક્ષ એડમીનીસ્ટેસનને જણાવ્યા મુજબ આદાન પ્રદાનની યાદીમાં પાંચ નવા દેશનો સમાવેશ થયો છે. જેમાં બ્રુનઈ, દારેસલામ, નાઈજીરીયા, પેરુ અને અલ્બેનિયા અને તુર્કીનો સમાવેશ થાય છે. આ સ્વિત્ઝરલેન્ડની બેંકોમાં નાણાંકીય ખાતાની સંખ્યામા એક લાખનો વધારો થયો હોય તેવું જણાઈ રહ્યું છે.

## જે.પી. ગ્રુપ દ્વારા સિમેન્ટ પ્લાન્ટ વેચવા અદાણી ગ્રુપ સાથે સક્રિય વાટાઘાટો

ગુજરાત | વંદન

સિમેન્ટ ઉદ્યોગની જાણીતી કંપની જય પ્રકાશ પાવર લિમિટેડ - જે.પી. ગ્રુપ દ્વારા તેનાં સિમેન્ટ ઉદ્યોગને વેચવા માટે કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ રૂ. 5 હજાર કરોડમાં અદાણી ગ્રુપને વેચવાની દરખાસ્ત પ્રાપ્ત થયેલી છે. આ બાબત અંગે સત્તાવાર સમાચારને કોઈ અદાણી ગ્રુપ કે સરકાર તરફથી પ્રતિસાદ સાંપડ્યો નથી. પરંતુ મળતી માહિતી મુજબ જય પ્રકાશ પાવર વેન્ચર લિમિટેડ - જે.પી. ગ્રુપની કંપનીએ તેની હસ્તકના સિમેન્ટ ગ્રાન્ડીંગ યુનિટ કે જે નિગ્રી સિમેન્ટ ગ્રાઈન્ડીંગ યુનિટ તરીકે ઓળખાય છે તેનું વેચાણ કરવા આ ગ્રુપની નોન કોર એસેસોનું શેર હોલ્ડીંગનું ડિસઈન્વેટ્સમેનટ્ કરવાનો નિર્ણ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે.પી.ગ્રુપની આંધ્ર સિમેન્ટ જે ઈન્ફ્રા ટેક લિમિટેડ નામની કંપની હસ્તક હતી તેની સામે ઈન્સોલવન્સીની પ્રોસેસ હાથ ધરાઈ છે. અદાણી ગ્રુપ દ્વારા જેપી ગ્રુપનો સિમેન્ટ પ્લાન્ટ જે 5 હજાર કરોડમાં ખરીદવાની ઓફર કરી છે તે માટે વાટાઘાટો અગ્રિમ તબક્કામાં છે. આમ, સિમેન્ટ ઉદ્યોગમાં અદાણી ગ્રુપ અંબુજા સિમેન્ટ અને એસીસી સિમેન્ટને હસ્તગત કર્યા પછી જેપી ગ્રુપનો સિમેન્ટ ઉદ્યોગ પણ હસ્તગત કરશે તેવી શક્યતા વધી છે. જો કે આ બધી કાયદાકીય બાબતો હોવાથી તેનો નિર્ણય આવતા વધુ લાંબો સમય વીતી જશે તેવુ નિષ્ણાતોનું માનવું છે.

દેશનો સ્ટીલ પ્રોડક્ટસનો ઉદ્યોગ માંગ વૃદ્ધિથી ઉત્પાદનમાં 2.5 ટકાની સિદ્ધિ જુલાઈ સપ્ટેમ્બરમાં હાંસલ કરી 30 મિલિયન ટનનું જંગી ઉત્પાદન કર્યું.

દેશના ગતિશીલ બનેલ આર્થિક વિકાસને કારણે દેશનો સ્ટીલ પ્રોડક્ટસ ઉદ્યોગ પ્રગતિની દિશામાં આગળ વધી રહ્યો છે. દેશના આંતરિક વપરાશ માટેની સ્ટીલ પ્રોડક્સટની માંગ 11.33 ટકાની વૃદ્ધ સાતે ઘર આંગણે સ્ટીલ પ્રોડક્ટસમાં 27.52 મિલિયન ટનની સપાટીએ પહોંચી છે, જે ગયા વર્ષ,ના સમયગાળામાં 24.72 મિલિયન ટન હતી. આતી સ્ટીલ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતાનો મહત્તમ ઉપયોગ થવાની સંભાવના છે. જેને કારણે ઉત્પાદનમાં 2.5 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. જુલાઈ સપ્ટેમ્બર 2022માં 30 મિલિયન ટનની ઉત્પાદન સપાટીએ પહોંચ્યું છે.

## નીચી સપાટીએ રૂપિયાનું ચલણ સરકતાં સોનામાં રોકાણ કરવા માટે ઈન્વેસ્ટરોની વધેલી ખરીદી

ગુજરાત | વંદન

વિશ્વના સમગ્ર દેશોને અમેરિકાના યુએસ ફેડ દ્વારા વારંવાર વ્યાજના દરો વધારવાની નીતિની ભારે અસર થવા પામી છે. આના પરિણામે વૈશ્વિક ચલણોમાં તેના માઠા પ્રત્યાઘાતો પડ્યો છે. ડોલર વધુ મજબુત બનતાં તેની સામેનું વિનિમય મુલ્ય સતત વધતુ રહેવા પામ્યું છે. નોંધનીય એ છે કે મોંઘવારીને અંકુશમાં લેવા માટે અમેરિકા દ્વારા જે નીતિ અપનાવાઈ છે તેની વિકસતા દેશોની રાજકોશીય બાબતો ઉપર તેની માટી અસર થવા પામી છે.

ભારતીય ચલણ ડોલરની તુલનામાં સતત નીચી સપાટીએ સરકીને એક ડોલર દીઠ રૂપિયાની કિંમત 83 ની સપાટીએ પહોંચી છે. નિષ્ણાતો માને છે કે વૈશ્વિક સ્તરે મોંઘવારી વધવાના પરિબળો ખુબ સબળ બન્યા છે. આની અસરે નાબૂદ કરવા માટે ભારતીય રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટ વધારવાની નીતિને તાબે થવું પડ્યું ચે. તેની અશર રુપે વ્યાજના દરોની વૃદ્ધિ વેગીલી બની છે. બેંકો દ્વારા સ્વાભાવિક પણે રૂપિયાના ચલણ પ્રત્યેનો વિશ્વાસ ઘટ્યો હોવાની વાતો થઈ રહી છે. અને આની આઅસર પ્રત્યાઘાતી રુપે ઈન્વ્સેટ્રો દ્વારા સોનામાં મોટા પાયે ખરીદવાના સંજોગો ઉભા થયા છે. આને પરિણામે દિવાળીના તહેવારો પુર્વે સોનાના ભાવો સતત વધતા રહેવાથી લોકોને માટે સોનું અનેસોનાના દાગીના ખરીદવા બાબત ખુબ ખર્ચાળ બની છે. જો કે વૈશ્વિક બજારોમાં ડોલરની મજબુતાઈને કારમે સોનાના ભાવો સતત નીચે સરકતા જાય છે. આંતરરાષ્ટ્રીય બાજોરમાં સોનાની કિંમત વિતેલા સપ્હાતના અંતિમ દિવસે 1700 ડોલરની સપાટીએ સરકી જવા પામી હતી.

## કલેક્શન — અપાયેલી લોનની રકમ 21 ટકા વધીને 99765 કરોડની સપાટીએ પહોંચી

# બંધન બેંક દ્વારા સપ્ટેમ્બર 2022માં પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં લોન એડવાન્સીસમાં 22 ટકાની વૃદ્ધિ

ગુજરાત | વંદન

ખાનગી ક્ષેત્રની બંધન બેંક દ્વારા સપ્ટેમ્બર 2022માં પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં તેના ગ્રાહકોને અપાયેલી લોન અને એડવાન્સીસમાં 22 ટકાની વૃદ્ધિ થવા દર્શાવી છે. અને તેનો આંકડો 99374 કરોડની સપાટીએ પહોંચ્યો છે. જ્યારે ગયા વર્ષના તુલનાત્મક સમયગાળામાં લોન અને એડવાન્સીસ 61 કરોડની સપાટીએ હતું.

ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા લેન્ડર્સો દ્વારા અપાયેલી લોનની રકમ 21 ટકા વધીને 99765 કરોડની સપાટીએ પહોંચી છે. જ્યારે રીટેઈલ ક્ષેત્રના ગ્રાહકોની ડિપોઝીટો 7 ટકાના દરે વૃદ્ધિ પામીને 73660 કરોડની સપાટીએ પહોંચી છે. આગલા વર્ષના તુલનાત્મક સમયગાળામાં જે 68787 કરોડ હતી.

કરંટ એકાઉન્ટ સહિત રીટેઈલ એકાઉન્ટની સેવિંગ એકાઉન્ટની મારફતે 40509 કરોડની ડિપોઝીટો પ્રાપ્ત થવા પામી છે. જે આગલા વર્ષ,ના તુલનાત્મક સમયગાળાની સરખામણીમાં 11 ટકાની વૃદ્ધિની સપાટી દર્શાવે છે. બેંકોનો CSA (સીએસએ) રેશિયો 40.8 ટકાની સપાટીએ 30 સપ્ટેમ્બર 2022ના રોજ પહોંચવા પામ્યો છે. બેંકોની રીટેઈલ ડિપોઝીટમાં કુલ ડિપોઝીટના 74 ટકા હિસ્સો રહેવા પામ્યો છે. બેંકો દ્વારા કલેક્શન એફિસિયન્સી નોન પરફોમીંગ એસેટ્સ સહિત 97 ટકાની સપાટીએ રહેવા પામી છે.

## તેજી સાથે બંધ થયું શેરબજાર, સેન્સેક્સ 478 પોઈન્ટ ઉછળ્યો



### નિફ્ટી હજી પણ 18,000ની સપાટીથી દૂર

ગુજરાત | વંદન

સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ થયું છે. આજે બપોરે 3.30 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 478.59 પોઈન્ટ (0.84 ટકા)ના ઉછાળા સાથે 57,625.91ના સ્તર પર બંધ થયો છે. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 140.05 પોઈન્ટ (0.82 ટકા) 17,123.60ના સ્તર પર બંધ થયો છે. આ સાથે જ સેન્સેક્સ 58,000ની નજીક પહોંચ્યો છે. જ્યારે નિફ્ટી હજી પણ 18,000ની સપાટીથી દૂર છે. સૌથી વધુ ઉંચકાયેલા શેર્સ પાવર ગ્રિડ કોર્પ 3.38 ટકા, એક્સિસ બેન્ક 3.07 ટકા, કૉલ ઈન્ડિયા 2.97 ટકા, બજાજ ઑટો 2.76 ટકા, એનટીપીસી 2.42 ટકા.

સૌથી વધુ ઉંચકાયેલા શેર્સમાં પાવર ગ્રિડ કોર્પ 3.38 ટકા, એક્સિસ બેન્ક 3.07 ટકા, કૉલ ઈન્ડિયા 2.97 ટકા, બજાજ ઑટો 2.76 ટકા, એનટીપીસી 2.42 ટકા. સૌથી વધુ ગગડેલા શેર્સમાં એશિયન પેઈન્ટ્સ - 1.57 ટકા, અદાણી એન્ટરપ્રાઈઝ -1.34 ટકા, ડો રેડ્ડીઝ લેબ્સ -0.90 ટકા, ભારતી એરટેલ-0.68 ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક -0.30 ટકા.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ‘લાફિંગ થેરાપી’ અનેક બીમારીઓથી અપાવે છે છૂટકારો

## સમૂહ અથવા એકલા કરી શકાય તે પ્રકારની શ્રેષ્ઠ કસરત



શિયાળાના ચાર મહિના ફૂલગુલાબી ઠંડીની સાથે શારીરિક વિકાસ ઉપર પણ ખૂબ જ અસર કરે છે. આ એ જ સમય છે કે જ્યાં લોકો સવારે ઉઠીને યોગા, પ્રાણાયમ અને હાસ્ય થેરાપી અને જુદીજુદી કસરત કરતા હોય છે. વહેલી સવારે ગાર્ડનમાં બાળકોથી લઈ સિનિયર સિટીઝન સુધી તમામ લોકો કસરત કરતા નજરે પડે છે. આ જ કસરત પૈકીની એક લાફિંગ થેરાપી નું પણ ખૂબ જ મહત્વ છે. આજે આપણે લાફિંગ થેરાપી શું છે, તેના ફાયદા અને કયા લોકોએ લાફિંગ થેરાપી ન કરવી જોઈએ તે વિશે જાણીશું.

**રોગ પ્રતિકારક શક્તિ વધે છે** | હૃદય ફેફસાં અને રક્ત વાહિનીઓની ક્ષમતા વધે છે. આખા શરીરના બધા જ અંગોને પ્રાણવાયુનો પુરવઠો મળે છે. જેને લીધે સારો અનુભવ થાય છે. રોગ પ્રતિકારક શક્તિ વધે છે, જેથી નાની મોટી કોઈપણ બેક્ટેરીયા કે વાઈરસથી થતી બીમારીઓ થતી નથી. નિયમિત કસરતના કાર્યક્રમથી કેલરી બળે છે, તમારું વજન ઘટે છે અને શરીર સુદ્દઢ બને છે. આ સાથે માનસિક દબાણ ચિંતા હતાશા અને નિરાશા પણ ગાયબ થઈ જાય છે. બીપી અને ડાયાબિટીસના દર્દીઓને પણ રાહત મળે છે.

**લાફિંગ થેરાપી કોણ ન કરી શકે** | એવા વ્યક્તિઓ કે જેમને ઝામર એટલે કે ગ્લુકોમાં હોય, કોઈપણ પ્રકારનો હર્નિયા થયો હોય. સ્ત્રીઓમાં વધારે પડતું માસિક આવતું હોય અથવા પ્રોલેપ્સ હોય. કબજિયાતને કારણે થયેલા ફાઈલ્સને પીસર હોય અને જેમાંથી લોહી નીકળતું હોય, હૃદયનો દુખાવો એન્જાઈના હોય તેવા લોકોએ લાફિંગ થેરાપી ન કરવી જોઈએ. આમ છતાં ઝામરમાં દવા ચાલુ હોય અને પ્રેશર નોર્મલ હોય. હર્નિયાનું ઓપરેશન કરાવે પણ ત્રણ માસ થઈ ગયા હોય તેવા લોકો આ થેરાપી નો લાભ લઈ શકે છે.

**લાફિંગ થેરાપીના ફાયદા** | લાફિંગ થેરાપીથી ફેફસાંના રોગો ઉધરસ, દમ વગેરેમાં ફાયદો થાય છે. ફેફસામાં અને શ્વાસ નળીમાં ભરાઈ ગયેલો જૂનો કફ નીકળી જવાથી શ્વાસની તકલીફ જતી રહે છે. ફેફસાની ઓક્સિજન લેવાની શક્તિમાં છથી આઠ ગણો વધારો થાય છે. છાતી અને પેટ વચ્ચે રહેલ ડાયાફામ, પેટના સ્નાયુઓ અને પીઠના સ્નાયુઓ મજબૂત થાય છે. થાક્યા વગર તમે ટટ્ટાર બેસી શકો, ઊભા રહી શકો અને કામ કરી શકો છો. હસવાની ક્રિયાના કારણે પેટના સ્નાયુઓને ડાયા ફાર્મ નિયમબદ્ધ થવાને લીધે પેટમાં રહેલા બધા અંગોને મસાજ મળે છે અને તેમની કાર્યક્ષમતામાં વધારો થાય છે.

**લાફિંગ થેરાપી શું છે?** | લાફિંગ થેરાપીમાં સમૂહમાં લોકો ખડખડાટ, પ્રસન્ન અને ખુલ્લા મને હાસ્ય કરે છે. હાસ્ય થેરાપી સમૂહ અથવા એકલા કરી શકાય તે પ્રકારની શ્રેષ્ઠ કસરત છે. સૌથી મહત્વપૂર્ણ તો એ છે કે આ થેરાપી સવાર, બપોર કે સાંજ ગમે ત્યારે કરી શકાય છે પરંતુ સૌથી શ્રેષ્ઠ સમય સવારનો માનવામાં આવે છે. આ થેરાપીની જમ્યા પછી 20 મિનિટ પછી ક્યારે પણ કરી શકાય છે.

## લાફિંગ થેરાપીના મુખ્ય ત્રણ પ્રકાર



- પહેલી ક્રિયામાં મો ખુલ્લું રાખી ખુલ્લા દિલે ખડખડાટ હસવાનું છે.
- બીજી ક્રિયામાં મોં બંધ રાખી અવાજ કર્યા વગર હસવાનું છે.
- ત્રીજી ક્રિયામાં મો ખુલ્લું રાખી હસવાનું છે પણ ગળામાંથી અવાજ ઘોડાની હણહણાટી જેવો કાઢવાનો છે.

આ ત્રણેય ક્રિયા પાંચ વાર કરવાની હોય છે. આ હાસ્યની ક્રિયા તમારા ઘરમાં, બગીચામાં કે અગાસીમાં ઉપર રહીને કરી શકાય છે. ક્રિયા કરતી વખતે હાથ ઊંચા- નીચા કરવા તથા શરીરને કમરેથી વાળવાની ક્રીયા પણ તમારી શક્તિ પ્રમાણે કરવી જોઈએ.

# દિલ કી ‘આવાઝ’ દિલના દર્દીઓનો અવાજ જ બનશે તેમના દર્દની ઓળખ!

લતા મંગેશકરે ભલે ગાયું મેરી આવાઝ હી પહેચાન હૈ પણ ખરેખર મનુષ્યનો અવાજ તેની એક આગવી ઓળખ છે.

મનુષ્યના અવાજથી તેની સ્થિતિની પણ ખબર પડી જાય છે પરંતુ એક નવા અધ્યયનમાં વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે હવે ડોકટર હૃદયરોગના દર્દીઓની તેમની બોલવાની રીત સાંભળીને હૃદય સંબંધી બીમારીની વિગતો મેળવી શકશે.

અમેરિકામાં મેયો કલીનીકના સંશોધકોએ લોકોના અવાજમાં 80થી વધુ બિંદુઓ જેમકે આયામ (ડાયપેન્શન), પિચ અને તાલનું વિશ્લેષણ કરીને એક અલ્ગોરિધમનું પરીક્ષણ કર્યું છે. સંશોધકોએ જણાવ્યું કે કોમ્પ્યુટર એલ્ગોરિધમ વોઈસ રેકોર્ડીંગમાં કડી શોધીને હૃદયરોગના રોગીઓમાં ગંભીર જટીલતાઓનો પતો મેળવવામાં સક્ષમ હતું.

સંશોધકોએ જણાવ્યું હતું કે, કોઈપણ અવાજની આવૃતિ, સ્વર કે પીચમાં નાનો ફેરફાર હૃદય સ્વાસ્થ્યનો સંકેત છે. સંશોધકોએ જાણ્યું કે એઆઈના અવાજ મુલ્યાંકનમાં ‘ઉચ્ચ’ સ્કોર કરનારાઓમાં હૃદયરોગ જેવા કે હાર્ટ એટેકની જટીલતાઓથી પીડીત થવાની સંભાવના અઢી ગણી વધુ હતી. સંશોધકોએ જાણ્યું કે, 58.3 ટકા ઉચ્ચ સ્કોર કરનારાઓને છાતીમાં દર્દ કે હાર્ટ એટેક આવવાથી હોસ્પિટલમાં દાખલ કરવા પડેલા. જ્યારે ઓછા સ્કોર કરનારાઓમાં માત્ર 30.6 ટકા હતા. આનો મતલબ એ હતો કે ઉચ્ચ સ્કોર કરનારાઓને ઓછા સ્કોર કરનારાઓની તુલનામાં 2.6 ગણો હોવાની સંભાવના હતી.

અમેરિકી સંશોધકોએ જણાવ્યું હતું કે, અમે એ સૂચન નથી કરતા કે અવાજ વિશ્લેષણની ટેકનીક ડોકટરોની જગ્યા લઈ લેશે કે સ્વાસ્થ્ય સંભાળની વ્યવસ્થામાં હાલની રીત બદલી નાખશે. પરંતુ અમને લાગે છે કે આ ટેકનીક સહાયક તરીકે બહેતર કાર્ય કરશે.



# તમે પણ આ વસ્તુઓ ફ્રીઝમાં મુકો છો કે કેમ..?તો આજથી બંધ કરી દેશો...



**આ વસ્તુઓ ફ્રીજમાં રાખીને ખાવાથી થાય છે અનેક ગંભીર રોગો ...**

આજના સમયમાં વિના ફ્રીજચલાવવું ખૂબ જ મુશ્કેલ છે. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં તમામ ખાદ્યપદાર્થો ફ્રીજમાં રાખવાથી તાજી રહે છે. ઘણા ફળો, શાકભાજી અથવા ખાદ્યપદાર્થો રેફ્રિજરેટરમાં રાખવાથી તે ઘણા દિવસો સુધી તાજા રહે છે. પરંતુ શું તમે જાણો છો કે કેટલીક એવી વસ્તુઓ છે જેને ફ્રીજમાં રાખવી તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ખરાબ સાબિત થઈ શકે છે.

**ટામેટાઃ**ટામેટાંનો ઉપયોગ લગભગ તમામ ઘરોમાં શાકભાજી બનાવવા માટે થાય છે. આ કારણે લોકો એક સાથે વધુ ટામેટાં ખરીદીને ફ્રીજમાં સ્ટોર કરે છે. વધુ ને વધુ તાજા ટામેટાં ખાવાનો પ્રયત્ન કરો, કારણ કે ફ્રિજની ઠંડી હવાને કારણે ટામેટાં અંદરથી સડી જાય છે. આવી સ્થિતિમાં કયા ટામેટાં તાજા છે અને કયા ખરાબ છે તે ખબર નથી પડતી. જો તમે અજાણતા બગડેલા ટામેટાં ખાઓ છો, તો તે નુકસાન પહોંચાડી શકે છે.

**મધઃ**ઔષધીય ગુણોથી ભરપૂર મધનો ઉપયોગ અનેક ખાદ્યપદાર્થોમાં થાય છે. જો કે, ઘણા ઓછા લોકો દરરોજ મધનો ઉપયોગ કરે છે. કેટલાક લોકો બગડી જવાના ડરથી મધને રેફ્રિજરેટરમાં રાખવું જરૂરી માને છે. પરંતુ આવું ન કરવું જોઈએ કારણ કે ફ્રિજમાં રાખવાથી મધમાં ક્રિસ્ટલ બનવા લાગે છે. આ કિસ્સામાં, તેનો સ્વાદ ખરાબ થઈ જાય છે. તેમજ આ મધ ખાવાથી તમે બીમાર થઈ શકો છો.

**કેળાઃ** કેલા પણ ફ્રીજમાં સ્ટોર ન કરવા જોઈએ. આમ કરવાથી તે ઝડપથી પીગળી જાય છે અને કાળો થઈ જાય છે. તેમજ ફ્રીજમાં રાખેલા કેળા ખાવાથી તબિયત બગડી શકે છે. તેની સાથે રાખેલા અન્ય ફળો અને શાકભાજી પણ બગડી શકે છે.

**બટાકા અને ડુંગળીઃ** કેટલાક લોકો પોતાની જાણકારીના કારણે બટાટાને અન્ય શાકભાજીની સાથે ફ્રીજમાં રાખે છે. ફ્રીજમાં રાખેલા બટાકા ખાવાથી ડાયાબિટીસના દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. બટાટાનો સ્ટાર્ચ ઠંડુ થવાથી ખાંડમાં ફેરવાય છે. બટાકાને ફ્રિજમાં રાખવાને બદલે પેપર બેગમાં મૂકીને ખુલ્લી જગ્યાએ રાખો. આ સિવાય ડુંગળીને ક્યારેય ફ્રીજમાં ન રાખવી જોઈએ. તેનાથી ફ્રિજમાં રાખવામાં આવેલી અન્ય વસ્તુઓમાં દુર્ગંધ ફેલાય છે.

# હિડન હંગરઃ ભારતીયોની થાળીમાંથી પોષક તત્વો ગાયબ

સંતુલીત તથા આરોગ્યપ્રદ આહાર જ તંદુરસ્ત જીવનનો આધાર છે. પરંતુ ભારત એક એવા સંકટ સામે ઝઝુમી રહ્યું છે કે જેનાથી ભાવિ પેઢીને સહન કરવું પડશે. વૈજ્ઞાનિકોએ આ સંકટને ‘હિડન હંગર’ અર્થાત છુપી ભૂખનુ નામ આપ્યુ છે જે અંતર્ગત મોટાભાગના પરિવારોની ભોજનની થાળીમાં પોષક તત્વોની કમી છે. આ સ્થિતિની સૌથી ખરાબ અસર ગર્ભવતી મહિલાઓ પર પડે છે અને નવજાત શિશુમાં વિકૃતિનું જોખમ રહે છે.

મેડીકલ જર્નલ ‘ધ લાન્સેટ’માં પ્રકાશિત અભ્યાસ રિપોર્ટમાં વૈજ્ઞાનિકો એવી ચિંતા દર્શાવી છે કે હિડન હંગરનો અર્થ ભોજનની જબરદસ્ત ઈચ્છા તથા તેની કમીથી ઉત્પન્ન સંકટ છે. ભારતના મોટાભાગના પરિવારોની ભોજનની થાળીમાં પોષક તત્વો નથી. શહેરી તથા ગ્રામ્ય એમ બન્ને ક્ષેત્રોમાં સમાન હાલત છે. અમુક પારંપારિક પોષક તત્વોના આધારે આ સંકટનું સમાધાન શકય છે. મુંબઈ સ્થિત લીલાવતી હોસ્પીટલના બાળરોગ સર્જન ડો. સંતોષ કર્માકરે અભ્યાસમાં એમ કહ્યું છે કે આ ય ર્ન આયોડીન જેવા ખનિજ તત્વો ઉપરાંત વિટામીન એ-ડી, બી12 તથા ફોલેટની કમીના કિસ્સાઓમાં ઝડપી વધારો થઈ રહ્યો છે. આ પોષક તત્વોની કમીને ‘છુપી ભૂખ’ નામ આપવામાં આવ્યુ છે. એનિમીયા, ગર્ભાવસ્થા તથા ગર્ભાશયના ભ્રૂણમાં મગજના વિકાસ પર ગંભીર નકારાત્મક અસર સર્જાય છે. આ કારણે ભારતમાં વિકૃતિ સાથે જન્મતા બાળકોની સંખ્યા વધી રહી છે. તમામ તરૂણી તથા ગર્ભવતી થવાની ઉમર ધરાવતી મહિલાઓને પર્યાપ્ત માત્રામાં આયરન, વિટામીન બી12 તથા ફોલેટ મળે તે માટે ગંભીર પ્રયાસ થવા જોઈએ જેનાથી સૂક્ષ્મ પોષક તત્વોની કમી દુર થઈ શકે.

વિટામીન ફોર્ટીફાઈડ ભોજન માટે જાગૃતિ અનિવાર્ય છે અને તે માટે વ્યાપક રણનીતિ બનાવવાની જરૂર છે.દેશમાં દર વર્ષે 2.60 કરોડ ગર્ભવતી મહિલાઓને પ્રસવ દરમ્યાન લોહીની જરૂર રહે છે. કારણ કે પોષક તત્વોની કમીને કારણે એનીમીયાની ફરિયાદ રહે છે. 2018માં એનીમીયાથી 25000થી વધુ માતા મૃત્યુ થયા હતા.

# કમર બહુ દુઃખે છે? આ 3 આસનો અપાવશે અસહ્ય દુઃખાવાથી મુક્તિ!

પીઠનો દુખાવો સામાન્ય છે. તેની પાછળનું કારણ સ્નાયુમાં તણાવ, સ્નાયુમાં ખેંચાણ હોઈ શકે છે. ઉભા રહીને સતત કામ કરવાની ટેવને કારણે પીઠના દુખાવાની સમસ્યા ઘણી વધી રહી છે. મોટાભાગની મહિલાઓ આ સમસ્યાથી પીડાય છે.જો તમે પણ આ પીડાથી છુટકારો મેળવવા માંગો છો, તો આ સમાચાર તમને મદદ કરી શકે છે. અમે કેટલાક યોગાસન લઈને આવ્યા છીએ જે તમને મિનિટોમાં પીઠના દુખાવામાં રાહત આપી શકે. આજકાલ મોટાભાગના લોકોને કમરના દુઃખાવાની ફરિયાદ હોય છે. એમાંય ઓફિસમાં ડેસ્ક વર્ક કરતા લોકોને કમરના દુઃખાવીની ફરિયાદ વધારે રહે છે. ગૃહિણીઓ પણ કમરના દુઃખાવાથી પરેશાન હોય છે. કમરનો દુખાવો સામાન્ય છે. તેની પાછળનું કારણ સ્નાયુમાં તણાવ, સ્નાયુમાં ખેંચાણ હોઈ શકે છે. ઉભા રહીને સતત કામ કરવાની ટેવને કારણે પીઠના દુખાવાની સમસ્યા ઘણી વધી રહી છે. મોટાભાગની મહિલાઓ આ સમસ્યાથી પીડાય છે.જો તમે પણ આ પીડાથી છુટકારો મેળવવા માંગો છો, તો આ સમાચાર તમને મદદ કરી શકે છે. અમે કેટલાક યોગાસન લઈને આવ્યા છીએ જે તમને મિનિટોમાં પીઠના દુખાવામાં રાહત આપી શકે.


**શલભાસન** | આ આસન કરવા માટે, તમે તમારા પેટ પર સૂઈ જાઓ તમારી હથેળીઓને તમારી જાંઘની નીચે મૂકો. તમારા બંને પગની એડી જોડો અને તમારા પગના અંગૂઠા સીધા રાખો. તમારા પગને ધીમે ધીમે ઉપરની તરફ ઉઠાવવાનો પ્રયત્ન કરો. પગને ઉપરની તરફ ખસેડતી વખતે ઉંડો શ્વાસ લો. થોડી સેકન્ડ માટે આ સ્થિતિમાં રહો. હવે શ્વાસ બહાર કાઢતી વખતે પગ નીચે લાવો. આ પ્રક્રિયા 3 થી 5 વખત પુનરાવર્તન કરો.



**ભુજંગાસન** | જમીન પર મેટ મૂકો અને તેના પર તમારા પેટ પર સૂઈ જાઓ. તમારા પગને એક સાથે જોડો, હથેળીઓને છાતીની નજીક ખભાની લાઈનમાં રાખો. કપાળ જમીન પર રાખો અને શરીરને આરામદાયક રાખો. એક ઉંડો શ્વાસ લેતા, તમારા શરીરના આગળના ભાગને ઉપરની તરફ ઉઠાવો. આ દરમિયાન, તમારા હાથ પણ સીધી રેખામાં ઉભા હોવા જોઈએ. માથું શક્ય તેટલું ઉંચું કરો. 15-30 સેકન્ડ માટે આ સ્થિતિમાં રહો. પછી શ્વાસ બહાર કાઢો અને સામાન્ય સ્થિતિ પર પાછા ફરો. આ કસરત એક સમયે 4 થી 5 વખત કરો.

**ઉષ્ટાસન** | આ આસનમાં ઉંટ જેવી મુદ્રા બનાવવામાં આવે છે. સૌ પ્રથમ, તેમ તમારા ઘૂંટણ પર બેસી જાઓ તમારા ઘૂંટણની પહોળાઈ ખભાની બરાબર રાખો. હવે તમારી કરોડરજ્જુને પાછળની તરફ વાળો અને બંને હાથથી પગની ઘૂંટીઓને સ્પર્શ કરવાનો પ્રયાસ કરો. આવું કરતી વખતે ગરદન પર વધારે દબાણ ન કરો. ભાગને કમરથી ઘૂંટણ સુધી સીધો રાખો. થોડો સમય આ સ્થિતિમાં રહો અને ઉંડા શ્વાસ લો. તે પછી સામાન્ય મુદ્રામાં પાછા ફરો. આ કસરતને એક સમયે 4 થી 5 વખત પુનરાવર્તન કરો.

# કારેલા ખાધા પછી ભુલીને પણ આ વસ્તુઓનું સેવન ન કરો, સ્વાસ્થ્ય માટે પડી શકે છે ભારે



કારેલા સ્વાદમાં ભલે કડવો હોય પરંતુ તેના ગુણોને કારણે તેને સ્વાસ્થ્ય માટે વરદાન માનવામાં આવે છે. કારેલામાં કોપર, વિટામિન બી, અનસેચ્યુરેટેડ ફેટી એસિડ જેવા ઘણા પોષક તત્વો હાજર હોય છે. આ સિવાય તેમાં એન્ટી વાઈરલ અને એન્ટી બાયોટિક ગુણ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. સ્વાદમાં કારેલા લોહીને સાફ કરવાની સાથે તમારા શરીરને ફિટ રાખવામાં મદદ કરે છે. તેનું નિયમિત સેવન કરવાથી વ્યક્તિ અનેક પ્રકારની બીમારીઓથી બચી શકે છે. સ્વાસ્થ્ય માટે કારેલાના અનેક ફાયદાઓ હોવા છતાં, તમે તેનું સેવન કેટલીક વસ્તુઓ સાથે કરી શકતા નથી. ચાલો જાણીએ કે કારેલા સાથે કઈ વસ્તુઓ ટાળવી જોઈએ.

## કારેલા ખાધા પછી ન કરો આ વસ્તુઓનું સેવન

**દૂધ** | કારેલા ખાધા પછી દૂધનું સેવન ન કરવું જોઈએ. આમ કરવાથી તમને પેટની સમસ્યા થઈ શકે છે. કારેલા ખાધા પછી દૂધ પીવાથી કબજિયાત, દુખાવો અને પેટમાં બળતરા પણ થઈ શકે છે.

**મૂળા** | કારેલાનું શાક ખાધા પછી મૂળા કે મૂળાની વસ્તુઓનું સેવન ન કરવું. આમ કરવાથી તમે ગળામાં એસિડિટી અને કફની ફરિયાદ કરી શકો છો.

**દહીં** | કારેલાના શાક સાથે દહીંનું સેવન ન કરો. જો તમે કારેલા ખાધા પછી દહીંનું સેવન કરો છો, તો તમને ત્વચા પર ચકામાની સમસ્યા થઈ શકે છે.

**ભીંડા** | કારેલા ખાધા પછી ભીંડા જેવી શાકભાજીનું સેવન ન કરવું જોઈએ. આમ કરવાથી શરીરને કારેલા સાથે ભીંડાને પચવામાં તકલીફ પડી શકે છે.

# યોકોવિચે અસ્તાના ઓપન જીતવાની સાથે કારકિર્દીનું 90મુ એટીપી ટાઈટલ મેળવ્યું

## ફાઈનલમાં ગ્રીસના સિત્સિપાસને હરાવ્યો

ગુજરાત | વંદન



સર્બિયન ટેનિસ સ્ટાર યોકોવિચે ગ્રીસના સિત્સિપાસને ૬-૩, ૬-૪થી હરાવીને કઝાકિસ્તાનમાં રમાયેલી અસ્તાના ઓપન ટુર્નામેન્ટ જીતી લીધી હતી. યોકોવિચે આ સાથે કારકિર્દીનું ૯૦મું એટીપી ટાઈટલ પણ હાંસલ કર્યું હતુ અનેસિઝનની આખરી ટુર્નામેન્ટ - એટીપી ફાઈનલ્સમાં પણ સ્થાન નિશ્ચિત કર્યું હતુ.

૩૫ વર્ષના યોકોવિચે માત્ર ૭૫ મિનિટમાં જ જીત હાંસલ કરી લીધી હતી અને ચાલુ સિઝનની ચોથી ટુર્નામેન્ટ પોતાના નામે કરી હતી. તે અગાઉ ઈઝરાઈલ, રોમ અને વિમ્બલડન ટાઈટલ જીતી ચૂક્યો હતો. ચોથો સીડ ધરાવતા યોકોવિચે સળંગ નવમી મેચ જીતીને વર્ષના અંતે રમાનારી એટીપી ફાઈનલ્સ ૨૦૨૨માં સ્થાન નિશ્ચિત કર્યું હતુ. કોરોનાની વેક્સિન ન મૂકાવાના કારણે યોકોવિચને ઓસ્ટ્રેલિયન ઓપન અને યુએસ ઓપન ગુમાવવી પડી હતી. તે આ સિઝનમાં મોટાભાગની ટુર્નામેન્ટ રમી શક્યો નહતો. સિત્સિપાસને કારકિર્દીના ૧૦મા ટાઈટલની તલાશ હતી. જોકે તે એટીપી ૫૦૦ની નવમી ફાઈનલમાં હાર્યો હતો.

# ટીમ ઈન્ડિયા બિલિયન ડોલરવાળી છે, અમે તો મર્યાદિત સાધનો છતાં જોરદાર દેખાવ કરીએ છે: PCB અધ્યક્ષ

## ભારતીય ટીમ ટી-20 વર્લ્ડકપ રમવા માટે ઓસ્ટ્રેલિયા રવાના

ગુજરાત | વંદન

ટી-20 વર્લ્ડકપમાં ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો થવાનો છે. એ પહેલા જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ રમીઝ રાજાએ ભારતીય ટીમને ટોણો માર્યો છે.

રમીઝ રાજા ક્રિકેટ જગતમાં ભારતના વર્ચસ્વથી બળતરા અનુભવે છે તે વાત કોઈનાથી છુપી નથી. રમીઝ રાજાએ ભારતીય ટીમને બિલિયન ડોલર ટીમ બતાવીનો ટોણો મારતા કહ્યુ છે કે, જો તમે માનસિક રીતે મજબૂત હોય અને હાર માનવા તૈયાર ના હોય તો નાનામાં નાની ટીમ પણ મોટી ટીમને હરાવી શકે છે.



તેમણે કહ્યુહ તુ કે, પાકિસ્તાન હંમેશા ભારત સામેના મુકાબલામાં અન્ડરડોગ ટીમ તરીકે ઉતરતુ હતુ પણ હવે ભારતીય ટીમે પાકિસ્તાનની ટીમને આદર આપવાનુ શરૂ કરી દીધુ છે. કારણકે ભારતની ટીમને ખબર છે કે, પાકિસ્તાની આ ટીમ અમને ગમે ત્યારે હરાવી શકે છે.

રાજાએ કહ્યુ હતુ કે, એટલે જ પાકિસ્તાની ટીમને ક્રેડિટ આપવી જોઈએ.ભારતની સરખામણીએ પાક ટીમના ખેલાડીઓ મર્યાદિત સગવડો સાથે તૈયારી કરે છે અને આમ છતા જોરદાર દેખાવ કરે છે.

2017 બાદ બંને ટીમો વચ્ચે આઠ મેચ રમાઈ છે અને તેમાં ભારત પાંચ અને પાકિસ્તાન ત્રણ મેચ જીત્યુ છે.રમીઝ રાજાએ આ વાતનો હવાલો આપીને નિવેદન આપ્યુ હતુ.

# BCCIના નવા અધ્યક્ષ બની શકે છે બિન્ની: જય શાહ થશે રીપીટ

ગુજરાત | વંદન

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર રોજર બિન્ની સૌરવ ગાંગુલીના સ્થાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના અધ્યક્ષ બની શકે છે. બિન્ની ભારતની 1983 વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હતા. તે હાલમાં કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન (KSCA)માં પદાધિકારી તરીકે સેવા આપી રહ્યા છે. આ સાથે જ જય શાહ પણ યથાવત રહેવાની શક્યતા છે. આ સિવાય રાજીવ શુક્લા ઉપપ્રમુખ તરીકે રહી શકે છે.

મળતી માહિતી મુજબ ઓક્ટોબર, 2019માં BCCIના પ્રમુખ બનેલા ગાંગુલી આગામી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના પ્રમુખ તરીકે પોતાનો દાવો રજૂ કરી શકે છે.

BCCIની ચૂંટણી 18 ઓક્ટોબરે મુંબઈમાં યોજાશે, જ્યારે 11 અને 12 ઓક્ટોબરના રોજ નામાંકન દાખલ





કરી શકાશે. 13મી ઓક્ટોબરના રોજ નામાંકનોની ચકાસણી થશે અને 14મી ઓક્ટોબર સુધી ઉમેદવારો તેમના નામાંકન પરત ખેંચી શકશે.

અગાઉ પણ એક અહેવાલ મળ્યો હતો કે, 18 ઓક્ટોબરની ચૂંટણી માટે બીસીસીઆઈની ડ્રાફ્ટ ઈલેક્ટરોલર રોલર અને કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘના પ્રતિનિધિના રુપમાં ગુરુવનારે કેએસસીએના સચિવ સંતોષ મેનન વાર્ષિક વાર્ષિક સામાન્ય સભામાં જોવા મળ્યા હતા.




# આઈપીએલની 16મી સિઝન માટે ખેલાડીઓની હરાજી થશે16 ડિસેમ્બરે

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ની 16મી સિઝનને લઈને મોટુ અપડેટ સામે આવ્યુ છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડ ડિસેમ્બરના ત્રીજા અઠવાડિયામાં આઈપીએલની 16મી સિઝનને લઈને હરાજીનુ આયોજન કરવાનો પ્લાન બનાવી રહ્યું છે. એક રિપોર્ટ અનુસાર એવા દાવો કરવામાં આવી રહ્યો છે કે આઈપીએલની આગામી સિઝન માટે હરાજીનુ આયોજન 16 ડિસેમ્બરે થઇ શકે છે. બીસીસીઆઈએ જોકે, હજુ સુધી કોઈ અધિકારિક એલાન નથી કર્યુ. બીસીસીઆઈએ આઈપીએલની 16મી સિઝનની હરાજીની પ્રક્રિયાને લઈને ફ્રેન્ચાઈઝી સાથે વાત કરી છે. રિપોર્ટ અનુસાર બીસીસીઆઈએ હરાજીને લઈને શિડ્યૂલ લગભગ ફાઈનલ કરી લીધુ છે. જોકે, આ વખતે હરાજીની પ્રક્રિયા નાની જ રહેશે. હરાજીનુ આયોજન કઈ જગ્યાએ થશે એ હજુ સુધી ફાઈનલ નથી થઈ શક્યુ. આઈપીએલની 16મી સિઝનની શરૂઆતને લઈને હજુ સુધી સ્થિતિ પુરેપુરી રીતે સ્પષ્ટ નથી. પરંતુ એ વાતની સંભાવના વધુ છે કે, આઈપીએલની 16મી સિઝનનુ આયોજન માર્ચના છેલ્લા અઠવાડિયામાં કરવામાં આવશે. જોકે, બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધુ છે કે આ વખતે જુના ફોર્મેટ અંતર્ગત આઈપીએલનું આયોજન થશે. આનો અર્થ છે કે, ટીમોની અડધી મેચો પોતાના હોમગ્રાઉન્ડ પર રમવી પડશે અને અડધી મેચ બહાર.




# WWE સ્ટાર સારા લીનું નિધન, 30 વર્ષની ઉંમરે દુનિયાને કહી દીધું-અલવિદા



ગુજરાત | વંદન

રમત જગત માટે એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઈનમેન્ટની પૂર્વ રેસલર સારા લીનું નિધન થયું છે. તેની ઉંમર માત્ર 30 વર્ષની હતી. સારાના નિધનના સમાચાર તેની માતાએ સોશિયલ મીડિયા દ્વારા આપ્યા. તેના પછી તેના ફેન્સ ઘણા શોકમાં છે. સારાની માતાએ પોતાની પોસ્ટમાં માત્ર નિધનની માહિતી આપી છે. પરંતુ સારાનું નિધન કેવી રીતે થયું તેના વિશે કોઈ માહિતી આપી નથી. સારા લીના સમાચાર સાંભળ્યા પછી WWE સિવાય એલેક્સા બ્લિસ, બૈક લિંચ અને મિક ફોલી જેવા સ્ટાર્સે સોશિયલ મીડિયા દ્વારા દુખ વ્યક્ત કર્યુ.

WWEમાં સારા લીએ લગભગ એક વર્ષ સુધી ફાઈટ કરી હતી. તે 2016માં એક લાઈવ ઈવેન્ટ દરમિયાન હીલ પ્રોમો આપતી જોવા મળી હતી. તેના કેટલાંક દિવસ પછી જાન્યુઆરીમાં સારા લીએ સિક્સ-વિમેન્સ ટેગ ટીમ મેચમાં પોતાનું ઈન-રિંગ ડેબ્યુ કર્યુ હતું. આ દરમિયાન આ શોમાં મેન્ડી રોઝે પણ ભાગ લીધો હતો.વાસ પણ કર્યો હતો.

# ભારતે 12 વર્ષ પછી ઘરઆંગણે વન-ડે સિરીઝમાં આફ્રિકાને આપ્યો પરાજય

ગુજરાત | વંદન

ભારત અને સાઉથ આફ્રિકાની વચ્ચે 3 વન-ડે મેચની સિરીઝની છેલ્લી અને નિર્ણાયક મેચ આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ ગઈ હતી. જેમાં સાઉથ આફ્રિકાએ આપેલા 100 રનના ટાર્ગેટને 19.1 ઓવરમાં જ ચેઝ કરીને સિરીઝ 2-1થી જીતી લીધી હતી. આ સાથે જ ટીમ ઈન્ડિયા સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે 12 વર્ષે વન-ડે સિરીઝ જીતી હતી. શુભમન ગિલે સૌથી વધુ 57 બોલમાં 49 રન કર્યા હતા. તો શ્રેયસ અય્યરે 23 બોલમાં 28 રન કર્યા હતા. બ્યોર્ન ફોર્ટ્યુન અને લુન્ગી એન્ગિડીને 1-1 વિકેટ મળી હતી.

અગાઉ સાઉથ આફ્રિકાની ટીમનો ધબડકો જોવા મળ્યો હતો, અને ટીમ 27.1 ઓવરમાં 99 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કુલદીપ યાદવે 4.1 ઓવરમાં 1 મેડન સાથે 18 રન આપીને 4 વિકેટ ઝડપી હતી. તો સિરાજ, સુંદર અને શાહબાઝને 2-2 વિકેટ મળી હતી. સાઉથ આફ્રિકા તરફથી હેનરિક ક્લાસેન સર્વાધિક સ્કોરર રહ્યો હતો. તેણે 42 બોલમાં 34 રન બનાવ્યા હતા. આ પછી જાનેમન મલાને 15 રન અને માર્કો જેનસને 14 રન કર્યા હતા. સાઉથ આફ્રિકાના કુલ 7 બેટરો ડબલ ડિજિટનો સ્કોર પણ કરી શક્યા નહોતા.

### 12 વર્ષે સાઉથ આફ્રિકાને હરાવ્યું

ટીમ ઈન્ડિયાએ દિલ્હીમાં રમાયેલી ત્રીજી વન-ડેમાં સાઉથ આફ્રિકાને 7 વિકેટે હરાવીને સિરીઝ કબજે કરી હતી. આ સાથે જ ભારતે સાઉથ આફ્રિકાને 12 વર્ષે ઘરઆંગણે વન-ડે સિરીઝમાં હરાવ્યું છે. છેલ્લે ભારતે સાઉથ આફ્રિકાને 2010માં પરાજય આપ્યો હતો.

# Women's Asia cup: થાઈલેન્ડ ટીમ પ્રથમવાર સેમિફાઈનલમાં


ગુજરાત | વંદન

### મેચ રમ્યા વિના બાંગ્લાદેશ ટુનામેન્ટની બહાર




ડિફેન્ડિંગ ચેમ્પિયન બાંગ્લાદેશની મહિલા ટીમ મહિલા એશિયા કપમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. મંગળવારે UAE વચ્ચે બાંગ્લાદેશની મેચ થવાની હતી. પરંતુ સિલહટની આ મેચ વરસાદમાં ધોવાઈ ગઈ હતી. યજમાન બાંગ્લાદેશ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું હતું. બાંગ્લાદેશને સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટે તેની છેલ્લી મેચમાંથી બે પોઈન્ટ મેળવવા પડ્યા હતા. મતલબ કે વિજય મેળવવાનો હતો પરંતુ વરસાદને કારણે મેચ રદ્દ થઈ હતી અને તેને માત્ર એક પોઈન્ટથી સંતોષ માનવો પડ્યો હતો. UAE સામેની મેચ રદ્દ થવાને કારણે બાંગ્લાદેશના 6 મેચમાં માત્ર પાંચ પોઈન્ટ હતા. બાંગ્લાદેશ ગ્રૂપ સ્ટેજમાં માત્ર બે મેચ જીતી શકી હતી. થાઈલેન્ડની ટીમે યુએઈ, મલેશિયા અને પાકિસ્તાનને હરાવવામાં સફળ રહી હતી. 5 મેચમાં કુલ 6 પોઈન્ટ હતા, આ ટીમ ગ્રુપ સ્ટેજમાં ચોથા ક્રમે રહી હતી. ભારત, પાકિસ્તાન અને શ્રીલંકાની ટીમો પહેલાથી જ સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે.

**સફળતા** હવે ક્રિકેટના મેદાન બાદ મહેન્દ્રસિંહ ધોની ફિલ્મ જગતમાં પણ જલવો બતાવવા તૈયાર....



# ફિલ્મ પ્રોડક્શનમાં નસીબ અજમાવશે ધોની, લોન્ચ કરી 'DHONI ENTERTAINMENT' કંપની

ગુજરાત | વંદન

મહેન્દ્ર સિંહ ધોની પોતાની કેપ્ટનશિપ માટે ફેમસ છે. તેમણે પોતાના શાંત અને ચતુર મગજથી ટીમ ઈન્ડિયાને ઘણી મેચમાં જીત અપાવી છે. તેઓ 15 ઓગસ્ટ વર્ષ 2020માં ઈન્ટરનેશનલ ક્રિકેટથી રિટાયરમેન્ટ લઈ ચૂક્યા છે પરંતુ તેઓ હજુ પણ IPLમાં રમી રહ્યા છે. હવે ક્રિકેટના મેદાન બાદ મહેન્દ્ર સિંહ ધોની ફિલ્મ જગતમાં પણ જલવો બતાવવા તૈયાર છે. આ માટે તેમણે પ્રોડક્શન હાઉસ ખોલી દીધુ છે.

### 3 ભાષાઓમાં બનશે ફિલ્મ


મહેન્દ્ર સિંહ ધોનીનુ પ્રોડક્શન હાઉસ જે પોસ્ટર સામે આવ્યુ છે તે અનુસાર તેમના પ્રોડક્શન હાઉસ હેઠળ તેલુગુ, મલયાલમ અને તમિલમાં ફિલ્મો બનાવવામાં આવશે. ધોની આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સની જેમ જ રમે છે આ કારણે તેમની તમિલનાડુમાં ખૂબ મોટી ફેન ફોલોઈંગ છે. તાજેતરમાં જ મહેન્દ્ર સિંહ ધોનીએ ચેન્નઈનો પ્રવાસ પણ કર્યો હતો.

### ફિલ્મી દુનિયામાં બતાવશે દબદબો

મહેન્દ્ર સિંહે પોતાનુ પ્રોડક્શન હાઉસ ખોલી દીધુ છે. આ ધોની એન્ટરટેઈનમેન્ટના નામથી ચાલશે. આ વાતની જાણકારી LetsCinemaએ રવિવારે ટ્વીટ કરીને આપી છે. તેમણે એક ફોટો પણ શેર કર્યો, જેમાં ધોની છે અને તેમના પ્રોડક્શન હાઉસનુ નામ પણ છે.

# રોનાલ્ડોએ 700મો ગોલ કરીને માન્ચેસ્ટર યુનાઈટેડને જીત અપાવી

ગુજરાત | વંદન




ફૂટબોલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વધુ એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે માન્ચેસ્ટર યુનાઈટેડને 3-1થી વિજય અપાવવા માટે એવર્ટન સામેની મેચમાં 700મો ગોલ કર્યો. એરિક ટેન હેગને કારણે તે લાંબા સમય સુધી બેન્ચ પર બેસી રહ્યો હતો, પરંતુ એન્થોની માર્શલની ઈજા બાદ રોનાલ્ડોએ પોતાની અજાયબી દેખાડી હતી.

પાંચ વખત બેલોન ડી'ઓર જીતનાર રોનાલ્ડોએ 700 ગોલનો રેકોર્ડ પૂર્ણ કરવા માટે વધુ એક ઉત્કૃષ્ટ ગોલ કર્યો. એવર્ટનની ટીમે આ મેચની પાંચમી મિનિટે ગોલ કર્યો હતો અને માન્ચેસ્ટર યુનાઈટેડની ટીમ પાછળ રહી ગઈ હતી. એલેક્સ ઈવોબીએ તેની ટીમને લીડ અપાવવા માટે ગોલ કર્યો હતો, પરંતુ માન્ચેસ્ટર યુનાઈટેડ ટૂંક સમયમાં પાછો ફર્યો.

# હેટ-સ્પીચ સમગ્ર વાતાવરણ બગાડે છે: સુપ્રીમ

■ બે રાજયોના પોલીસ વડા સામે કોર્ટ તિરસ્કારની કાર્યવાહીની માંગ

ગુજરાત | વંદન




દેશમાં સુરત અને તે બાદના સમયમાં પણ સમુદાય કોમ તથા ધર્મો વચ્ચે સતત ધિક્કાર ફેલાવે તેવા વધતા જતા ભાષણો પર આકરા શબ્દોમાં નારાજગી વ્યક્ત કરતા સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યુ હતું કે આ પ્રકારની હેટ-સ્પીચ સમગ્ર વાતાવરણને ખરાબ કરે છે અને તેના પર કોઈ પ્રકારનો અંકુશ હોવો જરૂરી છે. દેશમાં ખાસ કરીને લઘુમતી-બહુમતી વચ્ચે આ પ્રકારના તનાવ વધારતી હેટ-સ્પીચ વધવા લાગી છે. દિલ્હી પોલીસે વિશ્વ હિન્દુ પરિષદ અને તેના સાથી સંગઠનોના અગ્રણીઓ સામે જે એફઆઈઆર નોંધી હતી તે સંદર્ભમાં આ પ્રકારનું નિરીક્ષણ સુપ્રીમ કોર્ટે વ્યકત કર્યુ હતું. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ યુ.યુ.લલીતના વડપણ હેઠળની સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં ઉતરાખંડ અને દિલ્હી પોલીસને આ પ્રકારની હેટ-સ્પીચ અટકાવવા શું પગલા લેવાયા તેનો રીપોર્ટ રજુ કરવા જણાવ્યું હતું.

ગાંધીજીના પ્રપૌત્ર-તુષાર ગાંધી દ્વારા સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરાયેલી એક અરજીમાં જણાવ્યું હતું કે આ બે રાજયોના પોલીસ વડાઓ 2018ના સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ હેટ-સ્પીચ અટકાવવા જે ગાઈડલાઈન નિશ્ચીત કરી હતી તે જેનું પાલન કર્યુ નથી. ગત વર્ષે હરિદ્વાર અને દિલ્હીમાં ધર્મ સંસદમાં જે પ્રકારે ધિક્કારભર્યા ભાષણો થયા તે સંદર્ભમાં આ બન્ને રાજયના પોલીસ વડાઓ સામે સુપ્રીમકોર્ટના આદેશના તિરસ્કારનો કેસ બને છે તેવી પીટીશન તુષાર ગાંધીએ કરી હતી.

## થોડાંક શાકભાજી ખરીદ્યા, મહિલાઓ સાથે વાતચીત કરી

# કેન્દ્રીય નાણામંત્રીએ બજેટ પહેલા શાકભાજી ખરીદયા: મહિલાઓએ સેલ્ફી લીધી



ગુજરાત | વંદન

દેશમાં એક તરફ મોંઘવારી સતત વધી રહી છે અને શાકભાજીના ભાવ પણ વધી રહ્યા છે તે સમયે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને તેમના એક દિવસના તામીલનાડુ પ્રવાસ સમયે ચેન્નઈના માઈલાપુરમાં ઓચિંતા તેઓ શાકભાજી માર્કેટમાં પહોંચી ગયા હતા અને અહીંથી થોડાક શાકભાજી ખરીદયા હતા તથા શાકભાજી ખરીદવા આવેલા મહિલાઓ સાથે 20 મીનીટ સુધી વાતચીત કરી હતી.

આ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામન સાથે સેલ્ફી લેવાનો જબરો ક્રેઝ બન્યો હતો. તેઓ પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી દિલ્હી પરત ફરી રહ્યા હતા ત્યાં અચાનક જ માઈલાપુર શાકભાજી બજાર પાસે તેમની ગાડીને રોકાવી હતી. અને થોડી શાકભાજી ખરીદી હતી. જો કે ભાવ અંગે તેઓએ કાંઈ ટિપ્પણી કરી હોય તેવા સંકેત નથી પરંતુ તેમનો આ શાકભાજી ખરીદતો હોય તેવા વીડિયો અને તસવીરો વાઈરલ થઈ ગઈ હતી.

તેઓએ તામીલનાડુમાં લોકપ્રિય હોય તેવી મલઈ કીરાઈ, જંગલી રતાલુ અને ટરકી બેરી ખરીદયા હતા અને એક ગૃહિણીની માફક જ પોતે શાકભાજી જોઈ અને ખરીદયા હતા. તેઓ વાસ્તવમાં માઈલાપુરીમાં ભુતકાળમાં અનેક વખત શાકભાજી ખરીદી ચૂક્યા છે.

# સત્યેન્દ્ર જૈનને મોટી રાહત: દિલ્હી હાઈકોર્ટે બેનામી સંપત્તિ મામલે કાર્યવાહી બંધ કરી

■ કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું, સત્યેન્દ્ર જૈન એક પ્રામાણિક માણસ..

ગુજરાત | વંદન

AAP મંત્રી સત્યેન્દ્ર જૈનને મોટી રાહત આપતાં દિલ્હી હાઈકોર્ટે તેમને બેનામી સંપત્તિના તમામ આરોપોમાંથી મુક્ત કર્યા છે. દિલ્હી હાઈકોર્ટના જજ યશવંત વર્માએ કેસની સુનાવણી કરતા સત્યેન્દ્ર જૈન સામે બેનામી એક્ટ હેઠળ તમામ કાર્યવાહી બંધ કરવાનો આદેશ આપ્યો હતો. ગયા મહિને દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, સુધારેલા બેનામી એક્ટ હેઠળ સત્તાવાળાઓ દ્વારા સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ કોઈ કાર્યવાહી, બળજબરી કરવામાં આવશે નહીં. બેનામી ટ્રાન્ઝેક્શન (પ્રોહિબિશન) એમેન્ડમેન્ટ એક્ટ, 2016 હેઠળ સત્યેન્દ્ર જૈન અને અન્યો સામે કાર્યવાહી શરૂ કરવા સામેની અરજીઓની સુનાવણી કરતી વખતે કોર્ટે આ આદેશ આપ્યો હતો.

આ મામલે પ્રતિક્રિયા આપતા AAPના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યુ કે, સત્યેન્દ્ર જૈન સામેનો કેસ કોર્ટે ફગાવી દીધો છે. તેઓએ એક પ્રામાણિક માણસને આટલા મહિનાઓથી બળજબરીથી જેલમાં રાખ્યો હતો. આ લોકો ખોટા કેસ કરવાને બદલે પોતાનો




સમય રાષ્ટ્ર નિર્માણના કામમાં લગાવે તો કેટલું સારું.2017માં આવકવેરા વિભાગે સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ બેનામી પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શન એક્ટ 2017 હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી અને તેમના પર બેનામી કંપનીઓ હેઠળ જમીન ખરીદવાનો આરોપ લગાવ્યો હતો. સત્યેન્દ્ર જૈને તે જ વર્ષે અરજી દાખલ કરીને કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કથિત વ્યવહાર 2011થી માર્ચ 2016 વચ્ચે થયો હતો અને તેથી નવેમ્બર 2016માં અમલમાં આવેલો સુધારો લાગુ થશે નહીં.


# આતંકી દાઉદ ગેંગ સાથે જોડાયેલ 5 લોકોને મુંબઈ ક્રાઈમ બ્રાંચે અરેસ્ટ કર્યા

ગુજરાત | વંદન

મુંબઈ ક્રાઈમ બ્રાંચની એન્ટી એક્સટોર્શન સેલે અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમનાં ડી ગેંગ સામે મોટી કાર્યવાહી કરી છે. ક્રાઈમ બ્રાંચે દાઉદ ગેંગ સાથે જોડાયેલા 5 લોકોને અરેસ્ટ કર્યા છે. આ કાર્યવાહી ગેંગસ્ટર છોટા શકીલનાં નજીકના સલીમ ફ્રૂટ અને દાઉદનાં નજીકના રિયાઝ ભાટીની ધરપકડ બાદ થઈ હતી.



# સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં રશિયાના પ્રસ્તાવ વિરુદ્ધ ભારતનું વોટીંગ



ગુજરાત | વંદન

રશિયા એ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં યુક્રેનના ચાર ક્ષેત્રોમાં ગેરકાયદે કબજા ની નિંદા કરવા માટે લાવવામાં આવેલા પ્રસ્તાવ પર ગુપ્ત મતદાન કરવાની માગણી કરી હતી પરંતુ ભારતે રશિયાને મોટો ઝટકો આપ્યો હતો અને તેની માંગને ફગાવી દેવા માટે મતદાન કર્યું હતું. ભારત સહિત 100 થી વધુ દેશોએ સાર્વજનિક વોટિંગને સમર્થન આપ્યું હતું અને રશિયાને મોટો ઝટકો આપવામાં આવ્યો હતો. 193 સભ્યો વાળા સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ગઈકાલે આલબેનિયા દ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો અને તેના માટે વોટીંગ ની પ્રક્રિયા થઈ હતી.

# શિક્ષક ભરતી કૌભાંડમાં ઈડીની ટીમે TMCનાં વધુ એક નેતાની ધરપકડ કરી

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ મામલે તૃણમુલ કોંગ્રેસ (ટીએમસી)ના ધારાસભ્યની ઈડીએ ધરપકડ કરી છે. ધરપકડ થયેલા શિક્ષક બંગાળ શિક્ષણ બોર્ડના પુર્વ અધ્યક્ષ રહી ચુકયા છે. ઈડીએ આ કાર્યવાહી માણીકની લાંબી પુછપરછ કરી છે. આખો મામલો પ્રાથમીક શિક્ષકોની ભરતીમાં નિયુકિતઓમાં ગેરરીતીને લઈને છે.ઈડીની ટીમ માણીક ભટ્ટાચાર્યની સોમવારે બપોરે પૂછપરછ શરૂ કરી હતી. પુછપરછ દરમ્યાન તપાસમાં સહયોગ ન કરવાના આરોપમાં તેમની ધરપકડ કરાઈ હતી



## સુપ્રીમ કોર્ટે અરજદારને ફટકાર લગાવી

# ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની અરજી ફગાવી દેવામાં આવી



ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે સોમવારે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટે કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ અભય એસ ઓકાએ અરજીકર્તાને પૂછ્યું કે આનાથી કયો મૂળભૂત અધિકાર પ્રભાવિત થઈ રહ્યો છે.

બેન્ચે કહ્યું કે શું આ કોર્ટનું કામ છે? તમે એવી અરજીઓ કેમ કરો છો કે અમારે તેને દંડ કરવો પડે? કયા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થયું? તમે કોર્ટમાં આવ્યા હોવાથી, શું નકારાત્મક પરિણામને ધ્યાનમાં લીધા વિના આપણે આ કરવું જોઈએ?'

અરજદાર તરફથી હાજર રહેલા વકીલે કોર્ટમાં કહ્યું કે ગાયની સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખંડપીઠે વકીલને ચેતવણી આપી હતી કે તે દંડ લાદશે, ત્યારબાદ તેણે અરજી પાછી ખેંચી લીધી અને મામલો કાઢી નાખવામાં આવ્યો. સર્વોચ્ચ અદાલત બિન-સરકારી સંસ્થા ગોવંશ સેવા સદન અને અન્ય દ્વારા ગાયને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવા માટે કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ કરતી PILની સુનાવણી કરી રહી હતી.

## સીએમના ઘરે બેઠક બાદ રાજકીય ગલિયારામાં ચર્ચા શરૂ

# ભાજપ માટે પ્રચાર કરશે 'પંગા ગર્લ' કંગના રનૌત

ગુજરાત | વંદન

હિમાલચ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની તારીખનું એલાન થવાનું બાકી છે પરંતુ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બોલીવુડ અભિનેત્રી કંગના રનૌત હિમાચલ વિધાનસભા ચૂંટણી માટે ભાજપનો પ્રચાર કરતી નજર આવશે. પાર્ટી તરફથી તેને સ્ટાર કેમ્પેનર બનાવવામાં આવશે. આ જાણકારી જયરામ ઠાકુરે આપી છે.

કુલ્લુ દશેરા સમાપનના અવસર પર સીએમ જયરામ ઠાકુરે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણી દરમિયાન કંગના ભાજપ માટે પ્રચાર કરશે અને તે રેલીઓ માટે અમારી સ્ટાર પ્રચારક હશે. મંગળવારે સવારે સીએમ જયરામ ઠાકુર અચાનક



મનાલીના સિમસામાં કંગના રનૌતના ઘરે પહોંચ્યા હતા. તેમની સાથે મંત્રી ગોવિંદ ઠાકુર પણ પહોંચ્યા હતા. બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ કંગના સાથે ચર્ચા કરી હતી. તેમજ સીએમ જયરામ, કંગના રનૌત, ગોવિંદ સિંહ ઠાકુર અને કંગનાના માતા-પિતાએ સાથે નાસ્તો કર્યો હતો. બેઠકની જાણ થતા જ રાજકીય ગલિયારામાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, તે ચૂંટણી માટે ભાજપનો પ્રચાર કરી શકે છે. જો કે, તે સમયે સીએમ અને કંગના બંને તરફથી કોઈ નિવેદન આવ્યું ન હતું. હવે સીએમના એલાનથી સ્પષ્ટ થઈ ગયું છે કે, કંગના બીજેપીની સ્ટાર પ્રચારક હશે.

# છત્તીસગઢ: નેતા, અધિકારી, વેપારીઓ EDના સકંજામાં

ગુજરાત | વંદન

EDએ છત્તીસગઢમાં વરિષ્ઠ અધિકારીઓ, વેપારીઓ અને સત્તારુઢ કોંગ્રેસના નેતાઓના ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. EDએ દરોડા દરમિયાન 4 કરોડ રૂપિયા રોકડ જપ્ત કર્યા હતા. આ સાથે જ કેટલાક સોના ચાંદીના ઘરેણા અને ક્ટલાર વરિષ્ઠ IAS અધિકારીઓના આવાસપરતી વાંધાજનક દસ્તાવેજો જપ્ત કર્યા હતા. EDએ સવારે રાયપુર, રાયગઢ, મહાસમુંદ, કોરબા સહિત અનેક જિલ્લાઓમાં દરોડાની કાર્યવાહી શરૂ કરી હતી. EDએ જે લોકોના ઠેકાણા પર દરોડા પાડ્યા હતા તેમાં એક કલેક્ટર અને સરકારના નજીકના કેટલાક વરિષ્ઠ અધિકારી, વેપારીઓ અને કોંગ્રેસ નેતા સામેલ છે. રાજ્યમાં આ દરોડાની કાર્યવાહી પર ભૂપેશ બઘેલે કહ્યું કે, આ ડરાવવાનો પ્રયાસ છે અને જેમ-જેમ ચૂંટણી નજીક આવશે તેમ-તેમ આ કાર્યવાહીમાં વધારો થશે.



## રાજ્યમાં છેલ્લા 24 કલાક 6 લોકોના મોત, CM યોગીએ આપ્યા નિર્દેશ

# UPમાં વરસાદ બાદ હવે પૂરનો કહેર: 18 જિલ્લાના 1370 ગામડાઓ 'જળમગ્ન'

ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે દોઢ ડઝન જિલ્લાના 1370 ગામોમાં પૂરની સ્થિતિ છે. તો રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન વરસાદ અને પૂર સંબંધિત દુર્ઘટનાઓમાં 6 લોકોના મોત થયા છે. રાહત કમિશનરની કચેરીમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, હાલમાં રાજ્યના 18 જિલ્લાના 1370 ગામો પૂરથી પ્રભાવિત છે, જેમાં બલરામપુરના સૌથી વધુ 287 ગામોનો સમાવેશ થાય છે. આ સિવાય સિદ્ધાર્થનગરના 129, ગોરખપુરના 120, શ્રાવસ્તીના 114, ગોંડાના 110, બહરાઈચના 102, લખીમપુર ખીરીના 6 અને બારાબંકીના 82 ગામો પૂરથી પ્રભાવિત છે. 24 કલાકમાં રાજ્યમાં વરસાદને કારણે ત્રણ લોકોના મોત થયા છે,



જ્યારે વીજળી પડવાથી, સર્પદંશ અને ડૂબી જવાથી એક-એક વ્યક્તિના મોત થયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યમાં અતિવૃષ્ટિ, વીજળી પડવા, સર્પદંશ અને ડૂબી જવાથી થયેલા 6 લોકોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોના પરિવારોને રાહતની રકમનું તાત્કાલિક વિતરણ કરવા સૂચના આપી છે. મુખ્યમંત્રીએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કાર્ય માટે જરૂરીયાત મુજબ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) અને PACની ટીમો તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે.

# અમેરીકાએ એકાએક ત્રણ હજાર કરોડ રૂપિયાનું આયોડિન ખરીદયું

■ રશિયાના પરમાણુ બોમ્બના હુમલાથી બચવા યુક્રેનને મોકલાયું

ગુજરાત | વંદન

યુક્રેન સામેના યુદ્ધમાં રશિયા પરમાણુ હુમલો કરી શકે છે એવી આશંકાને પગલે અમેરિકાએ સાવચેતીના ભાગરૂપ 2,389 કરોડની આયોડિન દવાઓ ખરીદવાનો નિર્ણય કર્યો છે. પુટિને ગત 24 સપ્ટેમ્બરે ધમકી આપી હતી કે 'યુક્રેન સાથેનું યુદ્ધ જીતવા અને પશ્ચિમી દેશોને જવાબ આપવા અમે અમારાં બધાં ખતરનાક હથિયારોનો ઉપયોગ કરીશું', 'અમારી પાસે દુનિયાભરમાં વિનાશ કરવાનાં ખતરનાક હથિયાર છે'. પરમાણુ હુમલાની આશંકાને પગલે 2 ઓક્ટોબરે અમેરિકી સરકારે 2,389 કરોડ રૂપિયાની આયોડિન



દવા ખરીદવાની જાહેરાત કરી છે.

આ અંગે બાઈડેન સરકારે કહ્યું કે, કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ અને ન્યુક્લિયર હુમલાથી બચવા આ દવાઓ ખરીદવામાં આવી છે. જોકે અમેરિકાના ઈતિહાસમાં પહેલી વાર એક સાથે આટલી આયોડિન ગોળીની ખરીદી કરવામાં આવી છે. માત્ર અમેરિકા જ નહીં, યુરોપમાં પણ દવાઓનું વેચાણ ઝડપથી વધ્યું છે. રશિયા-યુક્રેનને અડીને આવેલા દેશ પોલોન્ડની રાજધાની વોર્સોમાં આ પ્રકારની દવાના વિતરણ માટે 600થી વધુ ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર બનાવાયાં છે.

પુટિનના આક્રમક નિવેદનના પગલે 13 દિવસ બાદ બાઈડેને 7 ઓક્ટોબરે વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, 'દુનિયા છેલ્લા યુદ્ધની નજીક પહોંચી ગઈ છે' ત્યારે આ નિવેદન બાદથી જ પરમાણુ યુદ્ધની ચર્ચાએ વેગ પકડ્યો છે. જોકે આ નિવેદન અગાઉ જ અમેરિકી સરકારે આયોડિન ગોળી ખરીદવાનું શરૂ કરી દીધું હતું. સાથે યુરોપિયન યુનિયને પ્રેસ રિલીઝ જારી કરી યુક્રેને 55 લાખ પોટેશિયમ આયોડાઈડની ગોળી મોકલવાની વાત કરી હતી.

પરમાણુ વિસ્ફોટ થતાં જ 'રેડિયોએક્ટિવ આયોડિન'(I-131) હવામાં તરવા લાગે છે. ત્યારે તે ન તો સૂંઘી શકાય છે કે, ન જોઈ શકાય છે સાથે જ તેનો સ્વાદ પણ જાણી શકાતો નથી.

# 2023 માટે નેગેટિવ આઉટલુક: IMFએ ઘટાડ્યું ભારતના વિકાસદરનું અનુમાન

ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ બીજી વખત ભારતના આર્થિક વિકાસ દરમાં ઘટાડો કર્યો છે. IMFએ તેને નાણાકીય વર્ષ 2022-23 માટે 7.4%થી ઘટાડીને 6.8% કર્યો છે. IMFએ કહ્યું કે, ટૂંકમાં સૌથી ખરાબ સમય આવવાનો હજુ બાકી છે. આ સમય ઘણા લોકો માટે 2023ની મંદી જેવો સાબિત થશે. જુલાઈમાં IMFએ ભારતનો વિકાસ દર 8.2%થી ઘટાડીને 7.4% કરી દીધો હતો. આમ IMFએ તેમાં 0.8%નો ઘટાડો કર્યો હતો.

વૈશ્વિક પરિબળોની અસર અને અને કડક મોનિટરી પોલિસીના કારણે ભારતનો આર્થિક વિકાસ દર નીચો રહી શકે છે. જોકે, તે આરબીઆઈના અંદાજ કરતા થોડો વધારે છે. સેન્ટ્રલ બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી 7.2%ના



દરે વૃદ્ધિ પામવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. આગામી નાણાકીય વર્ષ એટલે કે, 2023-24માં ભારતીય અર્થવ્યવસ્થા 6.1%ના દરે વૃદ્ધિ પામવાનું અનુમાન છે.

IMFએ જુલાઈમાં એપ્રિલ 2022માં શરૂ થયેલા નાણાકીય વર્ષમાં ભારત માટે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં 7.4% વૃદ્ધિનો અંદાજ મૂક્યો હતો. આ અનુમાન આ વર્ષે જાન્યુઆરીમાં અંદાજવામાં આવેલા 8.2% કરતાં ઓછું હતું. ભારતમાં નાણાકીય વર્ષ 2021-22 (એપ્રિલ 2021 થી માર્ચ 2022)માં 8.7%ના દરે આર્થિક વૃદ્ધિ થઈ હતી.

MF પહેલાં ફિચ રેટિંગ્સે તાજેતરમાં જ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના આર્થિક વિકાસના પૂર્વાનુમાનને 7.8%ના અગાઉના અંદાજથી ઘટાડીને 7% કર્યો હતો. ફિચે જણાવ્યું હતું કે, તે હવે જૂનમાં 7.8%ના વૃદ્ધિના અનુમાનની સરખામણીમાં 2022-23માં ભારતીય અર્થતંત્ર 7%ના દરે વૃદ્ધિની અપેક્ષા રાખે છે. સંસ્થાએ જણાવ્યું કે, આગામી નાણાકીય વર્ષમાં પણ વિકાસ દર 7.4%ના અગાઉના અનુમાનની સરખામણીમાં હવે 6.7% સુધી રહી જવાની શક્યાતા છે. મંગળવારે જાહેર કરવામાં આવેલા પોતાના વાર્ષિક વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં IMFએ જણાવ્યું કે, ભારતે 2022માં 6.8%ની વૃદ્ધિ હાંસલ કરી છે. ભારતના જીડીપીમાં જુલાઈના પૂર્વાનુમાનથી 0.6%નો ઘટાડો થયો છે, જે બીજા ક્વાર્ટરમાં અપેક્ષા કરતા નબળા પરિણામો દર્શાવે છે.

## ઇતિહાસના પાનાંમાંથી....

**13 ઓક્ટોબરની મહત્વની ઘટનાઓ**

1976 બોલિવિયામાં બોઈંગ જેટ ક્રેશ થયું, 100 લોકો માર્યા ગયા.
1987 કોસ્ટારિકાના પ્રમુખ સ્કાર એરિયસને નોબેલ શાંતિ પુરસ્કાર
1999 વાજપેયી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા.
2000 દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ કિમ ડે જંગને નોબેલ શાંતિ પુરસ્કાર
2001 નાઈજિરીયામાં યુએસ વિરોધી હિંસામાં 200 લોકોના મોત .
2002 ઈન્ડોનેશિયામાં નાઈટક્લબમાં વિસ્ફોટથી 200 લોકો માર્યા ગયા
2003 એક વર્ષ તબીબી આયોજન અને ડલ્લાસમાં 26 કલાકના જટિલ ઓપરેશન પછી, ઈજિપ્તના જોડિયા બાળકોના એકીકૃત માથાને અલગ કરવામાં સફળતા મળી
2004 સાઉદી અરેબિયાએ દર વર્ષે 10 લાખ કામદારોને ઘટાડવાની જાહેરાત કરી.
2005 જર્મન નાટ્યકાર હેરાલ્ડ પિન્ટરને સાહિત્યમાં નોબેલ પુરસ્કાર.
2006 બાંગ્લાદેશના મિ. યુનુસ અને તેમના દ્વારા સ્થાપિત ગ્રામીણ બેંક માટે નોબેલ પુરસ્કાર.
2011 મુશ્કેલ હિન્દી શબ્દોને બદલે ઉર્દૂ, ફારસી, સામાન્ય હિન્દી અને અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી
2012 પાકિસ્તાનના દારા આદમમાં આત્મઘાતી હુમલામાં 15 લોકો માર્યા ગયા.
2013 મધ્યપ્રદેશના દતિયા જિલ્લામાં નાસભાગમાં 109 લોકો માર્યા ગયા.

**13 ઓક્ટોબરે જન્મેલા લોકો...**

1994 અવિનાશ સાબલે - ભારતીય એથ્લેટ લાંબા અવરોધો માટે જાણીતા.
1929 શિવેન્દ્ર સિંહ સિંધુ - મણિપુર, ગોવા અને મેઘાલયના રાજ્યપાલ.
1911 અશોક કુમાર, ભારતીય અભિનેતા
1948 નુસરત ફતેહ અલી ખાન, સુફી ગાયક
1931 ભૂમિન્દર બર્મન - કોંગ્રેસના રાજકારણી, આસામના મુખ્યમંત્રી
1895 સી.કે. નાયડુ - ભારતીય ક્રિકેટ ટીમના પ્રથમ ટેસ્ટ કેપ્ટન.
1877 ભુલાભાઈ દેસાઈ - જાણીતા ન્યાયશાસ્ત્રી, અગ્રણી સંસદીય નેતા.

**13 ઓક્ટોબરના રોજ અવસાન થયું...**

1911 સિસ્ટર નિવેદિતાનું દાર્જીલિંગમાં.
1987 કિશોર કુમાર, ભારતીય ગાયક
2004 નિરુપા રોય - પ્રખ્યાત હિન્દી ફિલ્મ અભિનેત્રી
2000 જરનૈલ સિંહ - શ્રેષ્ઠ ફૂટબોલ ખેલાડીઓમાંથી એક.

**13 ઓક્ટોબરના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ**

વિશ્વ દૃષ્ટિ દિવસ
વિશ્વ પોસ્ટ દિવસ (અઠવાડિયું)
રાષ્ટ્રીય કાનૂની સહાય દિવસ (અઠવાડિયું)



## Happy Birthday

# બોલીવૂડમાં પ્રથમ ફિલ્મ ધોવાઇ જવાથી તૂટી ગઇ હતી એક્ટ્રેસ, ટૉલીવુડથી લઈને બૉલીવુડમાં છે ઠાઠ

અભિનેત્રી પૂજા હેગડેએ પોતાના ગ્લેમર સાથે ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. હવે પૂજા હેગડેએ ગ્લેમર અને અભિનયથી ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. આજે પૂજા હેગડેનો 32 મો જન્મદિવસ છે.પૂજાના જન્મદિવસ નિમિત્તે આ જે તેની સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ હકીકતો વિશે વાત કરીએ.

2010 માં યોજાયેલી મિસ યુનિવર્સ ઈન્ડિયા સ્પર્ધામાં પૂજા હેગડે સેકન્ડ રનર અપ રહી હતી. આ પછી પૂજાએ તેની અભિનય કારકિર્દીની શરૂઆત ટોલીવુડથી કરી. અહીં તેણે 2012 માં સુપરહીટ ફિલ્મ મુગામુડીથી શરૂઆત કરી હતી, જેનું દિગ્દર્શક મિસ્કીન દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ફિલ્મ પછી, તેના સહ-કલાકાર ઋત્વિક રોશન સાથે તેના અફેરના સમાચારો આવવા લાગ્યા હતા. જો કે, પૂજાએ આ અહેવાલોને માત્ર અફવા ગણાવી હતી.

ટોલીવુડમાં ઘણી ફિલ્મો કરી ચુકેલી પૂજા હેગડેએ 2016 માં ફિલ્મ મોહેંજોદરોથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. જો કે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ધોવાઈ ગઈ હતી. બધાને લાગે છે કે આશુતોષ ગોવારીકરને આ ફિલ્મ માટે પૂજા હેગડે ગમી હતી, પરંતુ એવું નથી. આશુતોષની પત્નીએ એક જાહેરાતમાં પૂજાને જોઈ હતી અને પછી તેણે તેના પતિને તેના નામની ભલામણ કરી હતી.

પૂજાનો જન્મ મુંબઈમાં થયો હતો, તેથી તે અભિનય સાથે સંકળાયેલી છે તે કોઈ આશ્ચર્યજનક વાત નથી. કૉલેજના દિવસોથી પૂજાને એક્ટિંગ અને મૉડલિંગનો શોખ હતો અને આ શોખ એને ઈન્ડસ્ટ્રીમાં લઈ આવ્યો.

# હવે સાઉથનો આ સુપરસ્ટાર બનશે શ્રીરામ, કંગના કરશે સીતામૈયાનો રોલ

જેમ જેમ બૉલીવુડની ફિલ્મો ફ્લોપ થઈ રહી છે, સાઉથના કલાકારોની ડિમાન્ડ વધી રહી છે. આ જ કારણ છે કે બૉલીવુડમાં રિતિક રોશન, રણવીર સિંહ, રણબીર કપૂર, અમીર ખાન જેવા નામોની ચર્ચા ફિલ્મોમાં ભગવાન રામના પાત્રો માટે થતી હતી, હવે તેમની જગ્યાએ સાઉથના ચહેરા જોવા મળે છે. ત્રણ દિવસ પહેલા ભલે આદિપુરુષનાં ટ્રેલરની નિંદા થઈ હોય, પણ પ્રભાસને તો લોકોએ સ્વીકાર્યો છે. તેમને વર્ષ 2023માં આવનાર આ ફિલ્મ માટે ખૂબ જ પ્રેમ મળ્યો છે. હવે રામ - સીતાને લઈને હજુ એક ફિલ્મની ચર્ચા છે, જેમાં સિતાનો રોલ કંગના રનૌત નિભાવશે, પણ રમનાં રોલ માટે તામિલ સ્ટારને કાસ્ટ કરવાની વાત






ચાલી રહી છે. કંગના આજકાલ પોતાની ફિલ્મ ઈમરજન્સીનાં શૂટિંગમાં વ્યસ્ત છે. તે આ ફિલ્મમાં ડાયરેક્ટર અને એક્ટર બંનેની ભૂમિકામાં છે. તેના આગામી VFX થી ભરપૂર પ્રોજેક્ટ ધ ઈન્કરનેશન : સીતાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મમાં રામના રોલ માટે તામિલ સુપરસ્ટાર ચિયાન વિક્રમને ફાઈનલ કરવામાં આવશે. હાલમાં ફિલ્મના નિર્દેશક અલૌકિક દેસાઈએ વિક્રમ સાથે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર તસવીર પણ શેર કરી હતી. જોકે, તેમણે આ ફોટોમાં વિજરાંને તાજેતરની ફિલ્મ પીએસ-1 માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી અને સાથે જ લખ્યું છે કે મિટિંગ સારી રહી. હેશટેગમાં તેમણે રામ અને સીતા પણ લખ્યું છે. ત્યાર બાદથી એવી અટકળો લગાવાઈ રહી છે કે વિક્રમને કંગના સાથે આ ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવશે.

ફિલ્મ મહાકાવ્ય રામાયણને સીતાના દ્રષ્ટિકોણથી પ્રસ્તુત કરશે. વિજેન્દ્ર પ્રસાદે અલૌકિક દેસાઈ સાથે મળીને આ ફિલ્મ લખી છે. વિજેન્દ્ર પ્રસાદે અગાઉ 2019માં કંગના માટે મણિકર્ણિકાઃ ધ ક્વીન ઑફ ઝાંસી લખી હતી. સલોની શર્મા અને અંશીતા દેસાઈ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે અને ફિલ્મ હાલમાં પ્રી-પ્રોડક્શન સ્ટેજમાં છે. અલૌકિક દેસાઈની આ ફિલ્મ ભગવાન રામને મળ્યા પહેલા અને લગ્ન પહેલા સીતાનું જીવન બતાવશે. આ ફિલ્મ સીતાના મૂલ્યો વિશે વાત કરશે અને જેણે તેમના વ્યક્તિત્વને આકાર આપ્યો.

# 'દાદા મુનિ'એ પોતાના જન્મદિવસ પર જ ગુમાવ્યાં હતા ભાઈ 'કિશોર દા' ને...



ભારતીય ફિલ્મ જગતના ભિષ્મ પિતામહ અશોક કુમાર ઉર્ફે દાદામોનીની આજે જન્મ દિવસ છે. તેમની છબી એક સદાબહાર અભિનેતાની રહી છે. પરંતુ આપણને જાણીને કદાચ નવાઈ લાગશે કે અશોક કુમારે એવા સમયમાં એન્ટી હિરોની ભૂમિકા પસંદ કરી હતી, જ્યારે ભારતીય ફિલ્મોમાં હિરોની છબી એક સર્વાંગ સરળ વ્યક્તિની હતી. અશોક કુમારે આ પ્રકારની ભૂમિકાઓ તો ભજવી જ હતી, પરંતુ 1943માં આવેલી ફિલ્મ 'કિસ્મત'માં અશોક કુમારે એક ચોરની ભૂમિકા ભજવી હતી જેને ભારતની પ્રથમ એન્ટી હિરો ફિલ્મ ગણવામાં આવે છે. આજના દિવસે 1911માં ભાગલુપરમાં તેમનો જન્મ થયો હતો. 40 અને 50ના દાયકમાં તેમણે સખત પરિશ્રમ કરીને પોતાની એવી છબી ઉભી કરી કે આજે પણ તેમની હાજરી સૌ કોઈને પ્રભાવિત કરે છે. 13 ઓક્ટોબર, 1911ના રોજ ભાગલપુરમાં વકીલ કુંજલાલને ત્યાં કુમુદલાલ ગાંગુલી રૂપે તેમનો જન્મ થયો હતો. ફિલ્મોમાં આવતા પહેલાં અશોક કુમારના શોભનાજી સાથે લગ્ન થઇ ગયા હતા. મોટા સ્ટાર હોવા છતાં તેઓ મધ્યમ વર્ગની જેમ જ જીવ્યા.



**ભારતના પહેલા એન્ટી હિરો અશોક કુમારનો આજે જન્મદિવસ, કિશોર કુમારની પુણ્યતિથિ**

લગભગ 300 ફિલ્મોમાં કામ કરનારા અભિનેતા અશોક કુમારના અભિનયની ઘણા વખાણ થયા. અશોક કુમારના અભિનયની પ્રશંસા થતા જ તેમની ફિલ્મ 'કંગન', 'બંધન' અને 'ઝૂલા' અને 1963માં પ્રદર્શિત 'બંદિની'ને ભુલાવી શકાય નહીં. દૂરદર્શનની ઘણી સીરિયલ્સથી તેમણે ઘર ઘરમાં ઓળખ બનાવી લીધી હતી. અશોક કુમાર એક્ટિંગ ની સાથે સાથે પેઈન્ટર અને હોમિયોપેથીની પ્રેક્ટિસ પણ કરતા હતા. અશોક કુમારને સિનેમામાં પ્રદાન માટે ૧૯૮૮માં દાદાસાહેબ ફાળકે એવૉર્ડથી અને ૧૯૯૯માં પદ્મભૂષણથી સન્માનિત કરાયા હતા.

અશોક કુમારના પ્રખ્યાત ગાયક કિશોર કુમારના મોટા ભાઈ હતા. અશોક કુમારના 76માં જન્મદિવસ પર કિશોર કુમાર આ દુનિયાને અલવિદા કહી ચૂક્યા હતા. કિશોર કુમારની ડેથ એનિવર્સરી અશોક કુમારના જન્મદિવસ પર હોય છે. કિશોર કુમારનું મૃત્યુ હાર્ટ અટેકના લીધે થયુ હતુ. ગોલ્ડન એરાના બોલિવુડના ગીતોના દિવાનાઓ માટે અને કોઈ દૈવીય અવતારની જેમ કહેવાતા સિંગર, એક્ટર અને મલ્ટીટેલેન્ટેડ આર્ટિસ્ટ કિશોર કુમારનું મુત્યું 13 ઓકટોબર 1987ના રોજ થયું હતું. મધ્યપ્રદેશના ખંડવામાં 4 ઓગસ્ટ 1929ના એક બંગાળી પરિવારમાં વકીલાત કરનારા એક એડવોકેટ કુંજી લાલ ગાંગુલીના ઘરે જ્યારે ત્રીજા અને સૌથી નાનકડા બાળકનો જન્મ થયો તો, તેનું નામ આભાસ કુમાર ગાંગુલી રાખવામાં આવ્યું હતું. આ જ આભાસ આગળ જઈને ભારતીય સિનેમા ઈન્ડસ્ટ્રીઝમાં મહાન ગાયક કિશોર કુમારના નામથી ઓળખવામાં આવ્યો.

વર્ષ 1969માં નિર્માતા નિર્દેશક શક્તિ સામંતની ફિલ્મ આરાધનાના કિશોર કુમાર સંગીતની દુનિયાના બેતાજ બાદશાહ બની ગયા. આ ફિલ્મમાં 'મેરે સપનો કી રાની કબ આયેગી તુ' અને 'રૂપ તેરા મસ્તાના' જેવા રોમેન્ટિક ગીતોને કિશોર કુમારને લોકોના દિલોના રાજા બનાવી દીધા. 'રૂપ તેરા મસ્તાના' માટે કિશોર કુમારને ગાયક તરીકે પહેલો ફિલ્મફેર પુરસ્કાર મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ 1987માં કિશોર કુમારે નિર્ણય લીધો કે, તેઓ ફિલ્મોમાંથી સંન્યાસ લીધા બાદ પોતાના ગામ ખંડવા પરત ફરી જશે. પરંતુ સમયને કંઈક બીજુ જ જોઈતુ હતું. 13 ઓક્ટોબર, 1987ના રોજ તેમને એટેક આવ્યો હતો અને દુનિયાને અલવિદા કરી હતી.

# નોરા ફતેહીને ફીફા વર્લ્ડ કપમાં પરફોર્મ કરવાની મળી તક

બોલીવૂડની ફિલ્મોમાં આઈટમ સોંગ્સની ડાન્સર તરીકે જાણીતી નોરા ફતેહીને ફીફા વર્લ્ડ કપમાં પરફોર્મ કરવાની તક મળી છે. આગામી ડિસેમ્બરમાં યોજાનારા ફીફાના સમારંભમાં તે લાઈવ પરફોર્મન્સ આપવાની છે. તે પહેલાં તેનો ફીફા એન્થમનો મ્યુઝિક વીડિયો પણ રિલીઝ થશે.

ફીફામાં અગાઉ જેનિફર લોપેઝ અને શાકિરા પરફોર્મ કરી ચૂક્યાં છે. જોકે ભારતમાં કોઈ પરફોર્મરને હજુ સુધી તેમાં પરફોર્મ કરવાની તક મળી નથી. નોરા મૂળ મોરોક્કોની છે પરંતુ તે કેનેડાનું નાગરિકત્વ ધરાવે છે. તેની માતાની ત્રીજી પેઢીનો સંબંધ ભારત સાથે છે. જોકે, તેનું કાર્યક્ષેત્ર ભારત જ છે અને સંખ્યાબંધ બોલીવૂડ ફિલ્મોમાં તે આઈટમ સોન્ગ પરફોર્મ કરી ચુકી છે. ફીફાના એન્થમ સોંગની દર વખતે રાહ જોવાતી હોય છે. શાકિરાનું વાકા વાકા આજે પણ લોકોની જીભ પર રમે છે. આ વખતના ફીફા એન્થમના મ્યુઝિક વીડિયોમાં નોરાને ગાવાનો તથા પરફોર્મ કરવાનો ચાન્સ મળશે. આ ઉપરાંત આગામી ડિસેમ્બરમાં તેનું લાઈવ પરફોર્મન્સ પણ યોજાવાનું છે. ફીફાના સમાપન સમારંભમાં તે પરફોર્મ કરે તેવી સંભાવના છે અને એક અટકળ એવી પણ છે કે તે કદાચ કોઈ હિંદી ગીત પણ રજૂ કરી શકે છે.




# પહેલી વાર મિસ યુનિવર્સ સુષ્મિતા સેન દેખાશે કિન્નરના રોલમાં




બોલીવુડની એક્ટ્રેસ સુષ્મિતા સેન હોટસ્ટારની વેબ સિરીઝ "આર્યા" માં પોતાનું દમદાર પરર્ફોમન્સ બાદ ફરી એકવાર સુષ્મિતા સેન હવે એક નવી વેબ સીરિઝમાં જોવા મળશે. તમને જણાવી દઈએ કે, હવે આવનારી વેબ સીરિઝ માટેનો તેનો પહેલો લૂક જાહેર કરી દીધો છે. અભિનેત્રી સુષ્મિતા સેનનો આ લૂક જોઈને સ્પષ્ટ દેખસી રહ્યું છે કે તે ટ્રાન્સજેન્ડરનો રોલ કરશે. આવું પહેલી વાર બનશે કે જ્યારે મિસ યુનિવર્સ કોઈ ટ્રાન્સજેન્ડરનો રોલ પ્લે કરતી જોવા મળશે. સુષ્મિતા સેનનો આ અવતાર જોઈને દરેક આ વેબ સિરીઝ વિશે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. તો જાણો કે ક્યાં ફેમસ ટ્રાન્સજેન્ડરની જિંદગીને સુષ્મિતા સેન ઓટીટી પ્લેટફોર્મ પર લાવવા જઈ રહી છે. સુષ્મિતા સેન આવનારી અપકમિંગ વેબ સિરીઝમાં જાણીતી ટ્રાન્સજેન્ડર ગૌરી સાવંતનો અભિનય કરવાની છે. આ વેબ સિરીઝ દ્વારા એક્ટિવિસ્ટ ગૌરી સાવંતના જીવનને દુનિયાની સામે લાવવા જઈ રહી છે. ગૌરી સાવંતે ખાલી ટ્રાન્સજેન્ડરના સમુદાયની સામે અવાજ ઉઠાવ્યો પણ સમાજમાં તેમને ઈજ્જત અને સન્માન મળે તે માટે ઘણું કામ કર્યું.

**સુષ્મિતા સેનને ગમ્યું ગૌરીનું પાત્ર** | જ્યારે સુષ્મિતા સેનને આ વેબ સિરીઝ માટે જણાવ્યું ત્યારે તેમને આ ટ્રાન્સજેન્ડર ગૌરી સાવંતનું પાત્ર ખુબ પસંદ આવ્યું હતું. ગૌરી સાવંત સખી ચાર ચોઘી ટ્રસ્ટના સ્થાપક અને નિર્દેશક છે. તેમને વર્ષ 2000થી સેફ સેક્સ માટે જાગરુતતા ફેલાવી અને ટ્રાન્સજેન્ડર સમાજની સમસ્યાઓ સામે લાડવા માટે આની શરૂઆત કરી હતી.

# રામાયણના ઈસ્લામીકરણ પર 'આદિપુરુષ'ના ડિરેક્ટરને કાનૂની નોટિસ, કહ્યું - વિવાદિત દ્રશ્યો દૂર કરો





પ્રભાસની ફિલ્મ આદીપુરુષને લઈ વિવાદ ઓછું થવાનું નામ લઈ રહી નથી. આ ફિલ્મમાં સૌથી વધુ સૈફ અલી ખાનના લુકને લઈ વિવાદ થઈ રહ્યો છે. તેના લુક પર વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. હવે આ ફિલ્મ માટે મુશ્કિલો ઉભી થતો હોય તેવું લાગી રહ્યું છે હવે સર્વ બ્રાહ્મણ મહાસભાએ ફિલ્મના ડાયરેક્ટર ઓમ રાઉતને લીગલ નોટીસ મોકલી 7 દિવસની અંદર ફિલ્મોમાંથી વિવાદિત દર્શ્યો દુર કરે બાકી તેના પર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. સર્વ બ્રાહ્મણ મહાસભાના અધ્યક્ષ પંડિત સુરેશ મિશ્રા તરફથી ઓમ રાઉતને આ નોટિસ તેના વકીલ કમલેશ શર્મા દ્વારા મોકલી છે. આ નોટિસમાં લખવામાં આવ્યું કે, ફિલ્મમાં હિન્દુ દેવી-દેવતાઓને ખોટી રીતે રજુ કરવામાં આવ્યા છે. જેમાં દેવી-દેવતાઓને ચામડાંના વસ્ત્રો પહેરીને દર્શાવવામાં આવ્યા છે. ફિલ્મમાં બતાવવામાં આવેલી ભાષા ખૂબ જ નિમ્ન સ્તરની છે, જે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. આમાં કેટલાક સંવાદો એવા છે જે જાતિ અને ધાર્મિક દ્વેષને પ્રોત્સાહન આપે છે. રામાયણ આપણો ઈતિહાસ છે અને 'આદિપુરુષ'માં ભગવાન હનુમાનને મુગલની જેમ બતાવવામાં આવ્યા છે.

આ નોટિસમાં આગળ કહેવામાં આવ્યું કે, ક્યો મુછો વગર દાઢી રાખે છે. જેવી રીતે ભગવાનને ફિલ્મમાં દેખાડવામાં આવ્યા છે આ ફિલ્મમાં રામાયણ,ભગવાન રામ, માતા સીતા અને ભગવાન હનુમાનનું સંપુર્ણ રીતે ઈસ્લામીકરણ કરી રહી છે. તેમજ રાવણનું પાત્ર નિભાવનાર અભિનેતા સૈફ અલી ખાન પણ અલગ રીતે જ જોવા મળી રહ્યો છે. આ ફિલ્મ દેશના લોકોની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડી રહી છે. જે ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# સારા અલી ખાન ફ્રીડમ ફાઇટર ઉષા મહેતાના રોલમાં દેખાશે



કરણ જોહરે ફ્રીડમ ફાઈટર ઉષા મહેતાની બાયોપિક બનાવવાની જાહેરાત કરી હતી. હવે અપડેટ અનુસાર ઉષા મહેતાનો ટાઈટલ રોલ સારા અલી ખાન ભજવવાની છે. કરણની આ ફિલ્મ જોકે થિયેટરમાં નહીં પરંતુ ડાયરેક્ટ ઓટીટી પર રિલીઝ થશે. એ અર્થમાં આ સારા અલી ખાનનું આ ઓટીટી ડેબ્યૂ બની રહેશે.

સારા અલી ખાન અને કાર્તિક આર્યન વચ્ચે અફેર હોવાની વાત કરણ જોહરે બહાર પાડી દીધી હતી તેના લીધે સારા અને કરણના સંબંધો વણસ્યા હોવાનું કહેવાતું હતું. જોકે, હવે બંને વચ્ચે પેચ અપ થઈ ગયાનું આ જાહેરાત પરથી નક્કી થયું છે. 'અય વતન મેરે વતન' ટાઈટલ ધરાવતી આ ફિલ્મમાં સારા અલી ખાન ઉષા મહેતાના રોલમાં ૧૯૪૨ના સ્વાતંત્ય સંગ્રામને પડદા પર સજીવન કરશે. ઉષા મહેતાએ એ આંદોલનમાં સિક્રેટ રેડિયો સર્વિસ ચલાવી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ ફિલ્મ સર્જક કેતન મહેતા પણ ઉષા મહેતા પર બાયોપિક બનાવવાની જાહેરાત કરી ચૂક્યા છે.



# શાહરુખના પુત્ર આર્યન ખાન લેખક તરીકે કરશે ડેબ્યૂ, વર્ષના અંત સુધીમાં શરૂ થશે સીરિઝ

શાહરુખ ખાન અને ગૌરી ખાનના પુત્ર આર્યન ખાન મનોરંજનની દુનિયામાં વેબ સીરિઝના માધ્યમથી એન્ટ્રી કરશે. રિપોર્ટ અનુસાર, આર્યન ખાન જલ્દી જ એક વેબ સીરિઝમાં એક્ટર તરીકે નહીં, પણ લેખક તરીકે પોતાનો ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. જણાવવામાં આવે છે કે 24 વર્ષના આર્યને વેબ સીરિઝની સ્ટોરી લખવાનું કામ પૂરું કરી લીધું છે.



એક રિપોર્ટ અનુસાર, આર્યન ખાનની આ સીરિઝમાં એક્ટર્સની શોધ ચાલી રહી છે. તેમનું લેખનનું કામ પૂરું થઈ ચૂક્યું છે. જણાવવામાં આવે છે કે આર્યન ખાન પોતે જ કાસ્ટિંગ માટે એક્ટર્સની પ્રોફાઈલ્સ તપાસી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, આર્યન ખાન ઈચ્છે છે કે સીરિઝ માટે એવા કલાકારોની પસંદગી કરવામાં આવે કે જે પાત્ર માટે ફિટ બેસતા હોય. આ જ કારણ છે કે આર્યન લેખન બાદ સીરિઝનાં કલાકારોના કાસ્ટિંગનું કામ જોઈ રહ્યા છે. ઘણા કલાકારો આ સીરિઝ માટે ઓડિશન આપી ચૂક્યા છે. ઘણા કલાકારોનાં નામ પર ચર્ચા ચાલી રહી છે. રિપોર્ટ અનુસાર, આ વેબસીરિઝનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં શરૂ થઈ જશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગુજરાતમાં નવ કાર્યાલયો સાથેનો પ્રથમ વિધાનસભા મતવિસ્તાર છે દરિયાપુર...

# ગ્યાસુદ્દીન શેખનો દાવો-દરિયાપુરમાં રોડ-રસ્તા અને કામ ટકાટક, ફરી જીતીશ



ગ્યાસુદ્દીન શેખ

અજય શર્મા | ગુજરાત વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આડે હવે આંગળીના વેઢે ગણાય એટલા દિવસો જ બાકી રહ્યાં છે. 20 ઓક્ટો.ની આસપાસ ચૂંટણીઓ જાહેર થાય તેમ છે. ગુજરાત વંદન દ્વારા અમદાવાદના ધારાસભ્યોની મુલાકાતની એક શ્રેણી શરૂ કરવામાં આવી છે. ગુજરાત ચૂંટણીઓ-2022 નામની આ શ્રેણીમાં આ વખતે કોંગ્રેસના લઘુમતિ સમાજના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખની ખાસ મુલાકાત લઈને તેમની પાંચ વર્ષની કામગીરીના લેખાંજોખાં કરવામાં આવ્યાં હતા. જો કે તેમની સામે હારી ગયેલા ભાજપના ઉમેદવાર અને પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટે પાર્ટીલાઈનનું કારણ દર્શાવીને ગ્યાસુદ્દીનની પાંચ વર્ષની કામગીરી અંગે કાંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

દરિયાપુરના કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગુજરાત વંદન સાથેની ખાસ મુલાકાતમાં છેલ્લા પાંચ વર્ષમાં તેમના વિસ્તારમાં થયેલા વિકાસના કામો વિશે વિગતવાર છણાવટ કરી હતી.

છેલ્લા ત્રણ વખતથી દરિયાપુરના ધારાસભ્ય તરીકે જવાબદારી નિભાવી રહેલા ગ્યાસુદ્દીને જણાવ્યું કે તેમના મતવિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગની સંખ્યા સૌથી વધારે છે. અને એ વર્ગના લોકો માટેના તમામ કામો થયા છે. તેઓ પોતે રોજ લોકોની વચ્ચે જાય છે અને રૂબરૂ તેમની સમસ્યાઓ સાંભળે છે અને તેનો તાત્કાલિક તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે. દરિયાપુર વિધાનસભા મત વિસ્તારની ખાસિયત દર્શાવતા તેઓ ગર્વભેર કહે છે કે આખા અમદાવાદ કે ગુજરાતમાં તેંમનો મત વિસ્તાર એક એવો મત વિસ્તાર છે કે જેમાં પ્રજાના કામો માટે તેમની પાર્ટીના નેતાઓની નવ-નવ ઓફિસો શરૂ કરવામાં આવી છે. જેમા પાંચ કાઉન્સિલરોની ઓફિસોનો પણ સમાવેશ થાય છે...! ધારાસભ્ય

...અનુસંધાન પેજ નં. 6 પર

## કોરોનાના મામલે મુસ્લિમ સમુદાયને બદનામ કરાયા હતા-શેખ

ગ્યાસુદ્દીન શેખે કહ્યું કે કોરોના સમયગાળા દરમિયાન તેમના વિસ્તારમાં લોકો દ્વારા કોરોના ફેલાવવાના ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. આ કાવતરામાં ભાજપના નેતાઓનો હાથ હતો. લોકડાઉન બાદ તબલીગી જમાતના જે લોકો ફસાયા હતા, તેઓએ જાતે જ પોતાને ક્વોરેન્ટાઈન કર્યા હતા. કોરોનામાં તેમણે પોતે હાઈકોર્ટમાં પીઆઈએલ કરી હતી. તેની ગંભીરતા સમજીને હાઈકોર્ટે રાજ્ય સરકારને ફટકાર લગાવી હતી અને તેમની જ અરજી પર ખાનગી હોસ્પિટલોમાં તમામ માટે 25 ટકા બેડ અનામત રાખવાનો નિર્ણય આપવામાં આવ્યો હતો. ગ્યાસુદ્દીને કહ્યું કે હાઈકોર્ટમાં તેમના વકીલ આનંદ યાજ્ઞિક હતા, જેઓ ગુજરાતમાં રાહુલ ગાંધીના માનહાનિના કેસમાં પણ વકીલ છે. જ્યારે આનંદ યાજ્ઞિકે રાહુલજીને આ વિશે કહ્યું, તો રાહુલજીએ પોતે તેમને ફોન કરીને સાચા કોરોના વોરિયર્સ કહ્યા હતા.. કોરોનાના સમયગાળા દરમિયાન તેમની આખી ટીમ 24 કલાક જનતાની સેવામાં કાર્યરત હતી. કોરોનામાં લોકોને અનાજ રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીં લોકડાઉનમાં ફસાયેલા પરપ્રાંતના લોકોને તેમના વતનમાં મોકલવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભાજપ પર ગંભીર આરોપ લગાવતા ગ્યાસુદ્દીને કહ્યું કે ગુજરાત સરકારે કોરોના સમયે ધારાસભ્ય તરીકેની મળવાપાત્ર ફરજિયાત સરકારી વાર્ષિક ગ્રાન્ટ પણ આપી ન હતી.

રાજકીય પ્રહારો કરતાં તેમણે કહ્યું કે ગુજરાતની ગરીબ- પછાત-વંચિત જનતા 30 વર્ષથી અહંકારી પાર્ટી ભાજપનો બોજ ઉઠાવી રહી છે. આ વખતે ગુજરાતની જનતાએ ભાજપને હરાવવાનું મન બનાવી લીધું છે. વર્તમાન ચૂંટણીઓમાં ગુજરાતમાં ભાજપનો સફાયો થઈ જશે.. કોંગ્રેસના સર્વેમાં સ્પષ્ટ થયું છે કે 27 વર્ષ બાદ આ વખતે કોંગ્રેસ 125 બેઠકો સાથે ગાંધીનગરમાં સરકાર બનાવવા જઈ રહી છે.

### ભાજપે મને 20 કરોડની ઓફર કરી હતી

ગ્યાસુદ્દીન શેખે ભાજપ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, ગુજરાતમાં ભાજપ સરકાર દંભી અને દોગલી રાજનીતિ કરે છે. ધારાસભ્યોને ED, CBIથી ડર બતાવે છે. ભાજપના લોકોએ તેમને 20 કરોડ રોકડા, ટિકિટ અને મંત્રી પદની ઓફર પણ કરી હતી. પણ તેમણે પોતાના લોકો સાથે દગો કર્યો નહિ. મારા ઈમાન સાથે કોઈ ખિલવાડ કરી શકે તેમ નથી..

દરિયાપુર બેઠક અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલી છે. 2017માં દરિયાપુરમાં કુલ 50.00 ટકા મતદાન થયું હતું. 2017માં, કોંગ્રેસના શેખ ગ્યાસુદ્દીન હબીબુદ્દીને ભાજપના ભરત બારોટને 6187 મતોથી હરાવ્યા હતા.

# ગ્યાસુદ્દીન ભાજપના કોર્પોરેટરોના કામનો શ્રેય લેવા પહોંચી જાય છે : વોર્ડ પ્રમુખ



મદનભાઈ રાઠોડ

શાહપુર વોર્ડ ભાજપ પ્રમુખ મદનભાઈ રાઠોડે દરિયાપુરના ધારાસભ્યના દાવાની પોલ ખોલતા જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી અહીં કોઈ વિકાસ થયો નથી. દરિયાપુરના ધારાસભ્યો ભાજપના વિકાસના કામોનો શ્રેય લેવા જ પહોંચે છે. કોર્પોરેશને અહીં ડ્રેનેજ લાઈન માટે બે કરોડનું બજેટ પાસ કર્યું હતું. પરંતુ ધારાસભ્ય તેનો શ્રેય લેવા પહોંચી જાય છે. અહીની એક પણ સોસાયટીમાં દૂર દૂર સુધી રોડ બનાવવામાં આવ્યો નથી. તેમના વોર્ડમાં બે કોમ્યુનિટી હોલ છે અને તે પણ ડેપ્યુટી મેયરના કહેવાથી બનાવવામાં આવ્યા છે. જ્યારે ધારાસભ્ય પોતાની ટોળકી સાથે આ ઉદ્ઘાટનમાં પહોંચે છે. તેમણે કહ્યું કે અહીંના ધારાસભ્યો પણ કોર્પોરેટરોનું સન્માન કરવા પહોંચે છે. અહીં પાણી અને ડ્રેનેજની ઘણી સમસ્યા છે. આ સમસ્યાના નિરાકરણ માટે ભાજપના કોર્પોરેટરે 15 કરોડનું બજેટ પાસ કરાવ્યું છે. આ વખતે દરિયાપુરમાં કોંગ્રેસનો સફાયો થશે. અને આ બેઠક પરથી ભાજપનો ભવ્ય વિજય થશે.

દરિયાપુરમાં લગભગ 3 લાખ મતદારો છે. જેમાં 50 ટકા મુસ્લિમ અને 50 ટકા હિંદુ મતદારો છે. ગ્યાસુદ્દીને કોઈ કામ કર્યું નથી તેથી મુસ્લિમ સમાજના લોકો પણ તેમનાથી ખૂબ નારાજ છે. આ વખતે દરિયાપુરમાં લોકોએ ભાજપને મત આપવાનું મન બનાવી લીધું છે. દરિયાપુરમાં આ વખતે હસન લાલા ઓવૈસીની પાર્ટીમાંથી ચૂંટણી લડવાના સમાચાર છે. હસનલાલા મુસ્લિમ સમુદાયમાં સારી પકડ ધરાવે છે. તેથી ભાજપના મતોના ધ્રુવીકરણનો સીધો ફાયદો ભાજપને થયો હોવાનું માનવામાં આવે છે.

## મુસ્લિમો કોંગ્રેસને મત આપવા માટે મજબૂર હતા-મન્સૂરી

દરિયાપુર તંબુ ચોકી પાસે રહેતા નિઝામભાઈ મન્સૂરીએ જણાવ્યું કે ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ માત્ર મુસ્લિમોને પોતાની વોટ બેંક માને છે. જ્યારે સત્ય એ છે કે તેણે મુસ્લિમો માટે કોઈ કામ કર્યું નથી. મુસ્લિમો કોંગ્રેસને મત આપવા માટે મજબૂર હતા. પરંતુ આ વખતે મેમ પાર્ટી પણ સામે છે. આથી કોંગ્રેસની હાર નિશ્ચિત જણાય છે. બીજી તરફ સુફિયાન શેખે કહ્યું કે, અહીં પાર્ટીનો કોઈ નેતા જીતતો નથી પરંતુ તેમનું કામ કોઈ કરતું નથી. રાજકારણીઓ ચૂંટણી વખતે જ મત માંગવા આવે છે અને પછી કોઈ દેખાતું નથી.

### દરિયાપુર મામલે ભાજપની પ્રતિક્રિયા: મૈં ચુપ રહૂંગા...!

- કોંગ્રેસના ધારાસભ્યાના વિકાસના દાવાઓ વચ્ચે ગુજરાત વંદને ભાજપના નેતાઓનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો. જો કે ભાજપના નેતાઓ તરફથી આ અંગે કોઈપણ પ્રકારનો યોગ્ય જવાબ મળ્યો નથી. તેમણે સ્પષ્ટ મનાઈ ફરમાવી દીધી હતી.
- દરિયાપુર વિધાનસભાની સીટ પરથી પરાજીત થયેલા ભાજપના નેતા ભરત બારોટે ટેલિફોનિક વાતચીતમાં ગ્યાસુદ્દીનની કામગીરી મામલે કાંઈ પણ બોલવાનો ઈન્કાર કરીને કહ્યુપં કે, પાર્ટીની ગાઈડલાઈન મુજબ હું કોઈ પ્રતિક્રિયા આપીશ નહીં.
- તેમણે જણાવ્યું હતું કે, પાર્ટીના પ્રવક્તા સિવાય અન્ય કોઈને મીડિયામાં નિવેદનો કરવાની મનાઈ ફરમાવી છે. આ વખતે દરિયાપુર વિધાનસભા બેઠક પર ભાજપ તરફથી ઉમેદવાર તરીકે કૌશિક જૈનનું નામ ચર્ચામાં ચાલી રહ્યું છે, ત્યારે તેમણો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. જો કે તેમણે પણ ઈન્ટરવ્યુ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

### દહેગામ તાલુકાના ધારીસણા ગામના લોકોની વ્યથા

# સેંકડો લોકોની ST બસમાં અવર જવર છતાં એક બાંકડાની પણ સુવિધા નથી!

■ ધારાસભ્ય-સંસદ સભ્યની ગ્રાન્ટમાંથી ગામમાં નાનકડું છતવાળું ST બસસ્ટેન્ડ બની ન શકે!

ગુજરાત | વંદન



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામમાંથી મોટી સંખ્યામાં લોકો ધંધો, રોજગાર, વ્યવસાય અને નોકરી માટે અમદાવાદ, તથા ગાંધીનગર અવર જવર કરે છે. જાહેર પરિવહન સેવાની અસટી બસનો તેવો ઉપયોગ કરે છે. વર્ષોથી એસ.ટી બસો અવર જવર કરતી હોવા છતાં અને સ્થાનિક લોકોની માંગ તેમ છતાં આ જ દીન સુધી એસ.ટી બસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું નથી. એસ.ટી બસ સ્ટેન્ડની વાત તો દુર પરંતુ મુસાફરોને બેસવા માટે એક બાંકડો પણ મુકવામાં આવ્યો નથી. વીવીઆઈપીની વિઝીટમાં બસો ફાળવાય છે, મુસાફરો હેરાન થાય છે. કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ જેના થકી એસ.ટી બસને આવક થાય છે, તે મુસાફરો માટે એક બાંકડાની સુવિધા પણ નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી નથી. તેને લઈને સ્થાનિકોમાં અને મુસાફરોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.

સરકારે ફાઈવ સ્ટાર એસ.ટી બસ મથકો બનાવ્યા છે, જેને એરપોર્ટની જેમ બસપોર્ટ એવું નામ આપવામાં આવ્યું છે. સ્થાનિકોની લાગણી છે કે, એસટી મુખ્ય મથકો ભલે એરપોર્ટ જેવા ઝાકમઝોળ અને ભભકાદાર બનાવ્યા પરંતુ અમારા ગામમાં એસ.ટી બસ સ્ટેન્ડ બનાવે તોય અમારા માટે તે એરપોર્ટ સમાન બની રહેશે. કેમ કે અમારે બસ સ્ટેન્ડના અભાવે ગરમીમાં, ચોમાસામાં, ઠંડીમાં ખુલ્લામાં જાહેર રસ્તા પર ઉભા રહેવું પડે છે.

ગામ લોકોની એવી પણ માંગણી છે કે, જો નિગમની તૈયારી હોય સ્થાનિક ધારાસભ્યના ભંડોળમાંથી કે પછી સંસદસભ્યની ગ્રાન્ટમાંથી સ્ટેન્ડ બનાવવા અમારી રજુઆત છે. અમે અમારા જન પ્રતિનિધીઓ સમક્ષ આ અંગે રજુઆતો કરી છે. ચૂંટણીનો સમય છે તેથી સરકારે તેને ધ્યાનમાં રાખી અમારી આ નાનકડી માંગણી પૂરી

...અનુસંધાન પેજ નં. 6 પર

## ઉ.ગુજરાતથી ભાજપની ગૌરવ યાત્રાનો પ્રારંભ, રૂપાલા-નડ્ડાએ કરાવ્યો પ્રારંભ

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખીને ભાજપ એક્શન મોડમાં આવી ગયું છે. આજથી ભાજપ દ્વારા ગૌરવ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગૌરવ યાત્રા થકી ભાજપે ગુજરાતમાં વિધિવત રીતે પ્રચારની શરૂઆત કરી દીધી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા બહુચરાજી મંદિર પહોંચ્યા હતા. તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલ, ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, નીતિન પટેલ અને રજની પટેલ પણ હાજર છે. બહુચરાજી મંદિરે માતાજીના દર્શન કર્યા પછી વિધિવત રીતે ગૌરવ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, તમામ 182 બેઠકો પર ભાજપની ગૌરવ યાત્રાનું આયોજન કરાયું છે. મતદાતાઓ સાથે નેતાઓના

...અનુસંધાન પેજ નં. 6 પર

/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય
ગુજરાત વંદન

## ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન"
સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર
જાહેર કરવામાં આવે છે.

રૂા.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર
+

એક હજાર રૂપિયા સુધીની ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ
+
જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર

વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટીંગ

૮૨૦, સાકાર-૯, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૯

www.gujaratvandan.com

Secret 7ટીન™
Hair & Nails Studio




### ઈટાલિયા પર ગૃહમંત્રી હર્ષ સંઘવીના પ્રહાર

# 'મંદિરમાં ન જજો, કથામાં ન જતા આ પ્રકારના વીડિયો જોઈ દુઃખ થાય'

ગુજરાત | વંદન



ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ગોપાલ ઈટાલિયાના જૂના વીડિયો વાયરલ થતાં ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાના વાયરલ વીડિયો મુદ્દે ગૃહમંત્રી હર્ષ સંઘવીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, એક પાર્ટીના નેતાના વીડિયો સામે આવી રહ્યા છે. ખૂબ દુઃખ થાય. મંદિર-કથા માટે આ પ્રકારના શબ્દ પ્રયોગ સારા નથી. આવા સંસ્કાર ગુજરાતના નાગરિકોમાં નથી. મંદિરમાં ન જજો, કથામાં ન જતા આ પ્રકારના વીડિયો જોઈ દુઃખ થાય. તેમણે કહ્યું કે, આ પ્રકારની વિચારધારા ન હોવી જોઈએ. લોકોમાં મોટા પાયે રોષ છે. કોઈની આસ્થાને ઠેસ પહોંચાડવાનો કોઈને અધિકાર નથી. આ પ્રકારના બેફામ લવારા કરવા યોગ્ય છે? આ વિચારો

...અનુસંધાન પેજ નં. 6 પર

## Social Media




ગુજરાત ઓપિનિયન પોલ (कुल सीट : 182)

| बीजेपी | काँग्रेस | आप | अन्य |
|---|---|---|---|
| 66-73 | 17-24 | 89-96 | 00-03 |

12:52 · 07 Oct 22 · Twitter for Android
2,121 Retweets 161 Quote Tweets 6,631 Likes

Siddharth Dholakia @SidDholakia · 19h
'ભાજપની 50 સીટો જ આવશે'
'કોંગ્રેસ ગુજરાતમાં 125 સીટો સાથે સરકાર બનાવે છે'
કોંગ્રેસના દિયોદરના ધારાસભ્ય શિવા ભુરિયાએ કર્યો દાવો
સહમત છો 'આપ' આ દાવાથી?

Nayan Patel @nayanpatel_tv · 17h
સિંગતેલ ના ડબ્બા ના ભાવ 3000 નજીક પહોંચી ગયા,
ખેડૂતો ને ભાવ નથી મળતા તેમછતાં તેલના ભાવ આટલા ઉંચા કેમ જતા રહે છે.?
કોણ છે આ વચેટીયાઓ.? 🙄🤔

Divya Ahir @Divyaahirr
હિન્દુ મુસ્લિમ ના મુદ્દા આવી ગયા પણ તમે રોજગાર મોંઘવારી ભષ્ટ્રાચાર ના મુદ્દા પકડી રાખજો

Kapil Mishra @KapilMishra_I... · 22h
कंस हो या हिरण्यकश्यप या रावण , हर राक्षस और दुष्ट ने खुद को भगवान घोषित करने की कोशिश की
गुजरात ने ऐसे बड़े बड़े राक्षसों का संहार होते देखा है

Mukesh khanna @Mukeshk_1 · 23h
ट्रेन मे पास बैठे व्यक्ति से इतना ही पूछा: "क्या आप दिल्ली से हो?"
बंदा भड़क के बोला.. "हां, हूं मैं दिल्ली का ही, मगर इसके आगे कुछ मत कहना, मैंने अकेले ने वोट नहीं दिया था उसको!!"



આરબીઆઇના અહેવાલમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

બેન્ક કૌભાંડોથી છેલ્લા સાત વર્ષમાં ભારતને રોજ ₹100 કરોડનો ફટકો

બેન્ક કૌભાંડોમાં મહારાષ્ટ્ર ટોચ પર પછી દિલ્હી, તેલંગણા, ગુજરાત અને તામિલનાડુનો નંબર

આ પાંચ રાજ્યોમાં બે લાખ કરોડથી વધુનાં બેન્ક કૌભાંડો

બેન્ક ફ્રોડને 8 કેટેગરીમાં વર્ગીકૃત કરાયાં

ધિરાણ પર બેન્કો આંતરિક દેખરેખ રાખે

ક્યા વર્ષમાં કેટલી રકમના ફ્રોડ થયા?

| | |
|---|---|
| 2015-16 | 67,760 કરોડ |
| 2016-17 | 59,966.4 કરોડ |
| પછીના બે વર્ષમાં | 45,000 કરોડ |
| 2019-20 | 27,698.4 કરોડ |
| 2020-21 | 10,699.9 કરોડ |

2021-22માં 9 મહિનામાં 647.9 કરોડ